દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 103 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 May 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨ મે ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**ચૂંટણી ગઈ ને મોંઘવારી માથે પડી**

# કમર્શિયલ ગેસના ભાવમાં ૯૯૩ રૂપિયા વધ્યા

## ▸૧૯ કિલોનું સિલિન્ડર ૩,૦૭૧ રૂપિયાનું ▸ બહાર ખાવાનું હવે મોંઘું પડશે ▸ એટીએફની કિંમતમાં પાંચ ટકાનો વધારો

નવી દિલ્હીઃ કમર્શિયલ લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી)ના ભાવમાં સતત ત્રીજા મહિને વધારો કરવામાં આવ્યો છે અને હવે ૧૯ કિલોના સિલિન્ડરના ભાવમાં ૯૯૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આંતરરરાષ્ટ્રીય ઍરલાઈન્સ માટે એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ(એટીએફ) એટલે કે જેટ ફ્યુઅલના ભાવમાં સરકારે શુક્રવારે પાંચ ટકાનો વધારો કર્યો છે. સતત બીજા મહિને જેટ ફ્યુઅલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

જોકે આ વધારો સ્થાનિક ઍરલાઈન્સને લાગુ નહીં પડે. અગાઉ જેટ ફ્યુઅલનો ભાવ પહેલી એપ્રિલે બમણો કરવામાં આવ્યા હતો. દિલ્હીમાં એટીએફના ભાવ કિલોલિટર દીઠ ૭૬.૫૫ રૂપિયા એટલે કે ૫.૩૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં હવે આ ભાવ એક કિલોલિટર દીઠ ૧,૫૧૧.૮૬ અમેરિકન ડૉલર છે.

પહેલી એપ્રિલે સ્થાનિક ઍરલાઈન માટે ઈંધણનો ભાવ ૨૫ ટકા વધારીને એક કિલોલિટર દીઠ ૧૨,૪૯,૨૭.૧૮ રૂપિયા કરવામાં આવ્યો હતો. પશ્ચિમ એશિયામાં ચાલતી લડાઈને લીધે આખા વિશ્વમાં ઈંધણના ભાવ આસમાને ગયા છે. હૉટેલ અને રેસ્ટોરાં જેવા વેપારી ઉપક્રમો જે ૧૯ કિલોનો કમર્શિયલ સિલિન્ડર વાપરે છે એની કિંમત દિલ્હીમાં ૩,૦૭૧.૫૦ રૂપિયા થઈ છે. અગાઉ એનો ભાવ ૨,૦૭૮.૫૦

(જુઓ પાનું ૨) ▸▸

## હવે પેટ્રોલ, ડીઝલ મોંઘાં થવાનાં

### ટૂંકમાં ભાવવધારો થવાની શક્યતા સરકાર નકારતી નથી

નવી દિલ્હીઃ સરકારી સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું કે નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થવાની શક્યતા નકારી શકાતી નથી, કારણ કે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો થયો હોવા છતાં છૂટક ભાવમાં ચાર વર્ષ જૂના ભાવની સ્થિરતાને કારણે નુકસાન વધી રહ્યું છે.

આ અઠવાડિયે આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલના ભાવ થોડા ઠંડા થયા પછી પ્રતિ બેરલ ૧૨૬ ડોલરની ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર મર્યાદિત રહી હોવાથી અને સ્થગિત શાંતિ વાટાઘાટો વચ્ચે યુએસ અને ઈરાની નેતાઓ વચ્ચે વાટાઘાટો થતાં પ્રતિ બેરલ ૧૧૦ ડોલરથી ઉપર રહ્યા હતા.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો

(જુઓ પાનું ૨) ▸▸

**એનસીબીનું ઑપરેશન વાઈટ સ્ટ્રાઈક**

## ભિવંડી-નવી મુંબઈમાંથી ૧,૭૪૫ કરોડનું ૩૪૯ કિલો કોકેન જપ્ત

### નવી મુંબઈમાં એક વાહન આંતર્યા પછી ભિવંડીના ગોદામમાં રેઈડઃ સૂત્રધારની શોધ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ હાથ ધરેલા ઑપરેશન 'વાઈટ સ્ટ્રાઈક'ને લગભગ છ મહિના બાદ જ્વલંત સફળતા પ્રાપ્ત થઈ હતી. મુંબઈ નજીકના ભિવંડી અને નવી મુંબઈમાંથી અધધધ ૩૪૯ કિલો કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત આશરે ૧,૭૪૫ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. ઑપરેશન દરમિયાન એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બહોળા પ્રમાણમાં ફેલાયેલા આ ઈન્ટરનૅશનલ ડ્રગ સપ્લાય નેટવર્કના સૂત્રધારની શોધ ચલાવાઈ રહી છે. એનસીબીના અધિકારીના કહેવા

(જુઓ પાનું ૨) ▸▸

### અમિત શાહના અભિનંદન

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ મુંબઈમાં ૧,૭૪૫ કરોડ રૂપિયાના ૩૪૯ કિલોગ્રામ હાઇ-ગ્રેડ કોકેઈન જપ્ત કરીને એક મોટી આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ કાર્ટેલનો પર્દાફાશ કર્યો છે. માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એક્સ પર જપ્તીની જાહેરાત કરતા અમિત શાહે કહ્યું કે, અમે નાર્કોટિક્સ કાર્ટેલને નિર્દયતાથી કચડી નાખવા માટે કટિબદ્ધ છીએ. આ એક ઉત્તમ ઉદાહરણ છે જ્યાં એજન્સીએ એક મોટા નેટવર્કને પકડવા માટે નાના કન્સાઇન્મેન્ટને શોધી કાઢ્યું. આ ભવ્ય સફળતા માટે ટીમ એનસીબીને અભિનંદન, એવું તેમણે લખ્યું હતું. ■

## ચાલુ ગાડીએ કપાઈ જશે ટૉલ

### સુરત અને ભરૂચ વચ્ચે શરૂ થયો છે આવો દેશનો સૌપ્રથમ બૅરિયર ફ્રી ટૉલ પ્લાઝા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ હાઈવે પર મુસાફરી સરળ બનાવવા માટે ભારત સરકાર ઘણા પ્રયાસો કરી રહી છે, એવામાં ભારતનું પ્રથમ બૅરિયર ફ્રી ટૉલ પ્લાઝા કાર્યરત કરવામાં આવ્યો છે. મુંબઈ-દિલ્હી નેશનલ હાઈવે (એમએચ૪૮) પર દેશનો પ્રથમ આવા પ્રકારનો ટૉલ પ્લાઝા કાર્યરત થઈ ગયો છે, વાહનોને ટૉલ ચૂકવવા માટે રોકાવાની જરૂર નહીં રહે. દેશભરમાં સંપૂર્ણપણે ઓટોમેટિક ટૉલ પેમેન્ટ તરફ આ પ્રથમ અને મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુરત અને ભરૂચ વચ્ચે કામરેજ-ચોર્યાસી પટ્ટા પર સ્થિત ચોર્યાસી ટૉલ પ્લાઝા બે મહિનાના પરિક્ષણ બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ટૉલ પ્લાઝા પર કોઈ ફિઝિકલ બેરિયર રાખવામાં આવ્યા નથી, જેનાથી ટૉલ પોઈન્ટ પરથી વાહનો ઝડપથી પસાર થઇ શકશે, પરિણામે સમય અને ઇંધણની બચત થશે.

આ ટૉલ પ્લાઝા મલ્ટિ-લેન ફ્રી ફ્લો ટેકનોલોજીને આધારે કામ કરે છે. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા રોડ ટ્રાન્સપોર્ટ અને ટૉલિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાના પ્રયાસો હેઠળ આ સિસ્ટમ વિકસાવવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધ ફરી શરૂ થવાની ઘડીઓ ગણાય છે

### ઈઝરાયલને ૬,૫૦૦ ટન લશ્કરી સરંજામ અમેરિકાએ મોકલાવ્યો

વૉશિંગ્ટનઃ ઈઝરાયલ ઈરાન પર ફરી હુમલો કરવાની તૈયારીમાં હોવાથી હાઈ એલર્ટ પર છે અને એવા નિર્દેશો મળે છે કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઇરાન પર ફરી લસ્કરી કાર્યવાહી કરવાની સમીપ છે, એવો અહેવાલ ઈઝરાયલના ટેલિવિઝને આપ્યો હતો.

આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે વાઈટ્ટ હાઉસમાં અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડના વડા એડમિરલ બ્રેડ કોપરે પ્રમુખ ટ્રમ્પને લશ્ખરી વિકલ્પો અંગે જાણકારી આપી હતી. બીજી બાજુ ઈઝરાયલના અધિકારીઓએ સઘન વિચારવિમર્શ કર્યો હતો અને તેઓ માને છે કે વૉશિંગ્ટન ઇરાન સાથે ફરી યુદ્ધ કરવા તરફ આગળ વધી રહ્યું છે.

ઈઝરાયલના અધિકારીઓ માને છે કે અમેરિકા અને ઇરાન વચ્ચેની વાતચીત આ અઠવાડિયાની શરૂઆતમાં ભાંગી પડશે. અહેવાલમાં ઈઝરાયલના પ્રધાનમંડળના સભ્યોને એમ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે

(જુઓ પાનું ૨) ▸▸

## ઉજ્જૈનના મહાકાલેશ્વરના પરિસરમાં નવું શિવલિંગ મળી આવ્યું

### સિંહસ્થ કુંભમેળાની તૈયારી દરમિયાન ખોદકામ કરતી વખતે આ શોધ થઈ

ઉજ્જેનઃ ક્ષિપ્રા નદીના કિનારે દર બાર વર્ષે એટલે કે હવે ૨૦૨૮માં થનારા સિંહસ્થ કુંભમેળા માટે મહાકાળેશ્વર મંદિરના સંકુલમાં બાંધકામનું કામ ચાલુ હતું ત્યારે ખોદકામ દરમિયાન એક વિશાળ શિવલિંગ મળી આવ્યું હતું. જ્યારે મંદિરના વિસ્તરણ માટે ભારે મશીનરી ખોદકામ કરતી હતી ત્યારે આ શિવલિંગ મળી આવ્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે પ્રીપેઈડ બૂથ એરિયાની નજીક આ શિવલિંગ મળી આવ્યું હતું. આને લીધે સત્તાવાળાઓએ કામ ધીમું કરીને સાવચેતી સાથે આગળ વધવાનો નિર્ણય લીધો છે. શ્રી મહાકાલેશ્વર મંદિરના પૂજારી આકાશ શર્માએ કહ્યું હતું કે ખોદકામ દરમિયાન મંદિરના પરિસરમાં ભસ્મ આરતી ચાલુ હતી ત્યારે શિવલિંગ મળી આવ્યું હતું. ભાવિકો ભસ્મ આરતીના દર્શનને શુકનિયાળ ગણે છે અને તેઓ મળી આવેલા શિવલિંગ પર જળાભિષેક કરવા ભેગા થયા હતા. ભસ્મ આરતી વખતે શિવલિંગ મળી આવતા મંદિરમાં મોટી ભીડ હતી. આ ભીડે નવા શિવલિંગ આગળ આવીને પ્રાર્થના કરી હતી અને જળ ચડાવ્યું હતું. મહાકાલેશ્વર મંદિરના સહાયક વહીવટીકર્તા આશિષ ફલવૈદ્યે કહ્યું હતું કે બાંધકામના કાર્ય કરતી વખતે અમને એક શિવલિંગ મળી આવ્યું હતું આ શિવલિંગ પ્રીપેઈડ બૂથની નજીક ખોદકામ કરતી વખતે મળી આવ્યું હતું. હવે કાર્યની ગતિ ધીમી કરવામાં આવી છે. જો ખોદકામ દરમિયાન બીજી મૂર્તિ મળશે તો જરૂરી પગલાં લેવામાં આવશે અમે સાવચેતીપૂર્વક કામ કરી રહ્યા છીએ. જોઈએ છીએ કે બીજું શું મળે છે. ■



**બુદ્ધમ શરણમ ગચ્છામિઃ** ઉત્તરાખંડના હરિદ્વારમાં હર કી પૌડી ખાતે ગઈ કાલે બૌદ્ધ પૂર્ણિમાના અવસરે હજારો લોકોએ ગંગા નદીમાં પવિત્ર સ્નાન કર્યું હતું. (એજન્સી)

## કેનેડાએ ૩૦ પીઆર અરજી ફીમાં વધારો કર્યો

ઓન્ટેરિયોઃ કેનેડાએ ૩૦ એપ્રિલથી પીઆર અરજી ફીમાં વધારો કર્યો છે. તાજેતરના ફેરફારો ઇમિગ્રેશન કાર્યક્રમોને ભંડોળ પૂરું પાડવા અને સંચાલિત કરવાની રીતમાં વ્યાપક પરિવર્તન દર્શાવે છે. આ વધારો શરૂઆતમાં નાનો લાગે છે, પણ તે સ્થળાંતરની યોજના બનાવી રહેલા હજારો અરજદારોને સીધી અસર કરશે. નવી કેનેડા પરમેનન્ટ રેસિડેન્ટ ફી ૨૦૨૬ ૩૦ એપ્રિલથી અમલમાં આવી હતી, જેના કારણે બહુવિધ ઇમિગ્રેશન શ્રેણીઓમાં સુધારેલા ખર્ચ આવ્યા હતા.

આમાં આર્થિક કાર્યક્રમો, કૌટુંબિક સ્પોન્સરશિપ અને માનવતાવાદી માર્ગોનો સમાવેશ થાય છે. આ સાથે, નાગરિકતા અને કાઢી મૂકવાના ખર્ચ જેવી અન્ય કેનેડા ઇમિગ્રેશન ફી પણ સમાયોજિત કરવામાં આવી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ ફી ફેરફારો પ્રોગ્રામ ખર્ચને આવરી લેવા માટે રચાયેલ નિયમિત અપડેટ્સનો ભાગ છે. ■

## ટ્રમ્પના ગેરકાયદે ટૅરિફની ચુકવણી ૧૧મી મેથી થશે

### ભારતને લગભગ ૧૨ અબજ ડૉલરના રિફન્ડ મળવાની શક્યતા

વોશિંગ્ટનઃ અમેરિકાની કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડમાં ૨૯ એપ્રિલના રોજ દાખલ કરાયેલા આદેશ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્ર ૧૧ મેની આસપાસ સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરકાયદે જાહેર કરાયેલા ટૅરિફ માટે પ્રથમ રિફન્ડ જારી કરવાનું શરૂ કરવાની યોજના ધરાવે છે, એવો અહેવાલ છે. અહેવાલ અનુસાર, અસરગ્રસ્ત આયાત એન્ટ્રીઓનો એક ભાગ પહેલાથી જ ચૂકવણીના તબક્કામાં આગળ વધી ગયો છે. ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ હેઠળ લાદવામાં આવેલા ટૅરિફને આધીન લગભગ ૩ ટકા એન્ટ્રીઓને કોન્સોલિડેટેડ એડમિનિસ્ટ્રેશન એન્ડ પ્રોસેસિંગ ઓફ એન્ટ્રીઝ તરીકે ઓળખાતી નવી સિસ્ટમ દ્વારા ફડચામાં લઈ જવામાં આવી છે અને હવે તે રિફન્ડ તબક્કામાં છે, જેમાં યુએસ ટ્રેઝરી દ્વારા ચુકવણીનો સમાવેશ થાય છે. ફાઇલિંગમાં નોંધાયું છે કે કેપ પ્રક્રિયા હેઠળ ડ્યુટી દૂર કરવા માટે લગભગ ૨૧ ટકા એન્ટ્રીઓ સ્વીકારવામાં આવી છે. ■

## લદાખ સદીઓથી ધર્મની જીવંત ભૂમિ છેઃ અમિત શાહ

લેહ/જમ્મુઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે ૭૫ વર્ષ પછી ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના લદાખમાં પાછા ફરવાને ઐતિહાસિક પુનઃમિલન ગણાવ્યું અને કહ્યું કે આ કેન્દ્રશાસિત પ્રદેશ સદીઓથી બૌદ્ધ જ્ઞાનને સાચવીને અને સંવર્ધન કરીને ''ધર્મની જીવંત ભૂમિ'' રહ્યો છે. આધુનિક સમયમાં બુદ્ધના ઉપદેશોની સુસંગતતા પર ભાર મૂકતા, શાહે કહ્યું કે શાંતિ, કરુણા અને મધ્યમ માર્ગનો સંદેશ ૨,૫૦૦ વર્ષ પહેલાં કરતાં આજે વધુ મહત્ત્વપૂર્ણ છે. લેહના જીવેત્સલ ખાતે તથાગત બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રદર્શન અને ૨૫૬૯મી બુદ્ધ પૂર્ણિમા ઉજવણીનું ઉદઘાટન કર્યા પછી બોલતા શાહે કહ્યું, લદાખ સદીઓથી ધર્મની જીવંત ભૂમિ રહી છે. જ્યારે દલાઈ લામા અહીં આવે છે, ત્યારે તેઓ કહે છે કે આ ભૂમિ ફક્ત ભૌગોલિક ભૂમિ નથી પરંતુ બૌદ્ધ સંસ્કૃતિ અને કરુણાની જીવંત પ્રયોગશાળા છે. લદ્દાખને કરુણાની ભૂમિ ગણાવતા તેમણે કહ્યું કે આ ભૂમિએ જ્ઞાનનું જતન અને સંવર્ધન કર્યું છે.

જ્યારે પણ બૌદ્ધ ધર્મમાં કટોકટીનો સામનો કરવો પડ્યો, ત્યારે આ ભૂમિએ બુદ્ધના ઉપદેશોનું રક્ષણ કરવાનું કામ કર્યું. અને જ્યારે શાંતિ પાછી આવી, ત્યારે તેણે તે સાચવેલ જ્ઞાનને વિસ્તૃત કરવામાં અને આગળ વધારવામાં મદદ કરી, એવું તેમણે ઉમેર્યું હતું. ■

## કાશ્મીરમાં પુલ તૂટી પડતા, ચારનાં મોત

શ્રીનગરઃ જમ્મુના બંતાલાબ વિસ્તારમાં તૈયાર થઈ રહેલા નિર્માણાધિન પુલનો એક ભાગ ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં કુલ ચાર શ્રમિકોના મોત થયા હતા અને બીજા ફસાયેલાઓને બચાવવાના પ્રયાસ ચાલુ છે. કાટમાળની નીચે ફસાયેલા લોકોને બાહર કાઢવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. આ સમગ્ર ઘટના અંગે ભાજપના ધારાસભ્ય શામલાલ શર્માએ કહ્યું હતું કે, આ પૂલ ઘણો જૂનો હતો. એના પાયા જર્જરિત થઈ ગયા હતા. અને પાયાનું કામ ચાલું હતું. આ પૂલના રિનોવેશન માટે ટેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. પાયાને ફરીથી મજબૂત કરવાનું કામ ચાલી રહ્યું હતું. આ માટે વિસ્તારમાં ઘણા સમયથી ખોદકામ ચાલી રહ્યું હતું. ■




**જીવનની શોધઃ** જમ્મુના પાદરમાં નિર્માણાધિન પુલ તૂટી પડતા દટાયેલા લોકોને શોધવાનું અભિયાન શરૂ કરાયું હતું. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કમર્શિયલ એલપીજીનો ભાવવધારો, ભાર અંતે તો કન્યાની કેડ પર

**દેશનાં** રાજ્યોમાં મતદાન પતશે એ સાથે જ દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં વધારો ઝીંકાશે એવી અટકળો ચાલતી હતી. મોદી સરકારે વારંવાર સ્પષ્ટતા કરી છે કે, પેટ્રોલ-ડીઝલ કે રાંધણગેસના ભાવ નથી વધવાના છતાં લોકોને ભાવવધારો ઝીંકાશે જ એવો ફફડાટ છે જ. હવે પછી શું થશે એ ખબર નથી પણ સદનસીબે મોદી સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધારવાની વાતને વળગી રહી છે તેથી સામાન્ય લોકો પર સીધો કોઈ બોજ નથી વધ્યો પણ કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઝીંકાયેલા તોતિંગ વધારાને કારણે આડકતરો બોજ આવી ગયો.

સરકારી ઓઇલ કંપનીઓએ ૧ મે ૨૦૨૬ના રોજની તાત્કાલિક અસરથી ૧૯ કિલો કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૯૯૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. સાથે સાથે પાંચ કિલોવાળા ફ્રી ટ્રેડ એલપીજી એફટીએલ સિલિન્ડરની કિંમતોમાં પણ ૧ મે, ૨૦૨૬થી ૨૬૧ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. પહેલાં કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૨૦૦૦ રૂપિયાની આસપાસ હતી. હવે ૯૯૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો તેથી લગભગ ૫૦ ટકાનો વધારો ઝીંકાયો કહેવાય.

આ વધારાને પગલે દેશભરમાં કમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. ઓઈલ કંપનીઓએ ૧૪.૨ કિલોના ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી કેમ કે બે મહિના પહેલાં જ ઘરેલુ એલપીજીના ભાવ વધારાયા હતા. સાત માર્ચે સરકારે ઘરેલુ એલપીજી એટલે કે રાંધણગેસના ભાવમાં ૬૦ રૂપિયાનો વધારો કરેલો. બે મહિનાના ગાળામાં બીજી વાર ભાવવધારો થાય તો બૂમાબૂમ થઈ જાય તેથી સરકારે રાંધણ ગેસમાં ભાવવધારો ટાળ્યો

પણ કમર્શિયલ એલપીજીના ભાવને મામલે એવી શરમ ના રાખી.

ઓઈલ કંપનીઓએ સાત માર્ચે સરકારે ઘરેલુ એલપીજી એટલે કે રાંધણગેસના ભાવમાં ૬૦ રૂપિયાનો વધારો કર્યો ત્યારે કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૫ રૂપિયાનો મસમોટો વધારો કરેલો. આ વધારાના મહિના કરતાં પણ ઓછા સમયમાં એટલે કે એક એપ્રિલથી અમલી બને એ રીતે ૧૯ કિલોગ્રામના કમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૨૧૮ રૂપિયા સુધીનો વધારો ઝીકી દેવાયેલો. એ વખતે દિલ્હીમાં સિલિન્ડરની કિંમત ૧૯૪ રૂપિયા વધીને ૨૦૭૮ થઈ ગઈ હતી ને હવે ૯૯૩ રૂપિયાના વધારા સાથે દિલ્હીમાં હવે એક સિલિન્ડરની કિંમત સીધી ૩૦૭૧ રૂપિયા થઈ ગઈ છે જ્યારે મુંબઈમાં ૩૦૨૪ રૂપિયા થઈ ગયા છે. દિલ્હીમાં પાંચ કિલોવાળા ‘છોટુ’ ફ્રી ટ્રેડ એલપીજી (એફટીએલ) સિલિન્ડરની કિંમત વધીને ૩૩૯ રૂપિયા થઈ ગઈ છે. બીજાં શહેરોમાં તેની આસપાસ જ ભાવ છે.

બે મહિનાના ગાળામાં જ કમર્શિયલ ગેસના ભાવમાં ત્રીજી વાર થયેલા ભાવવધારા પાછળ અમેરિકા અને ઈરાન યુદ્ધ મુખ્ય કારણ છે તેથી સરકાર પર દોષારોપણ કરી શકાય તેમ નથી. ઈરાને અમેરિકાને જવાબ આપવા માટે હોર્મુઝ સ્ટ્રેઈટને બંધ કરી દીધી હતી ને પોતે ઈચ્છે એ જ જહાજને પસાર થવા દે છે. અમેરિકાએ ઈરાનને ભિડાવવા માટે આ વિસ્તારમાં પોતાનાં યુદ્ધ જહાજો મોકલીને નાકાબંધી કરી દીધી તેમાં ક્રૂડ ઓઈલ લઈને આવતાં સંખ્યાબંધ જહાજો ફસાઈ ગયાં છે. હોર્મુઝ સ્ટ્રેઈટનો રસ્તો બ્લોક થઈ જતાં ભારતનાં પણ ઘણાં જહાજ અટવાયાં છે અને ભારત આવતો કુદરતી ગેસ અને ક્રૂડ ઓઈલનો પુરવઠો ખોરવાયો છે. ભારતમાં વસતી વધારે છે તેથી ક્રૂડ ઓઈલ અને ગેસની જરૂરિયાત વધારે છે.

ઈરાન ને અમેરિકા ઝઘડ્યા કરે તેના કારણે આપણે થોડું જીવવાનું છોડી દેવાય ? આપણા ધંધાપાણી બંધ કરીને થોડા નવરા થઈ જવાય ? સ્વાભાવિક રીતે જ આપણે આપણી જરૂરિયાતને પહોંચી વળવા માટે બીજા રસ્તા શોધીએ જ. આ રસ્તા આપણી સરકારે શોધ્યા છે પણ તેના કારણે પડતર કિંમત વધી ગઈ છે. આ વધારાની પડતર કિંમતનો બોજ ગ્રાહકો પર જ આવવાનો તેથી ઓઈલ કંપનીઓએ ભાવવધારો ઝીંકી દીધો છે.

ઓઈલ કંપનીઓએ દાવો કર્યો છે કે, સામાન્ય લોકો પર બોજ ના આવે એટલા માટે ઘરેલુ રાંધણગેસના ભાવ નથી વધારાયા. ઘરેલુ રાંધણગેસના ભાવ ના વધારાયા તેના કારણે લોકો પર સીધો બોજ ભલે ના આવ્યો પણ કમર્શિયલ ગેસમાં થયેલા ભાવવધારાના કારણે લોકો પર તેની અસર પડવાની જ છે. આ અસર પણ ભારે હશે કેમકે કંપનીઓએ સીધો ૫૦ ટકાનો વધારો ઝીંક્યો છે. કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં થયેલા વધારાની અસર સૌથી વધારે રેસ્ટોરન્ટસ સહિતના ધંધાઓ પર પડશે. ચાવાળા, નાસ્તાની લારીઓ સહિતની ખાણીપીણીની ચીજોના ધંધામાં કમર્શિયલ એલપીજી સિલિન્ડર વપરાય છે તેથી એ લોકો ભાવ વધારશે જ.

અત્યારે દોડધામભરી જિંદગીના કારણે લોકો પાસે ઘરે જમવાનું તો છોડો પણ નાસ્તો કરવાનો સમય પણ હોતો નથી તેથી લોકો બહારથી જ જે મળે એ ખાઈને લાવી લેતાં હોય છે. મોંઘવારી એવી છે કે ઘરમાં બધાં લોકો કમાતાં હોય તો જ બે છેડા માંડ ભેગા થાય તેથી બહારથી ખાવાનું મગાવવાનું ચલણ પણ વધારે છે. આખું અઠવાડિયું કામ કર્યું હોય એટલે રજાના દિવસે બહાર જમવા જવાનું ચલણ પણ વધ્યું છે. ખાણીપીણીની ચીજોના ભાવ વધશે તેથી અંતે તો તેમનાં ખિસ્સાં પર જ કાતર ફરી વળવાની છે ને તેમના પર જ આર્થિક બોજ વધવાનો છે.

‘છોટુ’ એટલે કે પાંચ કિલોના મિની સિલિન્ડરના ભાવવધારાથી તો મજૂરોને અને ચાવાળા સહિતના નાના ધંધાવાળાને સૌથી વધુ અસર થશે. કામ કરવા માટે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરતા મજૂરોને રાંધવા માટે પાંચ કિલોના સિલિન્ડરનો જ આશરો હોય છે. તેના ભાવ વધી જતાં આ મજૂરોની હાલત ખરાબ થઈ જશે. એ જ રીતે નાના ધંધાવાળાઓએ પણ ભાવ વધારવા પડશે ને તેની અસર પણ સમાજના નીચલા વર્ગ પર પડશે કેમ કે એ લારીઓ કે ઠેલામાં મળતું સસ્તા ભાવનું ખાવાનું મોટા ભાગે એ લોકો જ ખરીદતા હોય છે.

અત્યારે સ્થિતિ ખરાબ છે ને અનિશ્ચિતતા પણ છે તેથી ક્રૂડ કે ગેસનો પુરવઠો ક્યારે સામાન્ય થશે એ ખબર નથી. અમેરિકા અને ઈરાને હમણાં યુદ્ધવિરામ સ્વીકાર્યો છે તેથી યુદ્ધ બંધ છે પણ હોર્મુઝ સ્ટ્રેઈટનું કોકડું તો ગૂંચવાયેલું જ છે તેથી જહાજો તો હજુ પણ નથી આવી શકતાં. આ સંજોગોમાં હજુ બીજા આંચકા પણ આવી શકે છે. આપણે પ્રાર્થના કરવી જોઈએ કે, અમેરિકા અને ઈરાન વચ્ચે સંધિ થઈ જાય ને હોર્મુઝ સ્ટ્રેઈટમાંથી પહેલાંની જેમ જહાજો નિર્વિઘ્ને અવરજવર કરવા માંડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શનિવાર, તા. ૨-૫-૨૦૨૬, વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૨, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧૧મો જિલ્કાદ,સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા
- ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૭ સુધી (તા. ૩), પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સાંજે ક. ૧૮-૫૫,
- ઓટઃ બપોરે ક. ૧૨-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૬ (તા. ૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – પ્રતિપદા. વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૭, ઈષ્ટિ, નારદ જયંતી
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, શનિ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્ર-અગ્નિદેવતાનું પૂજન, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, ધાન્ય ઘરે લાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ ભાઈઓમાં સંપ રહે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (સૂર્યોદય પહેલા પૂર્વમાં દેખાશે) માર્ગી બુધ-મેષ (બુધ અસ્ત), માર્ગી ગુરુ-મિથુન(પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી દેખાશે), શુક્ર-વૃષભ (શુક્ર સૂર્યાસ્ત પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ સૂર્યોદય પહેલા દેખાશે) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# એપ્રિલમાં જીએસટી કલેક્શન વધીને ૨.૪૩ લાખ કરોડની વિક્રમી સપાટીએ

નવી દિલ્હી : સરકારી આંકડા દર્શાવે છે કે આયાત-આધારિત આવકમાં સ્થાનિક વ્યવહારો કરતાં વૃદ્ધિ થતાં એપ્રિલમાં કુલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન ૮.૭ ટકા વધીને ૨.૪૩ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચ્યું.

ગયા વર્ષે એપ્રિલમાં સેન્ટ્રલ જીએસટી, સ્ટેટ જીએસટી અને ઇન્ટિગ્રેટેડ જીએસટીમાંથી અગાઉનું સર્વકાલીન ઉચ્ચ કલેક્શન ૨.૨૩ લાખ કરોડ રૂપિયાથી વધુ નોંધાયુ હતુ.

સ્થાનિક વ્યવહારોમાંથી કુલ આવક ૪.૩ ટકા વધીને ૧.૮૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ હતી, જ્યારે એપ્રિલ ૨૦૨૬માં આયાતમાંથી જીએસટી કલેક્શન ૨૫.૮ ટકા વધીને ૫૭,૫૮૦ કરોડ રૂપિયા થયું હતું. એપ્રિલમાં કુલ સીજીએસટી અને એસજીએસટી કલેક્શન અનુક્રમે ૫૨,૧૪૦ કરોડ રૂપિયા અને ૬૧,૩૩૧ કરોડ રૂપિયા થયું હતું. મહિના દરમિયાન આઇજીએસટી કલેક્શન ૧.૨૯ લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું.

એપ્રિલ દરમિયાન રિફંડ ૧૯.૩ ટકા વધીને ૩૧,૭૯૩ કરોડ રૂપિયા થયું હતું.

રિફંડને સમાયોજિત કર્યા પછી, ચોખ્ખી ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન ૭.૩ ટકા વધીને લગભગ ૨.૧૧ લાખ કરોડ રૂપિયા થયું.

# બંગાળમાં ૧૫ મતદાર મથકમાં ફેરમતદાનઃ રાજ્યમાં મતદાન પછી ઠેર ઠેર હિંસા

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના ૧૫ મતદારમથકોમાં ફેરમતદાનનો આદેશ આપ્યો છે. બીજા તબક્કાની ચૂંટણી ૨૯ એપ્રિલે યોજાઈ હતી. બીજી બાજુ પશ્ચિમ બંગાળના વિવિધ જિલ્લામાંથી મતદાન પછી હિંસા થવાના અહેવાલો મળ્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ૨૪ પરગણા, માલદા અને નોર્થ ૨૪ પરગણામાં હિંસા થઈ હતી. ચૂંટણી પંચે બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખીને કહ્યું હતું કે રાજ્યની ચૂંટણી યંત્રણા તરફથી મળેલી માહિતીના આધારે ફેરમતદાનનો આદેશ દેવામાં આવ્યો છે. મતદાન સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી યોજાશે. માગરાહત પશ્ચિમના ૧૧ પોલિંગ બૂથમાં અને ડયમન્ડ હાર્બરના ચાર બૂથમાં ફરી મતદાનનો આદેશ આપવામાં આવ્યો હતો. હાલની રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં પહેલી વાર ફેરમતદાનનો આદેશ આપવામાં આવ્યો હતો. બંગાળના પ્રથમ તક્કામાં કોઈ ફેરમતદાન થયું નહોતું. (એજન્સી)

# જબલપુર ક્રૂઝ દુર્ઘટનામાં મરણાંક નવ, છ હજી ગુમ

જબલપુરઃ મધ્ય પ્રદેશના જબલપુરમાં બર્ગી ડેમ ખાતે ગુરુવારે સર્જાયેલા ગમખ્વાર ક્રૂઝ અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ કરુણ ઘટનામાં અત્યાર સુધીમાં નવ લોકોના મૃત્યુ થયા હોવાની માહિતી સામે આવી રહી છે. હજી છ જણ ગુમ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અત્યાર સુધી ૨૮ જણને બચાવી લેવાયા છે અને લશ્કર, એનડીઆરએફ તથા એસડીઆરએફની ટીમ કાર્યરત છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ક્રૂઝ પહેલેથી જ ડોલવા લાગી હતી, પરંતુ તેમ છતાં ચાલકે તેને તરત જ કિનારે લાવવાનો પ્રયાસ કર્યો નહીં, જે અકસ્માતનું કારણ બન્યું હતું. એક પરિવારના ૧૫ લોકો સવાર હતા

આયુધ નિર્માણી ખમરિયાના અ૩ સેક્શનમાં કાર્યરત કર્મચારી કામરાજ આર્ય પરિવારના ૧૫ લોકો સાથે ફરવા ગયા હતા. કામરાજના માતા-પિતા પણ સાથે હતા, પરંતુ તેઓ ડેમના કિનારે બેઠા હતા. કામરાજ સાથે તેમની પત્ની, ભાભી અને બાળકો ક્રુઝમાં ફરવા ગયા હતા. કામરાજ મૂળ કર્ણાટકના રહેવાસી છે.

આ ક્રૂઝ દુર્ઘટનામાં મુખ્ય પ્રધાન ડો. મોહન યાદવે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. તેમણે પીડિતો અને તેમના પરિવારજનોને શક્ય તમામ મદદની ખાતરી આપી છે. રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારજનોને ચાર-ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

# સીએમ દારૂ ઢીંચીને આવ્યાના આક્ષેપ સાથે પંજાબની વિધાનસભામાં દેકારો

ચંડીગઢઃ પંજાબ વિધાનસભામાં ગઈ કાલે મજૂર દિવસ નિમિત્તે આયોજિત વિશેષ સત્રમાં હોબાળો મચ્યો હતો અને વિપક્ષે આરોપ લગાવ્યો કે મુખ્ય પ્રધાન ભગવંત માન દારૂ પીધેલી હાલતમાં ગૃહમાં આવ્યા છે. વિપક્ષના વિધાન સભ્યોએ ભગવંત માનનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરવવાની માગ કરી.

વિધાનસભાની કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે કોંગ્રેસના એક વિધાનસભ્યએ દાવો કર્યો કે મુખ્ય પ્રધાન ભગવંત માન દારૂ પીને વિધાનસભા ગૃહમાં હાજર થયા છે. ત્યારબાદ હોબાળો મચી ગયો, વિપક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાએ તમામ વિધાનસભ્યોનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરાવવાની માગ કરી.

તેમણે કહ્યું હતું કે “રાજ્યના વડા” સામે ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે, આથી સત્ય સાબિત કરવા માટે દરેક વિધાનસભ્યનો ટેસ્ટ કરાવવો જોઈએ.

શિરોમણી અકાલી દળે પણ મુખ્ય પ્રધાન આરોપ લગાવ્યા. પક્ષે વિધાનસભા કાર્યવાહીના વીડિયો શેર કર્યા અને ગંભીર આરોપો લગાવ્યા. પાર્ટીએ કહ્યું કે મજૂર દિવસ પર મુખ્ય પ્રધાન દારૂ પીને વિધાનસભામાં આવે એ ખૂબ જ શરમજનક છે. અકાલી દળે માગ કરી કે ભગવંત માનનો ડોપ ટેસ્ટ કરાવવામાં આવે, જેથી સત્ય બહાર આવે. માને કહ્યું કે આ ખાસ સત્ર મજૂર દિવસ માટે બોલાવવામાં આવ્યું છે.



**પૂજા-પ્રણાલીઃ**
ઝારખંડના રાંચીમાં માન્ડા પૂજા નિમિત્તે ગઈ કાલે મંદિરના પરિસરમાં લાકડી સાથે જમીન પર સૂઈને વિધિ કરી રહેલા લોકો. (એજન્સી)

# પવન ખેડાને મળી રાહતઃ સુપ્રીમ કોર્ટે આગોતરા જામીન આપ્યા

નવી દિલ્હીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વ સરમાની પત્ની રિંકી ભુયાન સરમા બદનક્ષી કેસમાં સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને નેતા પવન ખેડાને રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે ખેડાના આગોતરા જામીન મંજૂર કર્યા છે. સુપ્રીમ કોર્ટે પવન ખેડાને તપાસમાં સહકાર આપવા અને સમન્સ પાઠવવામાં આવે ત્યારે પૂછપરછ માટે હાજર રહેવા, તેમજ પુરાવાઓ સાથે છેડછાડનો પ્રયાસ ન કરવા નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પવન ખેડાને પરવાનગી વિના દેશ છોડવાની મનાઈ ફરમાવી. સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને એ.એસ. ચાંદુરકરની બેન્ચે કહ્યું કે પ્રથમ દૃષ્ટિએ આ આરોપો અને પ્રતિ-આરોપો રાજકીય રીતે પ્રેરિત લાગી રહ્યા છે. કોર્ટે કહ્યું કે આવા સંજોગોમાં, આરોપીને પૂછપરછ માટે કસ્ટડીમાં લેવાની કોઈ જરૂર નથી.

આદેશમાં કોર્ટે કહ્યું કે, વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર એક મૂળભૂત અધિકાર છે. કોઈને આ અધિકારથી વંચિત રાખવા માટે વાજબી કારણો હોવા જોઈએ, ખાસ કરીને ત્યારે જ્યારે આસપાસના સંજોગો રાજકીય પ્રભાવ હેઠળ હોય. બેન્ચે કહ્યું, ઉપરોક્ત વિચારણાઓને ધ્યાનમાં રાખીને, અમારું માનવું છે કે ન્યાયી તપાસ સુનિશ્ચિત કરવામાં રાજ્યના હિત અને વ્યક્તિના મૂળભૂત વચ્ચે કાળજીપૂર્વક સંતુલન જાળવવાઈ રહે એ રીતે આ આગોતરા જામીન માટેની અરજીનો નિર્ણય લેવો જોઈએ.

## પહેલા પાનાનું ચાલુ

### કમર્શિયલ ગૅસના

રૂપિયા હતો. પહેલી એપ્રિલે વાણિજ્ય હેતુ માટે વપરાતા સિલિન્ડરનો ભાવ ૧૯૫.૫૦ રૂપિયા વધારવામાં આવ્યો હતો. એના પહેલાં પહેલી માર્ચે ૧૯ કિલોના સિલિન્ડરના ભાવમાં ૧૧૪.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્રણ ભાવવધારાને લીધે સિલિન્ડરની કિંમત ૧,૩૦૩ રૂપિયા વધી છે. ઘરોમાં વપરાતા રાંધણગૅસના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. રાંધણગૅસનો ભાવ છેલ્લે સાત માર્ચે ૬૦ રૂપિયા વધારવામાં આવ્યો હતો. દિલ્હીમાં રાંધણગૅસનો ૧૪.૨ કિલોનો સિલિન્ડર ૯૧૩ રૂપિયામાં પડે છે. સરકારી માલિકીની ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ દર મહિનાના પહેલા દિવસે આંતરરાષ્ટ્રીય માપદંડ અને વિનિમયના દરના આધારે એટીએફ અને એલપીજીના ભાવમાં સુધારો કરે છે. આખા વિશ્વમાં તેલનો ભાવ પશ્ચિમ એશિયામાં યુદ્ધ થયું ત્યાર બાદ ૫૦ ટકા વધી ગયા છે. કૉંગ્રેસે કમર્શિયલ એલપીજીના ભાવમાં વધારાની ટીકા કરી છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે આ ઈલેકશન બિલ છે અને હવે સરકાર પેટ્રોલ અને ડીઝલ પર ત્રાટકશે. મેં અગાઉ જ ચેતવણી આપી હતી કે ચૂંટણી પછી ફુગાવામાં મોટો ઉછાળો આવશે. (એજન્સી)

### હવે પેટ્રોલ

થવાની શક્યતા નકારી શકાતી નથી.

આજે શરૂઆતમાં, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને ઉદ્યોગ વતી નિવેદન આપતા જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ઉર્જા ખર્ચમાં વધારો થવા છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવ તેમજ સ્થાનિક એલપીજીના ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો નથી. સરકારી તેલ કંપનીઓએ ખર્ચને અનુરૂપ વાણિજ્યિક એલપીજી, ઔદ્યોગિક ડીઝલ, પાંચ કિલો એલપીજી અને જેટ ઇંધણના ભાવમાં વધારો કર્યો છે.

પશ્ચિમ બંગાળમાં ૨૯ એપ્રિલે વિધાનસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયા પછી વિશ્લેષકોએ અગાઉ પ્રતિ લિટર ૨૫-૨૮ રૂપિયાના ભાવ વધારાની શક્યતા દર્શાવી હતી.

ગયા અઠવાડિયે, તેલ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ એક ન્યૂઝ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે સરકારી માલિકીની ઇંધણ કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લિટર ૨૦ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર ૧૦૦ રૂપિયાનું નુકસાન કરી રહી છે. વૈશ્વિક તેલના ભાવમાં વધારો થવા છતાં પંપના ભાવ લગભગ ચાર વર્ષથી સ્થિર રહ્યા છે, છતાં ભાવ વધારવાની કોઈ યોજના નથી, એમ તેમણે કહ્યું હતું. ગયા વર્ષે ક્રૂડ ઓઇલનો ભાવ પ્રતિ બેરલ ૭૦ ડોલર હતો, જે આ મહિને સરેરાશ ૧૧૪ ડોલરથી વધુ રહ્યો છે. એપ્રિલ ૨૦૨૨ની શરૂઆતથી પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ સ્થિર રહ્યા છે - એક એવો સમયગાળો જે દરમિયાન કેટલાક મહિનામાં તેલના ભાવ વધ્યા અને કેટલાક સમયે ઘટ્યા. જ્યારે ભાવ ઘટ્યા, ત્યારે સરકારી માલિકીની તેલ કંપનીઓએ ખૂબ નફો કર્યો, જેનો ઉપયોગ તેઓ ભાવ વધતા નુકસાનને ભરપાઈ કરવા માટે કરતા હતા.

### ભિવંડી-નવી મુંબઈમાંથી

મુજબ ભારતમાં દર વર્ષે માત્ર ૨૦૦થી ૩૦૦ કિલો કોકેન જપ્ત કરવામાં આવે છે, પરંતુ આ ઑપરેશન વાઈટ સ્ટ્રાઈક હેઠળ એક જ સમયે ૩૪૯ કિલો કોકેન હસ્તગત કરાયું હતું. આ રૅકેટના સૂત્રધાર સહિત હેન્ડલર્સ, ફાઈનાન્સર અને કોકેન જ્યાં પહોંચાડવાનું હતું તેની માહિતી મેળવવામાં આવી રહી છે.

કહેવાય છે કે છ મહિના પહેલાંથી આ ઑપરેશનની શરૂઆત થઈ હતી. ડ્રગ્સનું મોટું કન્સાઈન્મેન્ટ ભારત આવ્યું હોવાની માહિતી એનસીબીને મળી હતી. માહિતીને આધારે સેન્ટ્રલ એજન્સીએ તપાસ હાથ ધરી હતી. એનસીબીની અનેક ટીમો આ કન્સાઈન્મેન્ટની વિગતો પ્રાપ્ત કરવા અલગ અલગ દિશામાં તપાસ કરી રહી હતી.

આધારભૂત માહિતીને આધારે અધિકારીઓએ નવી મુંબઈના કળંબોલી ખાતેના કેડબ્લ્યુસી વેરહાઉસ કૉમ્પ્લેક્સ નજીક રજિસ્ટ્રેશન નંબર એમએચ-૦૩-ડીવી-૩૮૦૩ના એક વાહનને આંતર્યું હતું. વાહનમાં તરત નજરે ન પડે તે રીતે કોકેન સંતાડવામાં આવ્યું હતું.

વાહનમાંનાં કાર્ટનની તપાસ કરતાં કોકેનનાં ૧૩૬ પૅકેટ્સ મળી આવ્યાં હતાં. ઘટનાસ્થળે જ તપાસ કરતાં પૅકેટ્સમાં કોકેન હોવાની ખાતરી થઈ હતી. દરેક પૅકેટ્સમાં એક-એક કિલો કોકેન ભરવામાં આવ્યું હતું. વાહન સાથે પકડાયેલા શકમંદની આકરી પૂછપરછ કરવામાં આવતાં તેણે ભિવંડીના ગોદામની જાણકારી આપી હતી. ભિવંડના રેહનલ ગાંવ ખાતેના લક્ષ્મણ કમ્પાઉન્ડમાં આવેલા આ ગોદામ પર એનસીબીએ રેઈડ કરી હતી. ગોદામમાં પડેલી એક મશીન શંકાસ્પદ જણાતાં અધિકારીઓએ બારીકાઈથી તેની ચકાસણી કરી હતી. કહેવાય છે કે મશીનની કૅવિટી (બખોલ)માં કોકેઈનનાં પૅકેટ્સ સંતાડવામાં આવ્યાં હતાં. મશીનમાંથી એક-એક કિલો કોકેન ભરેલાં ૨૧૩ પૅકેટ્સ જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ ઑપરેશન દરમિયાન જપ્ત કરાયેલાં કોકેનની કિંમત ૧,૭૪૫ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ કન્સાઈન્મેન્ટ અંગે એનસીબી દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### યુદ્ધ ફરી

હોર્મુઝની સામુદ્રધુનીની અમેરિકાની નાકાબંધી સાથે અમેરિકા ઈરાનની તેલ અને ગૅસની સુવિધા પર ત્રાટકીને ઇરાન પર દબાણ લાવવા માગે છે. અમેરિકાથી બે કાર્ગો શિપ અને અનેક પ્લેન ૬,૫૦૦ ટનના લશ્કરી ઉપકરણો લઈને આવ્યા હતા. છેલ્લા કેટલાંયે દિવસો પહેલાં ઈઝરાયલને અમેરિકાએ લાઈટ આર્મ્ડ યુટિસિટી વેહિકલ અને દારૂગોળો આપ્યો છે. આ ઉપકરણો ટ્રકમાં ભરીને દેશના વિવિધ લશ્કરી મથકોમાં લઈ જવામાં આવ્યા છે. હથિયારો અને દારૂગોળાની પ્રાપ્તિને સઘન બનાવાશે.

૨૮ ફેબ્રુઆરીથી યુદ્ધ શરૂ થયું ત્યાર બાદ ઈઝરાયલને ૪૦૩ ફ્લાઈટ અને વીસ જહાજોમાં ૧,૧૫,૬૦૦ ટન ના લશ્કરી ઉપકરણ અપાયા છે. દરમિયાન ટ્રમ્પે કહ્યું છે કે અમારો હવાઈહુમલો ફરી શરૂ કરવાનો ઈરાદો નથી. અમારે એની જરૂર નથી. ઈરાન ડીલ કરવા મરણિયું થયું છે. યુદ્ધ માટે સંસદની પરવાનગી ન લેવી પડે એ માટે ટ્રમ્પ વહીવટીતંત્રે એવી દલીલ કરી છે કે ઈરાન સાથેનું યુદ્ધ ક્યારનું ખતમ થઈ ગયુ છે અને આથી યુદ્ધ ફરી શરૂ કરવા સંસદના પરવાનગીની જરૂર નથી. ૧૯૭૩ના કાયદા પ્રમાણે યુદ્ધ ૬૦ દિવસથી વધારે ચાલે તો પ્રમુખે એને લંબાવવા સંસદની પરવાનગી લેવાની જરૂર છે.

### ચાલુ ગાડીએ

આવી છે. આ ટૉલ પ્લાઝાની સફળતાને આધારે ભારત સરકાર ૨૦૨૬ ના અંત સુધીમાં દેશભરમાં ૧,૦૫૦ થી વધુ ટૉલ પ્લાઝા પર એઆઈ-આધારિત બૅરિયર ફ્રી ટૉલ પ્લાઝા સિસ્ટમમાં લાગુ કરશે. ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન ટેકનોલોજી અને ફાસ્ટેગ દ્વારા હાઈ-વે પરથી પસાર થતાં વાહનો પસારથી ઓટોમેટિક ટૉલ વસૂલવામાં આવશે. ટૉલ પ્લાઝાના ઓવરહેડ ગેન્ટ્રી પર લગાવેલા હાઇ-રિઝોલ્યુશન કેમેરા વાહન નંબર પ્લેટ સ્કેન કરે છે, ત્યાર બાદ આરએફઆઈડી સેન્સર ફાસ્ટેગ ડીટેઈલ્સ રીડ કરે છે, જેનાથી કોઈપણ માનવીય હસ્તક્ષેપ વિના બેંક ફાસ્ટેગ સાથે જોડાયેલા બેંક ખાતાઓમાંથી ટોલની રકમ કપાઈ જાય છે.

# એટીએફ મોંઘું થતા હજયાત્રાના વિમાન ભાડાંમાં ૧૦,૦૦૦નો વધારો

નવી દિલ્હીઃ લઘુમતી બાબતોના મંત્રાલય હેઠળની હજ સમિતિએ હજ માટેના વિમાન ભાડામાં ૧૦,૦૦૦ રૂપિયા નો વધારો કર્યો છે, જેને કારણે યાત્રાળુઓમાં રોષ ફેલાયો છે, વિપક્ષ તરફથી આ ભાવ વધારો પાછો ખેંચવાની માંગ કરવામાં આવી છે. હજ સમિતિના જણાવ્યા મુજબ પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જેને કારણે આ ભાવ વધારો કરવાની ફરજ પડી છે.

નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીએ યુએસ અને ઇઝરાયલે ઈરાન હુમલા શરુ કર્યા બાદ વૈશ્વિક સ્તરે એટીએફના ભાવ બમણા થઈ ગયા છે. એરલાઇનના ઓપરેશન કોસ્ટના ૩૦-૪૦ ટકા માત્ર એટીએફનો ખર્ચ હોય છે. એટીએફના ભાવમાં આ વધારાથી ઘણી એરલાઇન્સની ઓપરેશનલ કોસ્ટમાં ભારે વધરો નોંધાયો છે.

હજ સમિતિએ એક પરિપત્ર બજાર પાડીને જણાવ્યું હતું કે, સુધારેલા હવાઈ ભાડાંમાં મુજબ યાત્રાળુએ કોઈપણ સ્થળ પર જવા માટે પ્રતિ વ્યક્તિ ૧૦૦ ડોલરની વધારાની રકમ ચૂકવવાની રહેશે.

સમિતિએ જણાવ્યું કે યાત્રાળુઓએ ૧૫ મે સુધીમાં ડિફરન્શિયલ એર ફેર પેટે ૧૦,૦૦૦ રૂપિયા જમા કરાવવા પડશે.

# ગ્રામીણ અર્થતંત્ર અને રોજગારી માટે ઉકાઈ કેચમેન્ટ વિસ્તારના પ્રવાસન વિકાસ માટે ₹ ૧૨૫ કરોડની જોગવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા ઉકાઇના કેચમેન્ટ વિસ્તારમાં પ્રવાસનનો વિકાસ કરી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે રૂપિયા ૧૨૫ કરોડની રકમની જોગવાઇ કરવામાં આવી છે એમ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક તેમજ પ્રવાસન રાજ્ય પ્રધાન ડો. જયરામ ગામીતે જણાવ્યું હતું. ઓરો યુનિવર્સિટી ખાતે યોજાયેલા વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન આયોજિત ''રૂરલ, ટ્રાઈબલ એન્ડ વેડિંગ ટુરિઝમ'' વિષયક સેમિનારમાં ઉપસ્થિત મેદનીને સંબોધતા મંત્રી ગામીતે ગ્રામીણ વિસ્તારમાં રોજગારીનું સર્જન કરવા માટે પ્રવાસન વિભાગ મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે એમ છે એમ કહી તેમણે રાજ્ય સરકાર દ્વારા સાપુતારા સહિત રાજ્યમાં આવેલા મહત્ત્વના પ્રવાસન સ્થળોએ પ્રવાસન વિકાસ માટે કરવામાં આવેલી કામગીરી અંગે વિગતે છણાવટ કરી હતી.

વધુમાં તેમણે ગ્રામીણ વિસ્તારમાં તેમ જ આદિવાસી વિસ્તારમાં પ્રવાસનના વિકાસ થકી ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે એમ કહી તેમણે ગ્રામીણ વિસ્તારમાં પ્રવાસનના વિકાસ થકી રોજગારીનું સર્જન કરવામાં ખૂબ મદદ મળશે એમ કહ્યું હતું. પ્રવાસનના વિકાસથી ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં રોજગાર અને સ્વરોજગાર થકી ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થશે. ગ્રામીણ વિસ્તારમાં ઉત્પાદિત ખેતપેદાશો, હાથ બનાવટની વસ્તુઓ, ટ્રાઈબલ કલ્ચર, ટ્રાઈબલ ટ્રેડિશનનો પણ વ્યાપક પ્રચાર પ્રસાર થતાં પ્રવાસનને વેગ મળશે, જેનાથી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત થતા સાચા અર્થમાં આત્મનિર્ભર ભારતની વિભાવના સાકાર કરી શકાશે તેમ જણાવ્યું હતું.

ગુજરાતના આદિવાસી વિસ્તાર, દરિયા કિનારો, વર્લ્ડ ક્લાસ રિસોર્ટ, રણવિસ્તાર પ્રવાસનના વિકાસ માટે અમાપ શક્યતા ધરાવે છે જેનાથી ડેસ્ટિનેશન વેડિંગ ટૂરિઝમને વેગ મળશે એમ જણાવ્યું હતું. પ્રવાસન વિભાગના એચ.એમ. સોલંકીએ ગુજરાતમાં પ્રવાસન, જી.ડી.પી.માં પ્રવાસન વિભાગનો ફાળો, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં પ્રવાસન વિકાસની તકો અને પ્રવાસન વિકાસથી રોજગાર સર્જન અને અર્થતંત્ર ફાળા અંગે વિગતે જાણકારી આપી હતી.

# કચ્છમાં હાઈ-અલર્ટઃ દાયકા બાદ જન્મેલું ઘોરાડનું બચ્ચું ગુમ, સર્ચ ઑપરેશન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અબડાસાના ઘાસિયા મેદાનોમાં લગભગ એક દાયકાના લાંબા અંતરાલ બાદ જન્મેલું અતિ દુર્લભ 'ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ' (ઘોરાડ)નું બચ્ચું છેલ્લા ચાર-પાંચ દિવસથી ભેદી સંજોગોમાં ગુમ થતાં વનવિભાગમાં દોડધામ મચી ગઈ હતી. વનવિભાગના એક અધિકારીના જણાવ્યા અનુસાર, ગત ૧૮મી એપ્રિલ આસપાસ આશરે એક મહિનાનું થયેલું આ બચ્ચું ટૂંકી ઉડાન ભરતા શીખી ગયું હતું. જોકે, છેલ્લા ચાર-પાંચ દિવસથી તેની કોઈ ભાળ મળી નથી. આશંકા સેવાઈ રહી છે કે બચ્ચું કોઈ હિંસક પ્રાણીનો શિકાર બન્યું હોય અથવા કુદરતી કારણોસર તેનું મૃત્યુ થયું હોય. જોકે, અધિકારીઓ હજુ આ બાબતે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી રહ્યા નથી. હજુ પણ બચ્ચું જીવિત હોવાની આશા સાથે શોધખોળ જારી રાખવામાં આવી છે. કચ્છ વનવિભાગના એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા પ્રમાણે, બચ્ચાને શોધવા માટે વ્યાપક વિસ્તારમાં સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું, પરંતુ ભૌગોલિક પરિસ્થિતિ અને વિશાળ વિસ્તારને કારણે કામગીરીમાં પડકારો આવી રહ્યા છે. ગુજરાતમાં માત્ર એક જ માદા ઘોરાડ બચી હોવાથી કુદરતી સંવર્ધન અત્યંત મુશ્કેલ હતું. આથી 'જમ્પ-સ્ટાર્ટ' કન્ઝર્વેશન ટેકનિક હેઠળ રાજસ્થાનથી આશરે ૭૭૦ કિલોમીટરનું અંતર કાપી પોર્ટેબલ ઇન્ક્યુબેટરમાં ઇંડું નલિયા ખાતે લાવવામાં આવ્યું હતું. ૨૨ માર્ચના રોજ બચ્ચાનાં જન્મ બાદ ૨૬ માર્ચથી માદા પક્ષીએ તેને સ્વીકારી ઉછેર શરૂ કર્યો હતો, જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ માનવામાં આવતી હતી. નિષ્ણાતો અને વોચર્સની ટીમ દ્વારા ઝેડ પ્લસ સુરક્ષા સાથે સતત મોનિટરિંગ છતાં બચ્ચાનું અચાનક ગુમ થવું એ ગુજરાતના વન્યજીવ સંરક્ષણ પ્રયાસો માટે મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે.

# કચ્છના ભચાઉ નજીક ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, અનેક ગામોમાં અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતના ભૂકંપ ઝોન-છમાં સમાવાયેલા રણ અને સમુદ્ર ધરાવતા કચ્છના અશાંત પેટાળમાં નાના-મોટા ભૂકંપના આંચકાઓ આવતા જ રહે છે ત્યારે લાંબા બ્રેક બાદ શુક્રવારે બપોરે ૧૨ વાગેની આસપાસ કચ્છના પેટાળમાં ૨.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જેની આંશિક અસર કેન્દ્રબિંદુ આસપાસના ગામોમાં અનુભવાઈ હતી. સિસ્મો લોજીલકલ કચેરી ગાંધીનગરથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ પૂર્વ કચ્છના ભચાઉથી ૧૫ કિલોમીટર દૂર વોંધ ગામ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો રિકટર સ્કેલ પર ૨.૯ તીવ્રતાનો આંચકો અનુભવાયો ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભીય હિલચાલ ચિંતાજનક રીતે વધી રહી છે. કચ્છના રાપર, ભચાઉ અને ધોળાવીરા સહિતના વિસ્તારોમાં વાગડ ફોલ્ટલાઇન સક્રિય થઇ છે અને ભૂકંપના હળવાથી મધ્યમ તીવ્રતાના સેંકડો આંચકાઓ નોંધાઈ ચુક્યા છે. એશિયન પ્લેટોનોમિક ઝોનમાં સમાવિષ્ટ ઈરાન, પાકિસ્તાન, ઇન્ડોનેશિયા અને ફિલિપાઇન્સમાં પણ ધરતીકંપના આંચકાઓ સતત ધરતીને ધ્રુજાવી રહ્યા છે.

પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ હોય છે, જે સતત ફરતી રહેતી હોય છે. જ્યાં આ પ્લેટ અથડાઈ છે તેને ઝોન ફોલ્ટ લાઈન કહે છે. વારંવાર ટકરાવાને કારણે આ પ્લેટ્સના ખૂણા વળે છે અને દબાણને કારણે તૂટવા લાગે છે. નીચેની ઊર્જા બહાર આવવાનો રસ્તો શોધે છે જેને કારણે ભૂકંપ આવે છે.

# નર્મદા પ્રોજેક્ટના બાકી ₹ ૨૦,૦૦૦ કરોડ વસૂલવા માટે ગુજરાતની પાડોશી રાજ્યોને ઉઘરાણી

અમદાવાદઃ સરદાર સરોવર ડેમ રાજ્યની જીવાદોરી છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના આશરે ત્રણ દાયકા જૂના વિવાદનો ઉકેલ લાવવા રાજ્ય સરકારે મોટું પગલું ભર્યું છે. પાડોશી રાજ્યો પાસેથી લેવાના નીકળતા ₹૨૦,૦૦૦ કરોડથી વધુની લેણી રકમ વસૂલવાના પ્રયાસો તેજ કર્યા છે. આ ઉપરાંત પાણીની વહેંચણીની વ્યવસ્થા અંગે ફરીથી વાટાઘાટો શરૂ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુરુવારે ગાંધીનગરમાં યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના મુખ્ય સચિવો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી આંતરરાજ્ય મુલાકાતો અને સત્તાવાર સંપર્કો દ્વારા ચાલી રહેલી વાતચીતમાં આ બેઠક એક મહત્ત્વનું પગલું માનવામાં આવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ચર્ચાનો મુખ્ય વિષય નાણાકીય પતાવટ અને નર્મદાના પાણીની ફાળવણી હતો. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર પાણીમાં મોટો હિસ્સો મેળવવા માટે પ્રયત્નશીલ છે. આ પ્રોજેક્ટ ઘણો જૂનો અને જટિલ હોવાથી ઘણાં વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નો સામે આવ્યા છે, જેના માટે સંકલિત ઉકેલની જરૂર છે.

સરદાર સરોવર ડેમ એ ભારતના સૌથી મોટા આંતરરાજ્ય નદી પ્રોજેક્ટ્સમાંનો એક છે, જે ગુજરાતના ૧૨ જિલ્લાઓમાં, ખાસ કરીને પાણીની અછત ધરાવતા સૌરાષ્ટ્ર અને કચ્છમાં સિંચાઈ માટે અત્યંત મહત્ત્વનો છે. રાજ્ય સરકાર ઘરેલું વપરાશ (પીવાના પાણી) માટે પણ તેનો ઉપયોગ વધારવા માગે છે, ખાસ કરીને ઉનાળાના પરાકાષ્ઠાના સમયે જ્યારે પાણીની તંગી વધી જાય છે. સરદાર સરોવર પ્રોજેક્ટ હેઠળ પાણીની વહેંચણી પર નજર કરવામાં આવે તો મધ્ય પ્રદેશનો સૌથી વધુ હિસ્સો છે. મધ્ય પ્રદેશને ૧૮.૨૫ મિલિયન એકર ફીટ એમએએફ, ગુજરાતને ૯ એમએએફ, રાજસ્થાનને ૦.૫૦ એમએએફ તથા મહારાષ્ટ્રને ૦.૨૫ ખઅત્રૃપાણીનો જથ્થો મળે છે. જ્યારે હાયડ્રોપાવરમાં પણ હિસ્સો અલગ છે. મધ્ય પ્રદેશને ૫૭ ટકા અને મહારાષ્ટ્રને ૨૭ ટકા હિસ્સો મળે છે. ડેમ ગુજરાતમાં હોવા છતાં માત્ર ૧૬ ટકા હિસ્સો જ રાજ્યને મળે છે.

અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટમાં ₹૭૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થઈ ચૂક્યું છે અને ડેમ તેમજ નહેરનું મોટાભાગનું નેટવર્ક તૈયાર છે.

# પંચમહાલમાં સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ૨.૭૯ કરોડની ઉચાપત, નકલી બિલો બનાવ્યા

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત સરકારી ગ્રાન્ટમાંથી ૨.૭૯ કરોડ ખંખેરી લેવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે શિક્ષા અભિયાન અંતર્ગત સાધનોની ખરીદી માત્ર કાગળ પર જ કરવામાં આવી હોવાનું ખૂલ્યું હતું. સાધનોની ખરીદી કરીને અંદાજે ૨.૭૯ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. આ કૌભાંડમાં બે કરાર આધારિત કર્મચારી અને ચાર એજન્સીઓની નામનો પણ ખુલાસો થયો હતો. કૌભાંડમાં સામેલ બે કરાર આધારિત કર્મચારી અને ચાર એજન્સીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદ પ્રમાણે આ કૌભાંડ ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન પંચમહાલ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરની કચેરી અને જિલ્લા પંચાયત ગોધરા ખાતે આચરવામાં આવ્યું હતું. આ મામલે કચેરીના હિસાબી અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા આગળની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી.

પોલીસના જણાવ્યાં પ્રમાણે કરાર આધારિત કર્મી પૂજન જોષી અને નિતિન પટેલનું નામ પ્રકાશમાં આવ્યું છે. આ બંને કર્મચારીએ સરકારી ધારા ધોરણ પ્રમાણે જે સાધનોની ખરીદી કરવાની હોય તેની ખરીદી કર્યા સિવાય માત્ર બનાવટી બિલો બનાવી દીધા હતા. એટલું જ નહીં પરંતુ તેના આધારે સરકારી ગ્રાન્ટ પણ પાસ કરાવી દીધી અને તે રૂપિયા ચાર અલગ અલગ ખાનગી એજન્સીઓને ચૂકવી દીધા હતા. તપાસ દરમિયાન કુલ ૨,૭૯,૫૯,૮૧૬ રૂપિયાની ઉચાપત કરી હોવાનું ખૂલ્યું છે.

# અમદાવાદમાં સૌપ્રથમવાર વાંદરાઓની ગણતરી, વધતા હુમલા રોકવા વનવિભાગનો માસ્ટરપ્લાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વાંદરાઓનો ત્રાસ વધી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં વાંદરાઓના હુમલાની ઘટનાઓ પણ સામે આવી હતી. વાંદરાના વધતા ત્રાસને ધ્યાનમાં રાખી વનવિભાગે અમદવાદમાં સૌપ્રથમવાર વાંદરાઓની ગણતરી શરૂ કરી છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, આ ડેટાના આધારે હવે માત્ર ફરિયાદના આધારે રેસ્ક્યૂ કરવાને બદલે વૈજ્ઞાનિક રીતે પણ મેનેજ કરી શકાશે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે મંદિરો, શાકભાજી માર્કેટ, હાઉસિંગ સોસાયટીઓ અને ખુલ્લા મેદાનોમાં લોકો દ્વારા વાંદરાઓ અને લંગૂરને ખવડાવવાની વધતી પ્રવૃત્તિ વચ્ચે આ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ ઓનલાઇન સર્વેમાં ૨૭ મુદ્દાઓની પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી છે, જેમાં વાંદરાઓના ટોળાનું કદ, કચરાનો અયોગ્ય નિકાલ અને વાંદરાઓ દ્વારા થતા નુકસાન વિશે પૂછવામાં આવ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારોને ઝોનમાં વહેંચવામાં આવ્યા છે અને રેસિડેન્શિયલ સોસાયટીઓને ગૂગલ ફોર્મ મોકલીને ડેટા એકત્ર કરવામાં આવી રહ્યો છે. આ પ્રાથમિક સર્વે બાદ ટ્રાયલ ગણતરી કરવામાં આવશે અને ત્યારબાદ ફૂલ-સ્કેલ ગણતરી શરૂ કરવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. વન વિભાગે વાંદરાઓની સમસ્યા હોય તેવા ૧૯૮ સ્થળોની ઓળખ કરી છે. જેમાં વસ્ત્રાપુર, નવરંગપુરા, થલતેજ, બોપલ, ઘુમા, અંબાવાડી, પાલડી, શાહીબાગ, ચાંદખેડા, કુબેરનગર, નરોડા, નારોલ, સાબરમતી, બિલાસિયા, મણિનગર અને અસારવામાં વાંદરાઓનો સૌથી વધુ ત્રાસ છે. વનવિભાગે સ્પષ્ટ કર્યું હતું કે, વાંદરાઓ કે લંગૂરને ખવડાવવું એ વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ ગુનો છે. પ્રથમ વખત પકડાયા તો રૂપિયા ૨૫,૦૦૦નો દંડ અને વારંવાર નિયમ તોડવા બદલ જેલની સજા પણ થઈ શકે છે.

# અમદાવાદના રાણીપમાં પત્નીના આડા સબંધોથી ત્રસ્ત પતિની આત્મહત્યાઃ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના રાણીપ વિસ્તારમાં પત્નીના પરપુરુષ સાથે આડાસંબંધોથી કંટાળીને પતિએ આપઘાત કરતા ખળભળાટ મચી ગયો હતો. લાચાર પતિએ અંતિમ પગલું ભરતા પહેલાં સ્યુસાઈડ નોટ લખવા સાથે વીડિયો બનાવ્યો હતો. જેના આધારે પોલીસે પત્ની વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો હતો. જે બાદ ફરાર થઈ ગયેલી પોલીસ ધરપકડથી બચવા માટે આરોપી મહિલાએ પત્નીએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી પણ કરી હતી. જેને ફગાવી દેવામાં આવી હતી. આખરે પોલીસે બાતમીના આધારે અમદાવાદના ગીતા મંદિર ખાતેથી ધરપકડ કરી હતી. ગત ૨૨ માર્ચના રોજ દશરથ નામના યુવકે રાણીપ સ્થિત પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. અંતિમ પગલું ભરતાં પહેલા દશરથે બે પાનાની સ્યૂસાઈડ નોટ લખવા સાથે એક વીડિયો બનાવ્યો હતો.જેમાં પતિએ પત્ની સહિત અન્ય કેટલાક લોકોનાં નામ લીધાં હતાં.

મૃતકના પરિવારજનોનો આક્ષેપ કર્યો હતો કે મૃતક દશરથની જિંદગીભરની કમાણી તેની પત્નીએ પડાવી લીધી હતી. ઘરના દાગીના ગીરવે મૂકીને પૈસા પચાવી પાડ્યા હતા. પત્નીની આર્થિક લાલચ અને સતત મળતી ધમકીઓથી કંટાળીને પતિએ જીવન ટૂંકાવ્યું છે.

# કાળઝાળ ગરમી સામે આરોગ્ય વિભાગનું અલર્ટ, શહેરોની હૉસ્પિટલોમાં સ્પેશિયલ વોર્ડ કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળો તેનો પ્રભાવ બતાવી રહ્યો છે. રાજ્યભરમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. અસહ્ય ગરમીને કારણે હિટસ્ટ્રોક (લૂ)ના કેસો વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. ગરમીના કારણે લૂ લાગવા કે ડિહાઈડ્રેશન જેવી સમસ્યા થાય તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે આ વ્યવસ્થા ઊભી કરાઈ છે. રાજ્યના રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાની સિવિલ હૉસ્પિટલોમાં ૭૦થી વધુ બેડના ખાસ હિટસ્ટ્રોક સ્પેશ્યલ વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે. તબીબોની ટીમને પણ સજ્જ રાખવામાં આવી છે જેથી તાત્કાલિક સારવાર મળી શકે.

મળતી વિગત મુજબ, અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલ ખાતે હિટ સ્ટ્રોકને ધ્યાનમાં રાખી ૨૫થી વધુ બેડ સાથે સ્પેશિયલ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. રાજકોટ સિવિલ હૉસ્પિટલના વોર્ડ નંબર ૧૦ના બિલ્ડિંગમાં (ઇમરજન્સી વિભાગની ઉપર) હિટસ્ટ્રોકના દર્દીઓ માટે ૨૦ બેડનો ખાસ વોર્ડ શરૂ કરાયો છે. દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સુરત સિવિલ હૉસ્પિટલમાં ખાસ ૧૦ બેડનો અલાયદો રૂમ તૈયાર રખાયો છે.

# અમદાવાદ એરપોર્ટની નજીકની ઊંચી ઈમારતોનો એરોનોટિકલ સર્વે થશે, વધારાનું બાંધકામ દૂર કરાશે

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ આસપાસ આવેલી ઊંચી ઈમારતોના કારણે વિમાનોની અવરજવર માટે જોખમ ઊભું થયું છે. આ મામલે ગુજરાત હાઇ કોર્ટે પણ આકરું વલણ અપનાવતા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને અન્ય સત્તાધિકારીઓને વિવિધ ઇમારતોનો એરોનોટિકલ સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. અમદાવાદ એરપોર્ટની આસપાસ કેટલાક જાણીતા ડેવલપર્સે તમામ સત્તાધિકારીઓ પાસેથી એનઓસી મેળવ્યા બાદ મહત્તમ ૧૦૨.૭ મીટરની ઊંચાઈ ધરાવતા બહુમાળી ટાવર્સ બનાવ્યા છે. જો કે સત્તાધિકારીઓનો આગ્રહ હતો કે નિયત મર્યાદા કરતા વધારાનું બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું છે, જેથી તેને દૂર કરવું જોઈએ. ડિમોલિશનની આ નોટિસને વર્ષ ૨૦૨૪માં બિલ્ડરોએ પડકારી હતી અને સિવિલ એવિએશન મંત્રાલયના વર્ષ ૨૦૧૫ના નિયમો હેઠળ એરોનોટિકલ સ્ટડીની માગ કરી હતી. અંતે હાઈ કોર્ટે ડેવલપર્સને આપેલી નોટિસો રદ કરી હતી. બંને પક્ષોને સાંભળ્યા બાદ હાઇ કોર્ટે સત્તાધિકારીઓને એરોનોટિકલ સર્વે હાથ ધરવાનો આદેશ આપ્યો હતો.

# અમદાવાદમાં પાણીપુરીની લારીઓ પર લાગશે ક્યુઆર કોડ, ખાદ્યપદાર્થોની ગુણવત્તા જળવાય તે માટે નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કાળઝાળ ગરમીથી જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે, અમદાવાદના વિવિધ વિસ્તારોમાં રોગચાળો ન વકરે અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા જળવાય તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્ત્વપૂર્ણ અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. આ કવાયતના ભાગરૂપે શહેરની સ્ટ્રીટ ફૂડની લારીઓ પર ક્યુઆર કોડ લગાવવામાં આવશે, જેના દ્વારા ગ્રાહકો ફૂડની ગુણવત્તા અંગે સીધો જ પોતાનો પ્રતિસાદ એટલે કે ફિડબેક આપી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં લગભગ ૧૫૦૦થી વધુ પાણીપુરીની લારીઓ કાર્યરત છે. અગાઉ આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા પાણીપુરીના સેમ્પલ ટેસ્ટિંગમાં 'અનસેફ' જાહેર થયા હતા, જેને પગલે અનેક લારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને મનપા દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમ પાણીપુરીની લારીઓ પર આ ક્યુઆર કોડ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. ત્યારબાદ તબક્કાવાર રીતે અન્ય સ્ટ્રીટ ફૂડની લારીઓ પર પણ આ વ્યવસ્થા શરૂ કરાશે. દરેક રજિસ્ટર્ડ લારી પર એક વિશિષ્ટ ક્યુઆર કોડ પ્રદર્શિત કરવામાં આવશે. ગ્રાહકો તેને સ્કેન કરીને ફૂડની ગુણવત્તા, સ્વચ્છતા અને પીરસવાની પદ્ધતિ વિશે પોતાનો અભિપ્રાય આપી શકશે. આ ડેટા સીધો કોર્પોરેશનના આરોગ્ય વિભાગ પાસે પહોંચશે, જેના આધારે જે-તે લારી ધારક સામે જરૂરી સૂચના અથવા કાર્યવાહી કરી શકાશે. મનપાના અધિકારીઓએ સ્ટ્રીટ ફૂડ ગુણવત્તા અને શુદ્ધી અંગે જાહેર જનતાને ફીડબેક આપવા અપીલ કરી છે.

# ગાંધીનગરમાં પરિણીત મહિલા અને પ્રેમીએ આંબાના ઝાડે ગળાફાંસો ખાધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના ચિલોડા ગામ ખાતે પ્રેમીપંખીડાએ આત્મહત્યા કરી લીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ પ્રેમી પંખીડાએ ગામમાં આવેલા સરકારી બોર કૂવા પાસે આંબાનું ઝાડ હતું ત્યાં ગળાફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસનો કાફળો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

આ લોકોએ શા માટે આત્મહત્યા કરીને તેની તપાસ કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે ચિલોડા ગામમાં રહેલા મહિલા અને પુરુષ છેલ્લા ઘણાં સમયથી એકબીજાને પ્રેમ કરી રહ્યાં હતાં. મૃતક મહિલા પરિણીત હોવાનું પણ જાણવા મળ્યું હતું. મહિલાનો પતિ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો, જ્યારે સામે મૃતક પુરુષ પણ પરિણીત હતો, પરંતુ થોડા સમય પહેલા છૂટાછેડા થઈ ગયાં હતાં. આ બંને એકબીજાને પ્રેમ કરવા લાગ્યા હતા, જ્યારે બંનેના મૃતદેહ ગામમાં આંબાના ઝાડ પર લટકતા જોવા મળતા સમગ્ર પંથકમાં ચર્ચાઓ શરૂ થઈ હતી.

પ્રાથમિક તપાસ પ્રમાણે પ્રેમ પ્રકરણમાં આત્મહત્યા કરી હોઈ શકે છે. પોલીસે બંનેના પરિવાર સાથે પૂછપરછ શરૂ કરી હતી. જો કે, આ હત્યા છે કે, આત્મહત્યા તે મામલે એફએસએલનો રિપોર્ટ આવે ત્યારે ચોક્કસ જાણકારી મળશે તેવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે મૃતકોના પરિવારજનો અને ગ્રામજનોના નિવેદનો નોંધ્યાં હતાં.

# ગુજરાતમાં ૩૧ મે સુધી હેલ્મેટ ડ્રાઇવનો કડક અમલ, નિયમ ભંગ કરનારને ₹ ૫૦૦નો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હેલ્મેટ ન પહેરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પોલીસે હેલ્મેટ ડ્રાઇવ શરૂ કરી છે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ટુ-વ્હિલર ચાલકો ફરજિયાત હેલ્મેટ પહેરે તેના માટે આ ડ્રાઇવ યોજવામાં આવી છે. ૧મેથી ૩૧ મે સુધી રાજ્યભરમાં હેલ્મેટના નિયમનો ભંગ કરનારા લોકો ઉપરાંત સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે પણ આદેશનું પાલન કરવું અનિવાર્ય છે. કર્મચારીઓ આ નિયમોનું પાલન કરે તેના માટે સરકારી કચેરી પાસે પણ ટ્રાફિક પોલીસ મૂકવા અને કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યો છે.

શહેર/જિલ્લા ખાતે હેલ્મેટના નિયમ ભંગ બદલ સરકારી અધિકારી અને કર્મચારીઓ તેમજ બિન સરકારી (અન્ય) ટુ વ્હીલર ચાલકો રોજે-રોજ કરેલ કાર્યવાહીનો અહેવાલ બીજા દિવસે સવારના ૮ વાગ્યા સુધીમાં સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચને મોકલી આપવા જણાવવામાં આવ્યું છે. દરરોજ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આજથી હેલ્મેટ ડ્રાઇવ શરૂ કરી દેવામાં આવશે અને જે વાહન ચાલકોએ હેલ્મેટ નહીં પહેર્યું હોય તેમને રૂ. ૫૦૦નો દંડ ફટકારવામાં આવશે

રાજ્યના તમામ શહેર/જિલ્લાઓ ખાતે દ્વિ-ચક્રી વાહન (મોટર સાઇકલ, સ્કૂટર વગેરે) ચલાવનાર તેમજ પાછળ બેસનારે પણ ફરજિયાત હેલ્મેટનો ઉપયોગ કરવાનો રહેશે.

# વડોદરા-ભરૂચ હાઈવે પરથી ૪૮.૩૬ લાખનું વિદેશી દારૂનું કન્ટેનર જપ્ત

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર રહી છે. રાજ્યમાં વિદેશી દારૂની તસ્કરી કરતા બુટલેગરોને કાયદાનો કોઈ ભય રહ્યો નથી. સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમ બાતમીના આધારે કાર્યવાહી કરતી રહે છે. એસએમસીની ટીમે બાતમીના આધારે વડોદરાથી ભરૂચ જતા નેશનલ હાઇવે ૪૮ની બાજુમાં સમરાથલ ભેરુનાથ રાજસ્થાન હાઇવે હોટલમાં પાર્કિંગમાં પાર્ક કરેલા વિદેશી દારૂ ભરેલો કન્ટેનર ઝડપી પાડ્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કન્ટેનરમાં તપાસ કરતા વિદેશી દારૂની ૯૪૮૦ બોટલ કિંમત રૂ.૪૮.૩૬ લાખ મળી આવી હતી. પોલીસે ૪૮ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે કુલ ૭૩.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે કન્ટેનરના ડ્રાઇવર સાકીર હુસેન બંનેખાનની ધરપકડ કરી હતી, જ્યારે જ્યારે મુખ્ય સૂત્રધાર કયુમ હુસેન નિઝામ, તેનો સાગરીત, ટ્રકનો માલિક અને દારૂ મંગાવનાર (રિસીવર) સહિત કુલ ૪ શખસને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકોને ઝડપી પાડવાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# ઉનાળુ વેકેશનને લઈને પરિપત્ર જાહેરઃ ૩૫ દિવસ રજા

અમદાવાદઃ ગુજરાત રાજ્યની શાળાઓમાં ઉનાળુ વેકેશન ૨૦૨૬ માટે શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ પરિપત્ર પ્રમાણે ઉનાળુ વેકેશન ૦૪ મે ૨૦૨૬થી ૦૭ જૂન ૨૦૨૬ સુધી રહેશે. આ કુલ ૩૫ દિવસનું વેકેશન રહેશે, જે દરમિયાન તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બંધ રહેશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે આ મોટી રાહત મળી રહેવાની છે.

શિક્ષણ વિભાગા પરિપત્ર પ્રમાણે તારીખ ૭ જૂન સુધી ઉનાળું વેકેશન ચાલશે અને ૮ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ સત્રમાં વિદ્યાર્થીઓને લાંબી રજાનો લાભ મળવાનો છે. ઉનાળુ વેકેશનને લઈ શિક્ષણ વિભાગે જાહેરાત કરેલા પરિપત્ર પ્રમાણે વિદ્યાર્થીઓને મજા પડી જશે. આ પરિપત્ર રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓને લાગુ પડશે. શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા આ પરિપત્રમાં વેકેશનના દિવસોમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સ્થાનકવાસી જૈન શ્રમણ સંઘનાં વાણીભૂષણ પૂ. પ્રીતિસુધાજી મહાસતીજી કાળધર્મ પામ્યાં

શ્રી સ્થાનકવાસી જૈન શ્રમણ સંઘના સંસ્કાર ભારતી, વાણીભૂષણ પૂ. પ્રીતિસુધાજી મહાસતીજી ૮૩ વર્ષની ઉંમરે ૬૪ વર્ષના દીક્ષા પર્યાય સહિત તા. ૦૧/૦૫/૨૬ ના રાત્રે ૧:૧૨ કલાકે પૂનામાં સંથારા સહિત સમાધિભાવે કાળધર્મ પામતાં જૈન સમાજમાં શોક છવાયો છે. નાશિકમાં માતા શાંતાબેન અને પિતા ભીકમચંદજી સોનીના ગૃહાંગણે તા. ૦૧/૦૯/૧૯૪૩ ના જન્મેલા પૂ. પ્રીતિસુધાજી મહાસતીજીએ પોતાના રત્નકુક્ષિણી માતા પૂ. સુશીલકુંવરજી મ.સ. સાથે પીપલગાંવમાં તા. ૦૭/૦૩/૧૯૬૨ ના આચાર્ય પૂ. આનંદઋષિજી મ.સા. ના હસ્તે પૂ. ઉજ્જવલકુંવરજી મ.સ. ની સમીપે જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરેલ. કુલ ૭ બહેનોએ દીક્ષા ગ્રહણ કરેલ. જેમાં પૂ. મધુસ્મિતાજી, પૂ. વૈરાગ્યસુધાજી, પૂ. ગુણપ્રીતિજી, પૂ. જિનપ્રીતિજી, પૂ. ક્ષમાપ્રીતિજી, પૂ. રત્નપ્રીતિજી છે.

સંસ્કાર ભારતી પૂ. મહાસતીજીની પાલખી યાત્રા શુક્રવારે બપોરે ૪:૦૦ કલાકે લોણીકંદ, ક્ષેત્રપાલ પ્રતિષ્ઠાન ખાતેથી નીકળી હતી. લાખો લોકોને વ્યસન, માંસાહાર ત્યાગ કરાવનાર મહાસતીજીને પૂ. શ્રી ધીરગુરુદેવે ગુણાંજલિ અર્પણ કરેલ. તાજેતરમાં દેવલાલીમાં મંગલ મિલન થયેલ.

# મુંબઈમાં ૧,૭૪૦ કિલોમીટર રસ્તાનું સિમેન્ટ-કૉંક્રીટીકરણ પૂર્ણ

### ૧૫ મે બાદ કોઈ રસ્તા ખોદવામાં આવશે નહીં ૭૫ ટકાથી વધુ કૉંક્રીટાઈઝેશન થયેલા રસ્તાઓના કામ ૩૧ મે સુધી પૂર્ણ કરાશે

મુંબઈ: ચોમાસું નજીક હોઈ મુંબઈના અનેક વિસ્તારોમાં મોટા પ્રમાણમાં રસ્તાઓને સિમેન્ટ-કૉંક્રીટીકરણ માટે ખોદી મૂકવામાં આવ્યા છે ત્યારે ૩૧મે, ૨૦૨૬ પહેલા કામ પૂરા કરવામાં આવ્યા નહીં તો મુંબઈગરાને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. અત્યારે પણ અનેક જગ્યાએ રસ્તાઓ ખોદીને કૉન્ટ્રેક્ટર ગાયબ થઈ જતો હોવાથી કામ અટવાઈ પડતા હોય છે અને નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જોકે પાલિકાના નવા કમિશનર અશ્વિની ભીડેએ મુંબઈગરાને ૩૧ મે સુધીમાં રસ્તાઓ વાહનવ્યવહાર માટે ખોલી દેવામાં આવશે, તેથી નાગરિકોને ચોમાસા દરમ્યાન કોઈ હાલાકીનો સામનો નહીં કરવો પડે એવું આશ્વાસન આપ્યું છે. મુંબઈ મહાનગર-પાલિકા દ્વારા મુંબઈના રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટીકરણનું કામ બે તબક્કામાં હાથમાં લેવામાં આવ્યું હતું. તેમાંથી અત્યાર સુધીમાં ૧,૭૯૫ કિલોમીટર લંબાઈના રસ્તાના કામ પૂર્ણ થયા છે. બાકી રહેલા ૩૦૫ કિલોમીટરમાંથી ૧૭૯ કિલોમીટર રસ્તાના કામ શરૂ હોઈ જે રસ્તાના કામ ૭૫ ટકા કરતાં વધુ પૂર્ણ થયા છે. તે તમામ કામ ૩૧મે, ૨૦૨૬ પહેલા પૂર્ણ કરવામાં આવવાના છે, જે રસ્તાઓના કામ પૂર્ણ થવાના ન હોય તો પહેલી જૂન સુધીમાં તે રસ્તાના ભાગ પર ડામર નાખીને તેને વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂકી દેવામાં આવવાના છે. પહેલા તબક્કાના કામમાં ૮૩.૨૫ ટકા અને બીજા તબક્કામાં ૬૦.૨૯ ટકા સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ થઈ ગયું છે. હાલ મુંબઈમાં ૨,૨૦૫ કિલોમીટર લંબાઈના રસ્તા છે, તેમાંથી ૧,૨૪૦ કિલોમીટર લંબાઈના રસ્તાનું પહેલા જ કૉંક્રીટીકરણ થઈ ગયું છે. એ બાદ ૭૦૦ કિલોમીટર લંબાઈના રસ્તાના કામ હાથ ધરવામાં આવ્યા હતા, તેમાંથી ૫૦૦ કિલોમીટર લંબાઈના એમ કુલ ૧,૭૪૦ કિલોમીટરના રસ્તાના કામ પૂરાં થઈ ગયાં છે. તેથી હવે જેટલા રસ્તાનાં કામ બાકી રહ્યા છે, તેમાંથી ૧૭૯ કિલોમીટર લંબાઈના કામની શરૂઆત કરવામાં આવી છે, તેમાં હવે જે રસ્તાના કામ ૭૫ ટકાથી વધુ થઈ ગયા છે, તે રસ્તાના કામ ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરીને તેને વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂકવામાં આવવાના છે.

## રસ્તા પર ગંદકી ફેલાવનારા કૉન્ટ્રેક્ટરોને નોટિસ ફટકારોઃ પાલિકા કમિશનર

મુંબઈ:મુંબઈમાં હાલ જુદી જુદી સરકારી ઓથોરિટી દ્વારા વિવિધ માળખાગત પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે. જોકે એવું જોવા મળ્યું છે કે કૉન્ટ્રેક્ટરો વર્કસાઈટ પર સ્વચ્છતાના ધોરણ જાળવવામાં નિષ્ફળ રહ્યા છે. કન્સ્ટ્રકશન મટિરિટલ અનેક વખત લાંબા સમય સુધી સાઈટ પર જ પડ્યું હોય છે. આ ખામીઓની ગંભીર નોંધ લઈને પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ અધિકારીઓને સ્વચ્છતા અને સાઈટ મેનેજમેન્ટ નોર્મસ( વ્યવસ્થાપન ધોરણ)નું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે આવા કૉન્ટ્રેક્ટરોને તાત્કાલિક નોટિસ ફટકારવાનો નિર્દેશ આપ્યો છે.

પાલિકા કમિશનરે બુધવારે વહેલી સવારે મુંબઈના પશ્ચિમ ઉપનગરના ઓચિંતુ ઈન્સ્પેકશન કર્યું હતું. એ સમયે તેમણે અનેક વોર્ડ અને મુખ્ય જાહેર સ્થળોએ સ્વચ્છતા સહિતના અનેક મુદ્દાઓ પર અધિકારીઓને ખખડાવ્યા હોવાનું કહેવાય છે. આ દરમ્યાન તેમણે બાન્દ્રા પશ્ચિમમાં ધર્મશાળા ચોકી નજીક ખેરવાડી ખાતે ચાલી રહેલા રસ્તાની સફાઈના કામનું નિરીક્ષણ કર્યું હતું. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ચર્ચ રોડ, મરોલ પટ્ટો, અંધેરી પૂર્વમાં ગુરુ ગોવિંદ સિંહ માર્ગ પરની પાર્કિંગ સુવિધા, જેબી રોડ મેટ્રો સ્ટેશન ચોકી અને મરોલ વિસ્તારમાં પણ તેમણે નિરીક્ષણ કર્યું હતું. કમિશનરે આ તમામ વોર્ડમાં વહેલી સવારના સફાઈ અભિયાનને મજબૂત બનાવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે નિર્દેશ આપ્યો હતો કે રોડ ડિવાઈડર, જંકશન, રસ્તાની બાજુના વિસ્તારો અને ખુલ્લી જગ્યાઓ પરનો કાટમાળ અને કચરો તાત્કાલિક સાફ કરવામાં આવે અને તેનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે. તેમણે ઝોનલ ડેપ્યુટી કમિશનરો અને વોર્ડ સ્તરે આસિસ્ટન્ટ કમિશનરોને દરરોજ વહેલી સવારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ચોકીઓની મુલાકાત લેવા અને સ્વચ્છતા કામની વ્યક્તિગત રીતે ચકાસણી કરવા તેમ જ રસ્તાઓ પર દેખાતા કચરાને તાત્કાલિક દૂર કરવામાં આવે તેની ખાતરી કરવાની સૂચના આપી હતી.

# નાગપુરમાં મહિલા અને તેની પુત્રી ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યાં

નાગપુરઃ નાગપુરમાં શુક્રવારે સવારે મહિલા અને તેની ૨૯ વર્ષની પુત્રી ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી.

મૃતકોની ઓળખ સંગીતા ધાબાળે (૫૨) અને તેની પુત્ર આકાંક્ષા બ્રાહ્મે (૨૯) તરીકે થઇ હતી, જેઓ નંદનવન પોલીસ સ્ટેશનની હદમાં વ્યંકટેશ નગર વિસ્તારમાં આવેલા ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી.

આકાંક્ષા ગર્ભવતી હતી અને તે માતાને ઘરે રહેવા આવી હતી. આકાંક્ષાએ બાળકને જન્મ આપ્યો હતો, પણ બે મહિના પહેલા તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન શુક્રવારે સવારે આકાંક્ષાનો પતિ લોકેશ તેને મળવા માટે ઘરે આવ્યો હતો. તેણે દરવાજો ખટખટાવ્યો છતાં અંદરથી કોઇ પ્રતિસાદ મળ્યો નહોતો. દરવાજો અંદરથી બંધ હોવાથી બારીમાંથી તેણે ડોકિયું કરતાં આકાંક્ષા અને તેની માતા ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે પડ્યા હતા, જેને પગલે તેને આઘાત લાગ્યો હતો. લોકેશે ત્યાર બાદ પડોશીઓને આની જાણ કરી હતી અને પડોશીઓ દરવાજો તોડી અંદર પ્રવેશ્યા હતા. બાદમાં તેમણે બનાવની જાણ પોલીસને કરી હતી. ઘટનાસ્થળે આવી પહોંચેલી પોલીસ ટીમે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી કોઇ સૂસાઇડ નોટ મળી આવી ન હોવાથી બંને જણે ભરેલા અંતિમ પગલા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. આકાંક્ષાના બાળકના મૃત્યુના આઘાતમાં તેમણે અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસને લાગી રહ્યું છે. (પીટીઆઇ)

## મેયર બંગલાના રિનોવેશન માટે ૩.૪૮ કરોડનો ખર્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના પ્રથમ નાગરિક કહેવાતા મુંબઈના મેયરનું સત્તાવાર નિવાસસ્થાન ભાયખલામાં વીરમાતા જિજાબાઈ ભોંસલે બોટનિકલ ગાર્ડન અને પ્રાણીસંગ્રહાલયમાં આવેલું છે. લગભગ ચાર વર્ષ સુધી આ નિવાસસ્થાન બંધ રહ્યા બાદ તેનું નવીનીકરણ અને સમારકામનું કામ કરવામાં આવવાનું છે. મુંબઈ મહાનગરપાલિકાએ આ પ્રોજેક્ટ માટે લગભગ ૩.૪૮ કરોડનો ખર્ચ પ્રસ્તાવિત કર્યો છે અને અંતિમ મંજૂરી માટે તેનો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં રાખ્યો છે.

હેરિટેજ શ્રેણીમાં આવતો ૧૯૩૧માં બાંધવામાં આવેલો આ બંગલો ૬,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે અને સાગના લાકડાના બાંધકામ અને પરંપરાગત ટાઈલ્સવાળી છત ધરાવે છે. આ બંગલાનું પુનઃસ્થાપનનું કાર્ય ચાલી રહ્યું છે. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે મેયરની નિમણૂક પહેલા પુનઃસ્થાપનાના કામની તૈયારી કરવામાં આવી હતી. જોકે પદ સંભાળ્યા બાદ મેયર રિતુ તાવડેએ બંગલાની મુલાકાત લીધી હતી અને અમુક સમારકામ સૂચવ્યા હતા, જેનો પાછળથી આ યોજનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો.

# ચોમાસામાં સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈના, દરિયામાં ૪.૮૯ મીટરથી ઊંચાં ઊછળશે મોજાં

મુંબઈઃ ચોમાસાના ચાર મહિનામા સામાન્ય રીતે જુલાઈમાં વરસાદનું પ્રમાણ વધુ રહેતું હોવાથી મુંબઈગરાને ૧૬ જુલાઈના સાવધાન રહેવાની ચેતવણી આપવામાં આવી છે. ચોમાસાના ચાર મહિનામાં સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈના છે, તે દિવસે દરિયામાં મોજાં ૪.૮૯ મીટરથી પણ ઊંચા ઊછળશે. ચોમાસામાં આ વર્ષે ૨૪ દિવસ દરિયામાં મોટી ભરતી રહેવાની છે, જ્યારે દરિયામાં મોજાં ૪.૫ મીટરથી પણ ઊંચા ઊછળશે. ૪.૫ મીટરથી ઊંચા મોજાં ઊછળે તો તેને જોખમી માનવામાં આવે છે. સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈ, ગુરુવારના છે. બપોરના ૧.૩૬ વાગ્યાથી ભરતી શરૂ થશે અને મોજા ૪.૮૯ મીટરથી પણ ઊંચા ઉછળશે. તેથી એ દિવસે મુંબઈમાં મુશળધાર વરસાદ પડ્યો તો મુંબઈ જળબંબાકાર થવાની શક્યતા છે. અન્ય નોંધપાત્ર ભરતીનો સમયગાળો ૧૪ જૂનથી ૧૯ જૂનનો છે, જેમાં ૧૬ જૂનના બીજા નંબરની મોટી ભરતી રહેશે. એ દિવસે બપોરના ૧.૦૫ વાગે ભરતી સમયે દરિયામાં ૪.૮૭ મીટરથી પણ ઊંચા મોજાં ઊછળશે અને બીજા દિવસે જ એટલે કે ૧૭ જૂનના બપોરના ૨.૪૪ વાગે ભરતી રહેશે અને એ સમયે દરિયામાં ૪.૭૮ મીટરથી પણ ઊંચા મોજાં ઊછળશે. ૧૩ જુલાઈથી ૧૮ જુલાઈ આ છ દિવસ દરમ્યાન મોટી ભરતી સમયે દરિયામાં ૪.૫૩થી ૪.૮૯ મીટર સુધીના ઊંચા મોજાં ઉછળશે, જેમાં સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈના બપોરના હશે અને દરિયામાં ૪.૮૯ મીટરથી ઊંચા મોજાં રહેશે. ઑગસ્ટમાં પાંચ દિવસ મોટી ભરતી રહેશે, જેમાં ૧૨થી ૧૬ ઑગસ્ટના બપોરના સમયે ૪.૫૦ મીટરથી લઈને ૪.૮૩ મીટર સુધી ઊંચા મોજાં ઉછળશે. સપ્ટેમ્બરમાં સાત દિવસ મોટી ભરતી રહેશે, જેમાં ૧૦,૧૧,૧૨,૧૩ ના બપોરના સમયે ભરતી હશે. એ બાદ ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રાતના સમયે મોટી ભરતી રહેશે.

આઠમા પાનાનું ચાલુ

### મુંબઈ બાદ હવે

પર્યાવરણપૂરક બસ રહેશે. આગામી દિવસોમાં વધુ નવ એસી બસનો સમાવેશ કરવામાં આવવાનો છે. તો થાણે પરિવહન સેવા અંતર્ગત ૧૦ ડબલ-ડેકર બસ થાણેમાં દોડાવવામાં આવશે એવી જાહેરાત થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે કરી હતી. થાણે પાલિકાના પરિવહન વિભાગને પીએમ-ઈ-બસ યોજના અંતર્ગત ૧૦૦ એસી ઈલેક્ટ્રિક બસને પણ મંજૂરી મળી ગઈ છે.

### ટેકરી પરથી

કરતો હતો. અહેવાલો અનુસાર ઠોમરે એક મિત્ર સાથે ઘરે પાછો ફરી રહ્યો હતો બપોરે લગભગ ૩:૫૮ વાગ્યે વાશિંદ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧ થી કસારા જતી લોકલ ટ્રેનમાં ચડ્યો હતો. મૃતકના ભાઈ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે, આસનગાંવ રેલવે પોલીસે કોન્ટ્રાક્ટરના કામદારો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ), ૨૦૨૩ ની કલમ ૧૦૬(૧) હેઠળ કેસ નોંધ્યો છે, જે બેદરકારીથી મૃત્યુનું કારણ બનવા સંબંધિત છે.

### ગાર્ડનમાં

પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે તપાસ આદરવામાં આવી હતી. તપાસ દરમિયાન અન્ય બાળક સાથે પણ આવી જ ઘટના બની હોવાનું જાણવા મળ્યું હતું. તેની સાથે પણ સપ્તાહ અગાઉ ગેરવર્તન કરવામાં આવ્યું હતું. આ અંગે તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ કહ્યું હતું. બાળકીની માતાની ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતા ઉપરાંત પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### મ્યુઝિકલ

મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર પહોંચ્યો હતો. ઍરપોર્ટ પર તાબામાં લેવાયેલા આરોપીને પોલીસ સ્ટેશને લવાયો હતો. પ્રાથમિક પૂછપરછ પછી શુક્રવારની સવારે ધરપકડ કરી તેને કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. ઉલ્હાસનગરનો વતની ખેમલાની છેલ્લા કેટલાક સમયથી જિયા જેકબ સાથે મીરા રોડમાં રહેતો હતો. દરમિયાન ખેમલાનીની સાથી જિયાને ગુરુવારે કોર્ટે ૧૪ દિવસની અદાલતી કસ્ટડીમાં મોકલી આપી હતી. આ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા બધા આરોપી ન્યાયિક કસ્ટડીમાં છે. જિયા જેકબના બૅન્ક ખાતામાં અલગ અલગ ટ્રાન્ઝેક્શનથી ૧૪.૯૫ લાખ રૂપિયા જમા થયા હતા, જે ડ્રગ્સ સંબંધી રકમ હોવાનું પોલીસનું માનવું છે. આ રકમ અંગે જિયા કોઈ સ્પષ્ટ ખુલાસો કરતી નહોતી અને પૂછપરછમાં પણ સહકાર આપતી નહોતી, એવું પોલીસનું કહેવું છે. કહેવાય છે કે જિયાના જે બૅન્ક ખાતામાં નાણાં જમા થયાં હતાં તે ખાતું ખેમલાની ઑપરેટ કરતો હતો, એવો દાવો જિયાએ પૂછપરછમાં કર્યો હતો. પરિણામે ખેમલાનીના પકડાવાથી હવે એ રૂપિયા અંગે ખુલાસો થવાની સંભાવના પોલીસે વ્યક્ત કરી હતી.

### રાજ્યમાં ફરી

જિલ્લામાં તીવ્ર ગરમીનું મોજું ફરી વળવાની ચેતવણી આપવામાં આવી છે. અહીં ૪૬ ડિગ્રી સુધી તાપમાન જવાની શકયતા છે. નાગપૂરમાં અત્યાર સુધી હીટવેવને કારણે ૧૫ના મોત થઈ ચૂકયા છે. ત્યારે આકરા ઉનાળા વચ્ચે વિદર્ભને થોડી રાહત મળવાની શકયતા છે. શનિવાર, બીજી મેના વર્ધા, યવતમાળ, ચંદ્રપૂર અને ગઢચિરોલી જિલ્લામાં કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. વરસાદને પગલે ગરમીમાં થોડી રાહત મળી શકે છે.

શુક્રવારે મુંબઈના કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૮ ડિગ્રી નોંધાયું હતું. જયારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૩ ડિગ્રી અને લઘુતમ ૨૭.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે આ દરમ્યાન મુંબઈ અને પુણેમાં તાપમાનનો પારો ઊંચો જવાની શકયતા વ્યક્ત કરી છે.

### મુંબઈ મહાનગરપાલિકાનું

રહ્યું છે. નોંધનીય છે કે પાલિકા હાલ પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરો અને મોડેથી પેમેન્ટ કરનારા પર માસિક બે ટકા દંડ વસૂલ કરે છે, જે અસરકારક રીતે વાર્ષિક ૨૪ ટકા થાય છે. તેથી કરદાતાઓ તરફથી તેમાં ઘટાડો કરવાની માગણી કરવામાં આવી રહી છે.

આ દરમ્યાન તેમણે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) પાસેથી કરોડો રૂપિયાના બાકી રહેલા પ્રોપર્ટી ટેક્સની વસૂલાત માટે સક્રિય પણે કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું. ૩૧ જાન્યુઆરી સુધીમાં પાલિકાના રેકોર્ડ મુજબ એમએમઆરડીએ પાસે ૧૨૮ મિલકતના ૧,૬૮૫.૬ કરોડ રૂપિયા ચૂકવવામાં ન આવેલા કર અને ૭૩૯.૪ કરોડનો દંડ તેમ જ મ્હાડા પાસેથી ૩,૬૩૬ પ્રોપર્ટી પર ૬૦૧.૬ કરોડ રૂપિયાનો ટેક્સ સહિત ૨૨૨.૫ કરોડના દંડની રકમનો સમાવેશ થાય છે.

દેશની ધનાઢ્ય પાલિકા ગણાતી મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર પદે કાર્યભાર સંભાળીને શુક્રવારે અશ્વિની ભીડેએ એક મહિનો પૂરો કર્યો હતો. પાલિકામાં બજેટ ચર્ચા દરમ્યાન ઘણા નગરસેવકોએ કમિશનરને વિવિધ એજન્સીઓ પાસેથી લાંબા સમયથી બાકી રહેલા પ્રોપર્ટી ટેક્સની રકમની વસૂલાત ઝડપી કરવા વિનંતી કરી હતી, જે વર્ષોથી ચૂકવવામાં આવ્યો નથી. તેની સામે કમિશનરે આશ્વાસન આપ્યું હતું કે બાકી રહેલી રકમની વસૂલાત માટે ઝડપી બનાવવાના પ્રયાસ જરૂર કરવામાં આવશે.

### ભિવંડી અને

નજરે પડ્યું નહોતું. જોકે ગોદામમાં રાખવામાં આવેલા એક મશીનની બારીકાઈથી તપાસ કરતાં તેમાંથી ૨૧૩ કિલો કોકેન મળી આવ્યું હતું. મશીનના અલગ અલગ ભાગોમાં બખોલ હતી, જેમાં કોકેન ભરેલાં પૅકેટ્સ સંતાડવામાં આવ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં અધિકારીઓને જાણવા મળ્યું હતું કે એ મશીન ભારતમાં આયાત કરવામાં આવ્યું હતું.

આ મશીન કયા દેશમાંથી અને ક્યારે આયાત કરાયું હતું તેની વિગતો અધિકારીઓ પ્રાપ્ત કરી રહ્યા છે. વળી, કસ્ટમ્સમાં મશીનની તપાસ થઈ હતી કે નહીં તેની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. જોકે મશીનને ઠેકઠેકાણેથી કાપવામાં આવ્યું હોવાનાં નિશાન હતાં. અધિકારીઓને શંકા છે કે કદાચ કોકેન અન્ય કોઈ વસ્તુમાં સંતાડીને ભારતમાં લાવવામાં આવ્યા પછી આ મશીનમાં સંતાડવામાં આવ્યું હોઈ શકે. સામાન્ય રીતે ભારતમાં દર વર્ષે ૨૦૦થી ૩૦૦ કિલો કોકેન જપ્ત કરવામાં આવે છે, જ્યારે એનસીબીના લગભગ છ મહિનાના ઑપરેશન બાદ એક જ કાર્યવાહીમાં અંદાજે ૧,૭૪૫ કરોડ રૂપિયાનું ૩૪૯ કિલો કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું.

### ફડણવીસે કાર

આવ્યું. આ સમારોહ મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનોની હાજરીમાં યોજાયો હતો. આ વખતે, મુખ્ય પ્રધાને પોતે આ નવા રૂટ પર કાર ચલાવીને મુસાફરીનો આનંદ માણ્યો હતો. હવે આ પ્રોજેક્ટ કોઈ મિસિંગ લિંક નથી, પરંતુ એક કનેક્ટિંગ લિંક છે, એમ ફડણવીસે પણ આ પ્રસંગે જણાવ્યું હતું.

#### મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનો એક જ કારમાં

આ પ્રોજેક્ટના ઉદ્ઘાટન પછી એક ખાસ દ્રષ્ય જોવા મળ્યું હતું. મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનો એક જ કારમાં સવારી કરી રહ્યા હતા. નોંધનીય છે કે, મુખ્ય પ્રધાને પોતે કાર ચલાવીને આ નવી બનાવેલી 'મિસિંગ લિંક' પર મુસાફરી માટે રૂટ ખુલ્લો મૂક્યો હતો. આ પ્રવાસ દરમિયાન તેમણે પ્રોજેક્ટના કામ અને ટનલોમાં નવીનતમ સિસ્ટમોનું પણ નિરીક્ષણ કર્યું. ઉદ્ઘાટન પહેલાં જ, આ પ્રોજેક્ટમાં બનેલી ટનલે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ૨૩.૫ મીટર પહોળી આ ટનલને વિશ્વની સૌથી પહોળી ટનલ તરીકે માન્યતા આપવામાં આવી છે. આ ટનલને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધવામાં આવી છે. આ સમારોહમાં પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું.

### મહારાષ્ટ્રનો

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ખોપોલી એક્ઝિટથી કુસગાંવ સુધી મિસિંગ લિંક પ્રોજેક્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે. મુંબઈ-પુણે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટ ઘાટોમાં ટ્રાફિક ભીડને મોટા પ્રમાણમાં ઘટાડશે અને મુસાફરીને ઝડપી અને સુરક્ષિત બનાવશે. મુંબઈ-પુણે 'મિસિંગ લિંક' પ્રોજેક્ટ ઘાટોમાં ટ્રાફિક ભીડમાંથી નાગરિકોને મુક્ત કરશે અને ઝડપી પરિવહનને કારણે અર્થતંત્રને વેગ આપશે.

#### મુંબઈ-પુણે હાઈવે પર ટ્રાફિક જામમાં ફસાયેલા મુસાફરો નારાજ; એકનાથ શિંદેએ કહ્યું, ટોલ ન લો, અધિકારીઓને સૂચના

રાજ્યમાં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પરના મિસિંગ લિંક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. એક તરફ, મિસિંગ લિંકના ઉદ્ઘાટનથી મુંબઈ-પુણે ટ્રાફિક વધુ ઝડપી બનશે અને મુસાફરોનો સમય અને ઇંધણ બચશે. તેની સાથે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે એક્સપ્રેસવે પર ટ્રાફિક જામ પણ દૂર થશે. જોકે, શુક્રવારે જ આ હાઈવે પર પાંચથી છ કલાકનો ટ્રાફિક જામ સર્જાયો હતો. સાંસદ સુપ્રિયા સુળેએ પોતે પણ આ ટ્રાફિક જામમાં ફસાયા હતા. દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુસાફરો અને વાહન માલિકો પાસેથી ટોલ ન લેવાની સૂચના આપી છે.

મુંબઈ-પુણે ટ્રાફિક જામ અંગે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અધિકારીઓને તાત્કાલિક રસ્તો સાફ કરવા અને ફસાયેલા નાગરિકોને બચાવવા સૂચના આપી છે. એકનાથ શિંદેએ અધિકારીઓને ટોલ બૂથ ખાલી કરાવવા અને વાહન માલિકો પાસેથી પૈસા ન લેવા સૂચના આપી હતી. સાતારા પુણેથી આગળ પણ ટ્રાફિક જામ હતો.

આ ટ્રાફિક જામમાં ફસાયેલા મુસાફરો અત્યાર સુધી મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. વાહનોની લાંબી કતાર અને વધતી ગરમીને કારણે નાગરિકો મૂંઝવણમાં મુકાઈ રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, એકનાથ શિંદેએ ટ્રાફિક જામમાં વાહન માલિકો પાસેથી ટોલ ન વસૂલવાનો આદેશ આપ્યો હતો. ૧ મે મહારાષ્ટ્ર દિવસ અને શનિવાર-રવિવાર જેવી રજાઓને ધ્યાનમાં રાખીને, મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો.

#### ટ્રાફિક જામને કારણે ૨૫ મિનિટનો બ્લોક

લોનાવાલા ઘાટ પર મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર પાંચથી છ કલાક સુધી ટ્રાફિક જામ રહ્યો છે. સતત રજાઓને કારણે ઘાટ પર ભારે ટ્રાફિક જામ થયો છે. આજે સવારથી ઘણા મુસાફરો ઘાટ પર અટવાઈ ગયા છે. મુસાફરો પાસે પીવાનું પાણી પણ ખતમ થઈ ગયું છે. ટ્રાફિક જામમાં ફસાયેલા નાના બાળકોથી લઈને વૃદ્ધ નાગરિકો સુધી, હવે ભીષણ ગરમી તેમને પરેશાન કરવા લાગી છે. ખાલાપુર ટોલ પ્લાઝાથી જ ટ્રાફિક શરૂ થયો હતો. મુંબઈથી પુણે આવતા ટ્રાફિક જામને તોડવા માટે ૨૫ મિનિટનો બ્લોક લેવામાં આવી રહ્યો છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી દિગમ્બર જૈન**

સાવરકુંડલા નિવાસી મૂળ બાબરા હાલ અમદાવાદ, જયંતીલાલ દામોદરદાસ અજમેરા (ઉં. વ. ૮૧) તે સ્વ. દામોદરદાસ છગનલાલ અજમેરાના સુપુત્ર. સુધાબેનના પતિ. સ્વ. જયસુખલાલ, લલીતાબેન ગાંધી, સ્વ. સવિતાબેન ટોલીયા, સ્વ. ગુણવંતીબેનના ભાઈ. તેજસના કાકા તથા સ્વ. ચત્રભુજ દુર્લભદાસ દાણીના જમાઈ. રવિવાર તા. ૨૬/૦૪/૨૬ રોજ દેહપરિવર્તન થયેલ છે. લૌકિક વહેવાર રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

છસરાના હીરબાઈ દામજી છેડા (ઉં. વ. ૮૨) તા.૩૦-૪-૨૬ના અવસાન પામ્યા છે. હીરૂમાં કરમશી પાસુની પુત્રવધૂ. જયશ્રી, ભાવિન, ભામિની, પરીનના માતુશ્રી. હાંસબાઈ દેવજીના પુત્રી. ચીમન, નવનીત, દેશલપુર ભાવના ભાણજી ઉમરશી, ગુંદાલા ભારતી મહેન્દ્ર કેશવજી, સં.પક્ષે આધ્યાત્મ રેખાશ્રીજી મ.સા.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવિન છેડા.એ-૧૦, મોરારજી ટેરેસ, મેચ ફેક્ટરી લેન, કુર્લા (પ.)

ડોણના રતનશી (ભોલુભાઇ) ખીમજી ગાલા (ઉં. વ. ૮૧) ૨૭-૪-૨૬ના દેશમાં અવસાન પામેલ છે. મા. હીરબાઇ ખીમજી વીરજીના પુત્ર. કસ્તુરના પતિ. દિપક, નિલેશ, દુર્ગેશના પિતા. ગાંગજી, દેવકાંબેન મોરારજી, લાયજા દિવાળીબેન વશનજી, મણીબેન માવજીના ભાઇ. ડોણ મા. બુધ્ધીબાઇ નરશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૧૦.૩૦ થી ૧૨. નિ. દુર્ગેશ ગાલા, સી-૨૩૬, પાનબાઇ નગર, નાલાસોપારા (વે.)

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર ભારતીબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. હસમુખભાઇ કાનજીભાઇ શાહના ધર્મપત્ની સ્વ. ચંપાબેન કાનજીભાઇ શાહના પુત્રવધૂ. સ્વ. પ્રભાબેન પ્રભુદાસ શાહના સુપુત્રી તા. ૩૦-૪-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેશ, નિમેશના માતુશ્રી. મોના, ડિમ્પલના સાસુ. તે ક્રિશા, આયુષ, નિર્વી અને પ્રિયલના દાદી. પ્રાર્થનાસભા તા. ૩-૫-૨૬ના સાંજે ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. હિંગવાલા લેન ઉપાશ્રય, આનંદ મંગલ, બેંક્વેટ હોલ, ૨જે માળે, હિંગવાલાલેન, ઘાટકોપર (ઇસ્ટ).

## હિન્દુ મરણ

**કપોળ**

મહુવાવાળા હાલ મુંબઇ સ્વ. રેવાબેન હરિલાલ સંઘવીના પુત્ર રવીન્દ્ર (ઉં. વ. ૭૮) શુક્રવાર તા. ૧-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. તુષાર, મનીષાના પિતા. સુનીલ, સ્વ. નિલભાઇ પારેખના સસરા. કાન્તાલક્ષ્મી પ્રતાપરાય દેસાઇના જમાઇ. સિદ્ધાંત, સિદ્ધિના નાના. સ્વ. ધીરુભાઇ, સ્વ. લલ્લુભાઇ, સ્વ. કિસનભાઇ, સ્વ. નિર્મલાબેન, સ્વ. હંસાબેન, યશોમતીબેન, સ્વ. નિરંજનાબેન, સ્વ. કાશ્મીરાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**ભાવનગરી મોચી**

ગામ ઉમણીયાવદર હાલ મુંબઇ ભૂપતભાઇ રામજીભાઇ સોંડાગર (ઉં. વ. ૭૪) તા. ૨૭-૪-૨૬ સોમવારના રામચરણ પામ્યા છે. તે પુષ્પાબેનના પતિ. મયૂરભાઇ, રાઘવજીના મોટાભાઇ. ઉમેશ, અનીતાના પિતા. રાહુલ, ઘનશ્યામ, જીજ્ઞા, મહેશ, ચેતના, ધર્મિષ્ટા, સોનલના મોટા (પપ્પા), જીજ્ઞેશ સવજીભાઇ પરમારના સસરા. અશોક, લાલજી, રેખાના કાકા.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સ્વ. સાવિત્રીબેન પ્રવિણચંદ્ર દોશી (કલકતાવાળા)ના સુપુત્ર ભૂપેન્દ્ર પ્રવીણચંદ્ર દોશી (ઉં. વ. ૮૨) પલ્લવીબેનના પતિ. વિપુલ અને જીમીશના પિતાશ્રી. પ્રિયાબેન અને પ્રાચીબેનના સસરા. એલરની, આર્યના, માયરાના દાદા. તે સ્વ. કોકિલાબેન બાબુલાલ પરીખના જમાઇ. સ્વ. વસંતભાઇ, યોગેશભાઇ, ભદ્રેશભાઇના ભાઇ. ગુરુવાર, તા. ૩૦-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨-૫-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. પાટીદાર સમાજ હોલ, ફ્રેંચ બ્રિજ, લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

સ્વ. અમરબાઇ માવજી અણજારા (ઉં. વ. ૯૫) ગામ કુકડ હાલ મુંબઇ સેન્ટ્રલ સ્વ. માવજીભાઇ જેઠાભાઇ અણજારાનાં ધર્મપત્ની. સ્વ. માલીબાઇ તથા સ્વ. દુદા મુળા દાયમાની દીકરી. પડાયાના ભાણેજ. રાણીબેન, લિલાબેન, પ્રમિલાબેન તથા વિનોદભાઇના માતુશ્રી. કુસુમબાઇ, નિર્મળાબેન, કાનજીભાઇ સોસા તથા ગિરધરભાઇ ચારણિયાના સાસુમા. બારમાની વિધિ તા. ૩-૫-૨૬ના સાંજે ૫ કલાકે. સંખ્યાપાઠ રાખવામાં આવેલ છે. ઠે. બીઆઇટીચાલ નં-૨, રૂમ નં.૨/૫૪ મુંબઇ સેન્ટ્રલ.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ કાંદિવલી સ્વ. દેવકોરબેન જગમોહનદાસ વોરાના પુત્ર જીતુભાઇ (ઉં. વ. ૯૬) રમાબેનના પતિ. તા. ૩૦-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. જાગૃતિ રાજેશ ગાંધી, દર્શના મહેશ ચીતલીયા, હીમા સંજીવ કુરુલકર, સ્વ. ગાર્ગી રાજીવ પોતદારના પિતા. કિશન, ભરત, મયુર, ઉષા, ગીતા શરદ શાહ, હંસા દિનેશ શાહ, ચારુ અનિલ શાહના મોટાભાઇ. પરિમલ, માલતી, ઉષાના જેઠ. નવાપુરવાળા સ્વ. છગનલાલ મોહનલાલ દલાલના જમાઇ. શ્રેયા, શ્રેયસ, અંકિતા, અંકિતના નાના. પ્રાર્થનાસભા તા. ૩-૫-૨૬ના પાવનધામ, ૧લે માળે, સત્યનગર, કાંદિવલી (વેસ્ટ), ૪.૩૦થી ૬.

**કચ્છ વાગડ લોહાણા**

મૂળ ગામ ચિત્રોડ હાલ ઘાટકોપર ઉષા ખીમજી ઠક્કર (ઉં. વ. ૫૭) તે અ.નિ.ખીમજી માધવજી તથા ગં. સ્વ. શાંતાબેનની પુત્રી તા. ૨૯-૪-૨૬ બુધવારના અક્ષરનિવાસી થયેલ છે. તે ભરત, પ્રવિણ, પુષ્પા, શૈલેશના બેન. લીલાવંતી, આરતી, નીતાના નણંદ. તે જીજ્ઞા પરાગભાઇ, સોનલ, આનંદ, હિરલ, અનૂપ, મોનિષાના ફૂઇ. પ્રાર્થનાસભા તા. ૨-૫-૨૬ શનિવારના સાંજે ૫થી ૭. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયાનગર, ઘાટકોપર (પૂર્વ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## સૂર્યકુમારનો સૂરજ ફરી ક્યારે ઊગશે?

### ટી-૨૦માં ભારત સૂર્યાની કેપ્ટન્સીમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યું, પરંતુ બેટિંગમાં તેનું નબળું ફોર્મ ટીમ ઈન્ડિયા તેમ જ મુંબઈ ઈન્ડિયન્સ માટે ચિંતાનો વિષય છે...

**ક્રિકેટની** રમતમાં અને ખાસ કરીને ટી-૨૦ ફૉર્મેટમાં કોઈ ખેલાડી જોતજોતામાં ઊંચા શિખર સર કરવા માંગતો હોય છે (જેમ કે ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી) અને કોઈ પ્લેયર કારકિર્દીનો સુવર્ણકાળ જોયા બાદ અચાનક તેનો ગ્રાફ નીચે આવી જતો હોય છે (જેમ કે સૂર્યકુમાર યાદવ). આજે આપણે ૩૫ વર્ષના સૂર્યકુમારની જ વાત કરવાની છે.

ભારતીય ટી-૨૦ ટીમના વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન સૂર્યાના નેતૃત્વ વિશે કોઈને લેશમાત્ર શંકા નથી, પરંતુ બેટિંગમાં તેનું નબળું ફોર્મ તેના કરોડો ચાહકો માટે મોટી ચિંતાનો વિષય છે. આઈપીએલ પછી ટી-૨૦ વર્લ્ડ કપની ટીમની કેપ્ટન્સી સંભાળવાની વાત દૂર રહી, એ ટીમમાંથી જ તેણે સ્થાન ગુમાવવું પડે એવી તેની હાલત છે.

જ્યારે સૂર્યકુમાર યાદવ જેવા સ્તરના ખેલાડી લયમાં ન દેખાય, ત્યારે સામાન્ય રીતે તેના ફોર્મમાં કચાશ એક જ ફૉર્મેટ કે એક જ ટીમ વતી રમતી વખતે નથી દેખાતી હોતી. તે સરિયામ નિષ્ફળ બની જતો હોય છે. ભારતની નેશનલ ટીમ અને મુંબઈ ઇન્ડિયન્સ માટે તેની નબળી બૅટિંગ ટેક્નિકલ, ટૅક્ટિકલ અને માનસિક પરિબળોના સંયોજનનું પરિણામ છે. તેની ક્ષમતામાં અચાનક ઘટાડો નથી થયો. આવું કેટલાક કારણોસર છેલ્લા લગભગ એક વર્ષમાં જોવા મળ્યું છે.

**સૂર્યાના અભિગમમાં ક્યાં ખામી છે?**

તેના શ્રેષ્ઠ સમયમાં નવીનતા તેની સૌથી મોટી તાકાત હતી. ૩૬૦ ડિગ્રી સ્ટ્રોક-પ્લે, જેના માટે બોલરો ફીલ્ડિંગ સેટ કરી શકતા નહોતા. જોકે હવે ટીમોએ હોમવર્ક કરી લીધું છે:

કઠણ પિચ પર બોલર્સ વધુ સંખ્યામાં સ્લોઅર બોલ તેના હિટિંગ ઝોનમાં ફેંકતા જોવા મળે છે.

પરિણામે, શરૂઆતમાં તે ગૂંચવાઈ જાય છે અને પછી જોખમી શોટ રમવા મજબૂર બને છે.



તે હવે વારંવાર ઇનિંગ્સની શરૂઆતમાં સંઘર્ષ કરતો જોવા મળે છે. પહેલા ૧૦૧૫ બોલમાં તેની નબળાઈ હવે કોઈનાથી છૂપી નથી. તે જલદી રન બનાવવાના દબાણમાં વિકેટ ગુમાવી બેસે છે. તે પહેલાંની જેમ પ્રથમ બોલથી જ સરળતાથી રન નથી બનાવી શકતો. આથી તેની ઇનિંગ્સની શરૂઆત નબળી બની રહી છે. તે હવે ગુણવત્તાવાળા પેસ અને શોર્ટ બોલ સામે રમવામાં મુશ્કેલી અનુભવે છે.

વિરોધી ટીમો તેની સામે આ નબળાઇઓ યાદ રાખીને યોજના બનાવી રહ્યા છે અને તેને સસ્તામાં આઉટ કરી રહ્યા છે. તેના કટ અને રેમ્પ જેવા શોટ્સ હવે મર્યાદિત થઇ ગયા છે અને ટાઈમિંગ પણ સારા નથી હોતા.

તે હવે દબાણ હેઠળ હાઈ રિસ્કના શોટ સિલેક્શન કરતો જોવા મળે છે.

જે બોલ પર આક્રમક રમવાની જરૂર નથી હોતી એમાં પણ તે એવું રમીને આઉટ થઈ રહ્યો છે. તેનો માનસિક થાક દેખાઈ રહ્યો છે.

હજી ૧૧ મહિના પહેલા ૨૦૨૫ની આઇપીએલમાં સેકન્ડ બેસ્ટ ૭૧૭ રન બનાવનાર સૂર્યકુમાર પોતાની આક્રમક ભૂમિકા ભારત વતી કે મુંબઈ ઇન્ડિયન્સ વતી રમતી વખતે તાત્કાલિક આક્રમણ કરવું કે ધૈર્યપૂર્વક ઇનિંગ્સ બનાવવી એ વિશે મૂંઝવણમાં હોય એવું લાગે છે.

### સૂર્યા માટે ઉકેલ શું છે?

(૧) સૂર્યકુમારે અતિ-આક્રમક વલણને બદલે પહેલા ૧૫ બોલ રમવા વિશે નવેસરથી અપ્રોચ ફરી ગોઠવવો જોઈએ.

(૨) પ્રારંભમાં ખૂબ જ સાવચેતીપૂર્વક રમવું, બાઉન્ડરી કરતાં ગેપ્સ શોધવા. ૩૬૦ ડિગ્રીની સ્ટાઈલ છોડવાની જરૂર નથી, પણ સેટ થયા પછી જ જોખમી શોટ રમવા. યોગ્ય સમયે શોટ પસંદ કરવો.... ટાઈમિંગ પરફેક્ટ હોવું જરૂરી છે.

(૩) શૉર્ટ બોલ સામે ટેક્નિકલી ફેરફાર કરવો, થોડા પાછળ ઊભા રહીને બાઉન્સ બોલમાં શોટ મારવો.
હવામાં શોટ મારવાને બદલે ગ્રાઉન્ડેડ શોટ રમવા પર ધ્યાન આપવું.

(૪) ટીમ ઇન્ડિયા અને મુંબઈ ઇન્ડિયન્સ, બંને માટે પોતાની કઈ ભૂમિકા છે એ નક્કી કરવું.

### સ્પષ્ટ ચિત્ર શું છે?

સૂર્યકુમાર યાદવ જેવા ખેલાડીઓ એક રાતમાં કુશળતા ગુમાવતા નથી, પરંતુ તેની દરેક નબળાઈને નિશાન બનાવવામાં આવે છે.

જો તે શરૂઆતમાં સમજદારીથી રમે અને શોટ સિલેક્શનમાં સુધારો કરે તો તે ફરી વિશ્વના સૌથી ખતરનાક ટી-૨૦ બેટસમેનમાં સ્થાન મેળવી શકે છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## મિરડાલમાં લામબાના ને નોર્વે ઈન એ નટશેલ...

**નોર્વેની** ખ્યાતનામ લામબાનાની રાહ જોવામાં તો અમે આખું ગામ ચાર કલાકમાં સાઇકલ પર ફરી આવ્યાં. થોડી શોપિંગ કરી એ પછી પણ હજી ટ્રેનમાં થોડો સમય બાકી હતો. એવામાં સાઇકલ પાછી આપવા જતાં ટ્રેનનું મ્યુઝિયમ જ હાથ લાગી ગયું. આ મ્યુઝિયમ એટલું મસ્ત હતું કે ત્યાં વધુ પડતો સમય વિતાવીને અમે ક્યાંક ટ્રેન ન ચૂકી જઈએ એવી પરિસ્થિતિ થઈ ગઈ હતી. એ મ્યુઝિયમનાં કારણે અમારે ટ્રેન દોડીને પકડવી પડી. આ મ્યુઝિયમ આમ તો આ સો વર્ષ જૂની લામબાના કઈ રીતે બની, તેમાં કેટલી કેપેસિટી છે, લોકલ લોકોને તેનાથી કેટલો ફાયદો થયો, યુરોપિયન યુદ્ધોમાં તેની શું હાલત થઈ હતી, એ દરેક સ્ટેજની તસવીરોથી ભરેલું હતું. સમય સાથે અપડેટ થતી બોગી પણ ત્યાં જ હાજર હતી.



એક સદી પહેલાં આ ટ્રેન રૂટને બનવામાં ૧૬ વર્ષ લાગી ગયાં હતાં. અને નોર્વેની અઢળક ટનલોમાં ૨૦ ટનલ તો માત્ર આ નાનકડા ટ્રેન રૂટ પર છે. ભાગીને ટ્રેન પકડવાની પણ મજા તો છે જ. વળી આખો દિવસ ટ્રેનની આતુરતામાં વિતાવ્યા પછી આ ટ્રેન જો ચૂક્યાં હોત તો નક્કી બધાં એકબીજા પર ગુસ્સે જરૂર થયાં હોત. વળી મ્યુઝિયમની પાછળના હિસ્સામાં જે ગિટશોપ હતી ત્યાં એ જ પારંપરિક સુવિનિયરો હતાં. અહીં બધે ખાસ નોર્વેજિયન ટ્રોલની મૂર્તિઓ મળ્યા કરતી હતી. અહીં લોકોને સાવ નિર્જન જંગલ અને પહાડોમાં ટ્રોલ અને પરીઓ દેખાઈ જતાં હોવાની વાર્તાઓ જરાય અશક્ય નહોતી લાગતી. લીલા રંગની લામબાનામાં બેસીને પહેલાં તો અમે સ્ટ્રોબેરી અને ક્રીમ ખાધાં. નાસ્તો તો પહેલી દસ મિનિટમાં જ પતી ગયો. હવે બંને તરફ વ્યુ જોવા પર ધ્યાન ગયું. આ ટ્રેનનાં સ્ટોપ ખરાં સ્ટેશન હતાં. આ કંઇ ખાલી ટૂરિસ્ટ ટ્રેન નથી. ઘણાં લોકો સામાન સાથે વચ્ચેના સ્ટેશન પર ઊતરીને ત્યાંનાં ઘરો અને બી એન્ડ બીમાં રોકાવાનાં હતાં. એવામાં રસ્તામાં એક ભવ્ય જળધોધ પર ગાડી ઊભી રહી. એવો ઘેરો ધોધ હતો કે તેનાં પાણીનાં વરસાદ જેવાં ફોરાં છેક ગાડીની અંદર સુધી આવતાં હતાં. ગાડીમાં કોમેન્ટ્રી તો ચાલુ હતી જ. હવે ગાઈડ જેવા કન્ડક્ટરોએ બધાંને બહાર આવવાનું કહ્યું. અહીં ગાડી દસ મિનિટ ઊભી રહેશે અને બધાંને ફોટા પાડવાનો મોકો મળશે એવી વાત હતી. હવે બધાં પોતપોતાની




રીતે ફોટા પાડવામાં મસ્ત હતાં. ત્યાં એક તરફ લાલ કપડામાં બ્લોન્ડવાળી એક ડાન્સર દૂર ધોધની ઉપરના ખડકો પાસે એકદમ લાઉડ ગીત સાથે ડાન્સ કરવા લાગી. પહેલાં તો અચાનક જ આવું ગીત ચાલુ થતાં ભડકી જવાયું. અહીંનાં જંગલોમાં જોવા મળતી વિચનું આ ટ્રિપમાં નાટકીય રૂપ અમને પણ જોવા મળી ગયું. અમને એમ કે મિરડાલ સ્ટેશન પર કંઇ વ્યુ કે એવું આ ટ્રિપની હાઇલાઈટ બનશે, પણ આ ટ્રેન રાઇડની મૂળ હાઇલાઇટ તો આ સરપ્રાઇઝ ડાન્સ જ હતો.

કહેવાય છે કે અહીંનાં જંગલો અને વગડામાં 'હૂલ્ડ્રા' નામની આ જાદુઈ દેખાવડી ડાકણો ગીતો ગાઈને લોકોને ફોસલાવીને મારી નાંખતી હોવાની દંતકથાઓ છે. એ કલ્ચરલ દંતકથાને આજે નાટકીય સ્વરૂપમાં જોઈને બધાંએ ઘણી મજા કરી. વળી આ ડાન્સર એક જ કપડા અને દેખાવમાં એક દિશાથી ગાયબ થઈને થોડી જ સેકન્ડમાં બીજી દિશાએથી નીકળતી હતી. આ નોર્સ માયથોલોજિકલ સ્પિરિટને આ સ્વરૂપમાં જોવાની મજા જરાય ભૂલી શકાય તેમ નથી. તેમાંય તે હૂલ્ડ્રા સાથે જે સંગીત વાગતું હતું તે આજે પણ મગજમાં ઘૂમ્યા કરે છે. તે મ્યુઝિક સાંભળ્યા પછી બાકીની આખી ટ્રિપમાં બધાં એ ગણગણ્યા કરતાં હતાં. એ ધૂન ખરેખર માણસને જો એકલા જંગલમાં સાંભળવા મળે તો તેની તરફ ખેંચાઈ જવાનું સમજી શકાય તેવું હતું.

આ હૂલ્ડ્રાનો શો ભજવનારી ડાન્સરો નોર્વેજિયન બેલે સ્કૂલની સ્ટુડન્ટ્સ જ હોય છે. બધાંને ત્યાં પ્રેક્ટિસ કરવાનો મોકો મળ્યા કરે છે. પહેલેથી ખબર હોય કે અહીં આ ડાન્સ જોવા મળવાનો છે તો પણ જે રીતે તે ભજવાય છે એ રીતે કોઈને પણ સરપ્રાઇઝ થવા મળી જાય છે. અહીં વોટરફોલની સાવ નજીક જવા માટે તો રેઇનકોટની જ જરૂર પડી જાય તેવું હતું. બધાંને પાછાં અંદર ટ્રેનમાં લઈ જવાનું કામ અઘરું હતું. આખરે બધાં ટ્રેનમાં ઘૂસ્યા પછી મિરડાલ આવ્યું. ત્યાં ઊતરીને કાફેમાં થોડો સમય વિતાવવાની ઇચ્છા હતી, પણ છેલ્લી ટ્રેન ત્યાં લાંબું ઊભી નથી રહેતી. જો થોડા સમય પહેલાંની ટ્રેન હોત તો અહીં રોકાઈને નાનકડી હાઇક કરીને પછીની વળતી ટ્રેન પાછી લઈ શક્યાં હોત. તો એ સમયે મિરડાલની આસપાસનો વિસ્તાર એક્સ્પોલર કરવા નીકળી પડ્યાં હોત. તે સમયે મર્યાદિત સમયમાં જે મિરડાલ જોવા મળ્યું તે પણ કંઇ કમ ન હતું.

મિરડાલમાં માંડ આંગળીને વેઢે ગણી શકાય એટલાં ઘરો દેખાતાં હતાં. તેમાં ત્યાં એક કપલ પોતાનો લગેજ લઈને ઊતરી ગયું. એક સમયે તો અમને પણ ત્યાં જ રોકાઈ જવા માટે મન થઈ ગયું હતું. બીજા દિવસે સવારની ટ્રેન લઈ લેત, પણ તે રાતે તો ફોસવાન્ગનનું ચોર્ડ અને અમારા હોલીડે એપાર્ટમેન્ટમાં પડેલો અમારો સામાન પણ અમારી રાહ જોઈ રહ્યો હતો. મિરડાલ એક સમયે ઓસ્લોથી બર્ગેન જતાં રસ્તામાં આવે છે એ રીતે જાણીતું હતું. એક જમાનામાં આ ગામને નોર્વે ઇન એ નટશેલ કહેવાતું હતું. નોર્વેમાં જે પણ જાણીતું છે, ચોર્ડ, વોટરફોલ, જંગલ, માયથોલોજી, જે પણ છે તે બધું એક સાથે અહીં જોવા મળી જાય છે. અમે પણ બસ આ નાનકડી વિઝિટમાં જે પણ શક્ય હતું તે બધું જ જઈ લીધું હતું.

લામબાના પાછી ફરી પણ રિટર્નમાં ત્યાં કોઈ ડાન્સરો ન હતી. વળતી ટ્રિપ પ્રમાણમાં બોરિંગ લાગી. આખા દિવસની આતુરતા અને તે પછીની સરપ્રાઇઝને મેચ થાય તેવું હવે કશું બાકી રહ્યું ન હતું. બીજી સવારે મજા માટે વધુ સરપ્રાઇઝ થવા બર્ગન જવાનું હતું. ■





સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર — ધર્મતેજ — આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર — તરોતાજા (તન-મન-ધનથી રહો) — મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર — ઈન્ટરવલ — થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર — લાડકી પુરુષ — સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર — મેટિની — મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર — વીક એન્ડ — વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર — ઉત્સવ — અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ


## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

**નેપાળમાં** ઈન્ટરનેશનલ એરપોર્ટ બે જ છે. એક કાઠમંડુ અને બીજું પોખરા. ટૂર પેકેજમાં આવો ત્યારે નેપાળ પ્રવાસનો પ્રારંભ કાઠમંડુથી જ થાય. કાઠમંડુ 'સિટી ઓફ ટેમ્પલ્સ' - મંદિરોના ધામ તરીકે પ્રખ્યાત છે. તીર્થયાત્રાએ નીકળ્યા હો તો અલગ વાત છે, પણ નેપાળ પ્રવાસનો હેતુ ધર્મસ્થાનકોની મુલાકાત ઉપરાંત સહેલ સપાટા મારવાનો - મોજમજા કરવાનો પણ હતો. એટલે પશુપતિનાથ અને અન્ય ખ્યાતિપ્રાપ્ત ધર્મ સ્થાનકોના દર્શન પછી પોખરાનો પ્રાકૃતિક વૈભવ માણવા અમે ઉપડ્યા.

કાઠમંડુથી પોખરા જવા માટે સડક માર્ગ અને હવાઈ માર્ગ બંને ઉપલબ્ધ છે. અમારા ટૂર પેકેજમાં હવાઈ માર્ગનો સમાવેશ હતો. સડક માર્ગે જવાથી પ્રાકૃતિક સૌંદર્ય માણી શકાય એવી દલીલ એક સાથી પ્રવાસીએ કરી, પણ એ અંતર કાપતા છથી સાત કલાક થઈ જાય કારણ કે હાલ એ રૂટ પર મેઈન્ટેનન્સના કામ ચાલુ છે. હવાઈ માર્ગની મુસાફરી માત્ર અડધો કલાકની. કાઠમંડુના ત્રિભુવન એરપોર્ટના ડોમેસ્ટિક ડિપાર્ચર (જ્યાંથી દેશની અંદર મુસાફરી કરતી ફ્લાઈટ પકડી શકાય)માં ફ્લાઈટની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એક નેપાળી યુવકે સરસ જાણકારી આપી કે જમણી બાજુએ જો વિન્ડો સીટ મળે તો બહુ સુંદર દૃશ્યો જોવા મળશે. જોકે, એવી સીટ મળી નહીં, પણ ગ્રૂપના એક સાથીને રિકવેસ્ટ કરી તો એમણે સીટ એક્સચેન્જ માટે તૈયારી દેખાડી અને બંદા હિમાલય દર્શન માટે ગોઠવાઈ ગયા. વિમાનમાં બાજુની સીટ પર એક ગૃહસ્થ બેઠા હતા અને એમના ચહેરા પરના તેજથી તેઓ વિદ્વાન લાગતા હતા. વિન્ડો સીટ માટેનો મારો તલસાટ જોઈ 'હિમાલય જોવાની ઈચ્છા લાગે છે' એમ કહ્યું અને મેં સસ્મિત હા પાડી. 'કાલિદાસનું કુમારસંભવમ વાંચ્યું છે?' પ્રશ્ન કર્યો. સહેજ છોભીલા પડી ના કહી એટલે કહ્યું કે 'એમાં એક શ્લોક છે **अस्त्युतरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः।** એનો અર્થ થાય છે ઉત્તર દિશામાં દેવતાઓના આત્મા સ્વરૂપ પર્વતોના રાજાધિરાજ હિમાલય સ્થિત છે.' સંસ્કૃત પંક્તિ તેમણે મારી ડાયરીમાં લખી આપી. વિદ્વાનને કેમ કહેવું કે શાળા અભ્યાસમાં સંસ્કૃત વિષય હતો, પણ એ ભણ્યા નહોતા, સારા માર્ક મેળવવા માટે ગોખીને પાસ થવાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. પર્વતાધિરાજની આભા નિહાળી અંતરપટ પર અનન્ય અનુભવ થઈ રહ્યો હતો ત્યાં એરહોસ્ટેસ આવી અને સીટ બેલ્ટ બાંધવાનો ઈશારો કર્યો એટલે ખ્યાલ આવી ગયો કે વિમાન ઉતરવાનો સમય થઈ ગયો છે. એરક્રાફ્ટમાંથી બહાર નીકળી એરપોર્ટ પર પગ મૂકતા જ નિસર્ગની નજીક આવ્યા હોવાની લાગણી થઈ

## મોર બની થનગાટ કરે...



### ચિતવન નેશનલ પાર્ક સફારીઃ

જંગલ સફારીની વાત નીકળે એટલે સૌથી પહેલા આફ્રિકાની 'મસાઈ મારા' (કેન્યા) અને 'સેરેન્ગેટી નેશનલ પાર્ક' (ટાન્ઝાનિયા)નું સ્મરણ થાય છે. જંગલ સફારીનું ક્રીમ ગણાતી આ બંને જગ્યાએ એકવાર તો જવું જ જોઈએ એવી ઈચ્છા અનેક દિલોમાં વસવાટ કરતી હશે. અલબત્ત, આ સફારીનો આનંદ લેવા ખિસ્સા પહોળા અને ઊંડા હોવા જોઈએ. એમ તો આપણા જિમ કોર્બેટ (નૈનિતાલ), રણથંભોર (સવાઈ માધોપુર - રાજસ્થાન), બાંધવગઢ નેશનલ પાર્ક (ઉમરિયા - મધ્ય પ્રદેશ) તેમજ તડોબા (ચંદ્રપુર - મહારાષ્ટ્ર) ઓછા ઉતરે એવા નથી. નેપાળના પોખરાસ્થિત ચિતવન નેશનલ પાર્કની ખાસિયત એ છે કે અહીં 'જંગલ વોક' કરવાની સુવિધા ઉપલબ્ધ છે. જંગલ વોક શરૂ કરતા પહેલા કેટલીક યાદગાર બાબત જોઈ જે માનસપટ પર અંકિત થઈ ગઈ. એક જગ્યાએ મોર અને ઢેલ સાથે હતા. એવું નાનપણથી સાંભળતા આવીએ છીએ અને શાળા ભણતર દરમિયાન પુસ્તકમાં પણ વાંચ્યું છે કે મોર મુખ્યત્વે વર્ષાઋતુ દરમિયાન, આકાશમાં કાળા ડિંબાગ વાદળો છવાયેલા હોય અને વરસાદ પડવાની તૈયારી હોય ત્યારે ઢેલને આકર્ષવા માટે પીંછા ફેલાવીને કળા કરે છે. સિવાય સંવનનકાળ વખતે પણ મોર કળા કરીને નૃત્ય કરે છે. અમે ચક્કર લગાવી રહ્યા હતા એ જ સમયે મોરને શું પ્રેરણા થઈ કે કેકારવ કરી ઢેલને જાણે રીઝવતો હોય એમ કળા કરવા લાગ્યો. પ્રેમનું આ દૃશ્ય એટલું મનોહર હતું કે ન પૂછો વાત.

આદિલ મન્સૂરી સાહેબની રચના 'જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે'નું સ્મરણ થયું અને અઢી અક્ષરના ઉપવનનો સાક્ષાત્કાર થયો. જરા આગળ ગયા ત્યાં હાથીઓનું ઝૂંડ નજરે પડ્યું. અલબત્ત, મુક્ત અવસ્થામાં નહીં, બંધક હાલતમાં. પ્રાણીઓની સારસંભાળની ટીમમાં કામ કરતા એક કર્મચારીએ એક હેરત પમાડનારી જાણકારી આપી. એના કહેવા અનુસાર અમને દેખાતા નવેનવ હાથી નહીં, હાથણીઓ હતી. દરેક હાથણી સાથે એક મદનિયું હતું અને આ નવેનવ મદનિયાના ડેડી અને નવ હાથણીઓના પતિરાજ એક જ હાથી હતો જે જંગલમાં ટહેલવા ગયો હતો અને સાંજે પરિવાર પાસે પાછો ફરવાનો હતો. એક રાજાની અનેક પટરાણીઓ વાર્તાનું સ્મરણ થયું.

## એક ગજરાજની અનેક 'પટરાણી'માંની આ છે એક...





પોખરાનો પ્રાકૃતિક વૈભવ જોઈ મોહિત થઈ જવાય, પ્રેમ થઈ જાય

### ફેવા લેકઃ

પોખરા પ્રાકૃતિક સૌંદર્યનું સરનામું ગણાય છે એમાં શહેરમાં સ્થિત નવ સરોવરની આભાનો મોટો ફાળો છે. નેપાળી શબ્દ 'પોખરા'નો અર્થ થાય છે 'સરોવરોનું શહેર'. ફેવા લેક અહીંનો પ્રખ્યાત લેક તરીકે ગણાવાય છે. એનું કારણ એ છે કે આ સરોવરમાં વિવિધ પ્રકારની નાવડીમાં બોટિંગ કરવાની સગવડ હોવા ઉપરાંત એક મંદિરના દર્શન કરવાની તક પણ મળે છે. બોટિંગના પણ પેકેજીસ છે. એક રાઉન્ડ મારવો છે કે પછી ચકરાવો લેવો છે કે દૂર સુધી જઈ આનંદ લેવો છે એના આધારે પૈસા ચૂકવવાના રહે છે. અમારું તો પેકેજ ડીલ હતું એટલે હલેસા મારતી ખુલ્લી નાવડી તો નહીં, પણ ઉપરથી બંધ એવી બોટમાં અમારી સવારી ઉપડી. સરોવરના જળ એટલા નિર્મળ હતા કે આપણા પ્રતિબિંબ જોઈ શકાતા હતા. લીલીછમ વનરાજીથી ઢંકાયેલા પહાડો નીરખી મન પ્રફુલ્લિત થઈ ગયું. દસ - બાર મિનિટની જળયાત્રા પછી સામે કિનારે ઉતરીને તાલબારાહી મંદિરમાં દર્શનનો લાભ મળ્યો. પોખરાના આ નામાંકિત ધર્મસ્થાનમાં બિરાજમાન હિન્દુ દેવી બારાહી દુર્ગાનું સ્વરૂપ છે એવી જાણકારી આપવામાં આવી. જોકે, ફેવા લેકની અસલી મજા તો અન્નપૂર્ણા પર્વતમાળાના દૃશ્યમાં હતી. પોખરાના અન્ય સરોવરમાં ખસ્તે સરોવર જોવાની અદમ્ય ઈચ્છા હતી, કારણ કે ત્યાં સાઈબેરિયાના અને અફઘાની પંખીઓ સ્થળાંતર કરીને થોડા સમય માટે વસવાટ કરતા હોય છે. પણ એ શક્ય નહોતું. પોખરાની બીજી મુલાકાતમાં એ ઈચ્છા પૂરી કરવી એવો નિર્ધાર કરી મન મનાવી લીધું. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# વૈશાખના વરઘોડા...




ગુજરાતી પંચાંગ મુજબ વૈશાખ મહિનો એટલે સૂર્યનારાયણ ફૂલ ફોર્મમાં... ભલભલા બોલરોની આડેધડ ધુલાઈ કરતાં પેલા ૧૪-૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી જેવો!

આ મહિનામાં જો તમે ભૂલેચૂકે બપોરે બહાર નીકળો, તો તમને લાગે કે કુદરતે પૃથ્વી પર 'શેકેલા પાપડ' બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે, પણ ધન્ય છે આપણા જ્ઞાતિ-જાતિના પંચોને અને મુહૂર્ત કાઢનારા મહારાજોને, જેમને આકરા તાપમાં જ 'લગ્નસરા' દેખાય છે!

વૈશાખમાં લગ્ન કરવા એ કોઈ સામાન્ય સાહસ નથી. એ તો સાક્ષાત્ 'પરમવીર ચક્ર' મેળવવા જેવું પરાક્રમ ( કે દુઃસાહસ) છે.

સૌથી વધુ દયા તો પેલા વરરાજા પર આવે. બિચારો સવારથી 'ગ્લો' લાવવા માટે બ્યુટી પાર્લરમાં ઘસાઈને આવ્યો હોય, પણ જેવો એ અસ્તરવાળો, ડાર્ક કલરનો 'થ્રી-પીસ શૂટ' પહેરે એટલે એનું ગ્લોઈંગ મોઢું 'બાફેલા બટાકા' જેવું થવા લાગે. થોડીક વાર તો વરરાજા એવી રીતે વિચારવા માંડે કે ધોળા મલમલ નો સદરો અને ખાદીનો લેંઘો પહેરીને જ માંડવે જવાય.

તમે જસ્ટ કલ્પના કરો, બહાર તાપમાન ૪૪ ડિગ્રી હોય અને વરરાજાએ શેરવાની કે જાડો કોટ ચડાવ્યો હોય! અંદર પંખો તો શું, હવા જવાનો પણ માર્ગ ન હોય. વરરાજાના ચહેરા પરના હાવભાવ જોજો, એ પરણવા જતો હોય એવું ઓછું અને સીધો 'ફ્રાઈંગ પેન' કે ઉકળતા ચરુમાંથી બહાર નીકળ્યો હોય એવું વધુ લાગે. એના મનમાં સતત એક જ વિચાર ચાલતો હોયઃ 'આ લગ્ન વિધિ પતે એટલે સીધો આઈસ ફેક્ટરીમાં જઈને સૂઈ જવું છે!'

ઉનાળામાં લગ્ન કરે તો ભલે કરે, પરંતુ વરઘોડો કાઢવો ફરજિયાત હોય અને તે વગર લગ્ન માન્ય નહીં થાય તેવો નિયમ હોય તેમ ફરજિયાત વરઘોડો નીકળે એટલે અસલી ખેલ શરૂ થાય.

બેન્ડવાજાવાળા 'નાગિન'ની ધૂન વગાડે એટલે જાનૈયાઓમાં રહેલો 'શેષનાગ' જાગી ઊઠે. ભલે ડામરના રોડ પરથી વરાળ નીકળતી હોય, પણ આપણા જાનૈયાઓ તો એ ગરમ રોડ પર આળોટીને ડાન્સ કરશે. એમાં સૌથી વધારે તકલીફ આપતી વસ્તુમાં...

પગમાં ચામડાના બૂટઃ અંદર જાણે ભઠ્ઠી સળગતી હોય.

ગળામાં ટાઈઃ જાણે ફાંસો આપ્યો હોય એવો અનુભવ.

ખિસ્સામાં રૂમાલઃ જે પાંચ મિનિટમાં ભીનું થઈને 'પોતું' બની જાય.

એમાં પાછો નાગિન ડાન્સ કરતો જાનૈયો જ્યારે રૂમાલ કાઢીને મોઢું લૂછે, ત્યારે અડધો પાવડર અને અડધો પરસેવો ભેગો થઈને એના મોઢા પર 'ગૂગલ મેપ' જેવી આકૃતિઓ બનાવી દે છે.

કન્યા પક્ષની હાલત તો એથીય ગંભીર હોય. કન્યાએ ત્રણ કલાક પાર્લરમાં બેસીને જે 'પેઇન્ટિંગ' કરાવ્યું હોય, તે વૈશાખની લૂ સામે ટકી શકતું નથી. વરરાજો જ્યારે લગ્નમંડપે પહોંચે અને સાસુમા પોંખવા આવે ત્યારે દૃશ્ય જોવા જેવું હોય છે.

કન્યા હરખાઈને વરરાજાનું મોઢું જોવા આવે, પણ ત્યાં સુધીમાં તો પરસેવાને કારણે આઈલાઈનર વહીને ગાલ પર આવી ગયું હોય અને લિપસ્ટિક દાંત પર ચોંટી ગઈ હોય. બિચારો વરરાજો એક ક્ષણ માટે તો ગભરાઈ જાય કે એ કોઈ અજાણી જગ્યાએ, અજાણ્યા લોકો વચ્ચે તો આવી ચડ્યો નથીને?

સાસુમા પોંખતી વખતે મનોમન પ્રાર્થના કરતા હોય કે, 'હે ભગવાન, વરરાજો માંડવો છોડીને ભાગી ન જાય તો સારું!'

વૈશાખના લગ્નમાં જમણવારમાં ગમે તેટલી વેરાયટી હોય, પણ લોકોની નજર તો માત્ર 'આઈસક્રીમ' અને 'ઠંડા પીણાં' પર જ હોય છે. ગુલાબજાંબુ બિચારા ગરમ ચાસણીમાં એકલા અટૂલા પડ્યા હોય છે, કોઈ એને પૂછતું નથી, પણ આઈસ્ક્રીમના કાઉન્ટર પર તો જાણે 'મહાભારત' ખેલાતું હોય એવાં દ્રશ્યો જોવાં મળે...

માણસો પ્લેટ લઈને એવી રીતે તૂટી પડે છે કે જાણે આ આઈસક્રીમ નહીં, પણ અમૃત છે જે પીવાથી એ અમર થઈ જશે.

ખરેખર, જે માણસ ૪૫ ડિગ્રી ગરમીમાં, જાન લઈને જાય, થ્રી-પીસ શૂટ પહેરે, ગરમ ડામર પર નાગિન ડાન્સ કરે અને પછી હસતા મોઢે સ્ટેજ પર ફોટા પડાવે... એને 'વરરાજા' નહીં પણ 'વર-વીર' કહેવો જોઈએ. સરકારને વિનંતી છે કે આવા વરરાજાઓને 'પરમવીર' કે 'અશોક ચક્ર' ન મળે તો કાંઈ નહીં, પણ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી એક આઈસ પેક અને ઠંડા લીંબુ શરબતનું બોક્સ તો ઈનામમાં મળવું જ જોઈએ!

સ્ત્રીઓ તો એસી હોલમાં ચિલ્ડ વાતાવરણમાં કાળઝાળ ગરમી ચીરીને આવતા વરઘોડાની રાહ જોતી મજા કરતી હોય છે. જોકે આવા 'ગરમા ગરમ' માહોલમાં પુરુષ માટે એક આશ્વાસન લેવા જેવી વાત એ છે કે વૈશાખ મહિનામાં જેણે લગ્ન કર્યા હોય તેને લગ્ન જીવનમાં ગમે તેટલા વિઘ્નો આવે, પરંતુ લગ્ન વખતનું વાતાવરણ યાદ કરે એટલે મોટું વિઘ્ન પણ નાનું લાગે. ■

**વિચારવાયુ**

*પુરુષોએ લગ્ન ન જ કરાય. સ્ત્રીઓએ કરવા હોય તો ભલે કરે.!*

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પારધિ | ઘોડિયું |
| પારકું | હોશિયાર |
| પારણું | શિકારી |
| પારંગત | પુષ્કળ |
| પારાવાર | બીજાનું |

## જાણવા જેવું

કસબાથી મોટું હોય અને બહુ ધંધો વેપાર ચાલતો હોય, જ્યાં ઘણી જાતના લોકો વસતા હોય તથા જ્યાં ઘણા વેપારી અને કારીગરો હોય તેમ જ પ્રધાન ન્યાયાલય હોય તે નગર ગણાતું. નગરનું અર્ધું હોય તેને ગામ કહેવું અને તેવા ગામનું અડધું હોય તેને ખેડું અથવા ખેટક કહેવાય તથા ખેટકનું અર્ધ હોય તો તેને ફૂટ અને ફૂટનું અર્ધ હોય તેને ખર્વર કહેવાય.

## ગુજરાત મોરી મોરી રે

'સંતુ રંગીલી' સહિત અનેક ગુજરાતી નાટકોમાં પ્રભાવ પાડનારાં સરિતા જોશીએ દેવેન ભોજાણી સાથે કયું નાટક કર્યું હતું એ કહી શકશો?

અ) સવિતા દામોદર પરાંજપે
બ) સખા સહિયારા
ક) કુમારની અગાશી
ડ) રમત શૂન ચોકડીની

## નોંધી રાખો

જીવનમાં સંયમ અને સદાચાર અત્યંત મહત્ત્વ ધરાવે છે. એ બંને જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પુસ્તકમાં રહેલું જ્ઞાન કામ લાગશે નહીં.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | | ૪ | | | ૫ |
| ૬ | | | | ૭ | | | | | |
| ૮ | | | | | | | | ૯ | |
| | | | ૧૦ | | | | ૧૧ | | |
| ૧૨ | | ૧૩ | | | | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | | ૧૮ | | | | |
| | ૧૯ | | | ૨૦ | | | | ૨૧ | |
| ૨૨ | | | ૨૩ | | | | | ૨૪ | ૨૫ |
| | | | ૨૬ | | | | ૨૭ | | |
| ૨૮ | | | | | ૨૯ | | | | |

### આડી ચાવી

૧. થાપણ, સાચવવા સોંપેલું (૪)
૪. સ્વાર્થ (૪)
૬. કરવો=ભણવું (૩)
૭. પતિ (૩)
૮. આપ ભલા તો --- ભલા (૨)
૯. જરા અડવાથી દુઃખે એવું (૨)
૧૦. ભેદ, જુદાઈ (૩)
૧૧. કારાગર, તુરંગ (૨)
૧૪. કુશળ (૪)
૧૬. સાવધાન, જાગ્રત (૪)
૧૯. દુકાન, બજાર (૨)
૨૦. દૃઢ, ડગે નહીં તેવું (૩)
૨૨. પ્રતિજ્ઞા, ટેક (૨)
૨૪. નવમી તિથિ (૨)
૨૬. --- બધે કાળા (૩)
૨૭. મદદ (૩)
૨૮. વાતનું --- કરવું નહીં (૪)
૨૯. સેંકડાના પ્રમાણમાં ગણતરી (૪)

### ઊભી ચાવી

૧. ભિક્ષુ, પરોણો (૪)
૨. મહિનો (૨)
૩. પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)
૪. વેહવાળો ગોળ પારો (૩)
૫. બેવડું (૩)
૬. બકરો (૨)
૯. સન્માન (૩)
૧૧. ફક્ત, માત્ર (૩)
૧૨. તંગી, મુશ્કેલી (૨)
૧૩. વચલું (૩)
૧૫. મુક્કો (૨)
૧૭. નાવ, મોટો મછવો (૩)
૧૮. સડેડાટ, સપાટાબંધ (૫)
૨૧. મોહક, સુંદર (૪)
૨૨. મુકામ, છાવણી (૩)
૨૩. બૂમ (૩)
૨૫. શરાબ, મદિરા (૨)
૨૭. એક અને પા (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ક્કા | ૨ વા | ૩ રી | | | ૪ અ | ના | ૫ યા | ૬ સે |
| લ | | ૭ રા | ત | | | ર્ણ | | ૮ દી | વા |
| ૯ હ | ર | ફ | | ૧૦ ધ | ર | વ | ૧૧ ટ | | ળ |
| | | ર | | મ | | | ૧૨ કો | રું | |
| ૧૩ ધ | ર | તી | | ૧૪ સા | ૧૫ મ | ર્થ્ય | | | |
| | | | ૧૬ વ | ણ | જ | | ૧૭ પ | ક | ડ |
| | ૧૮ નિ | ૧૯ જ | | | હ | | રો | | |
| ૨૦ યા | | ૨૧ ક | ૨૨ ર | ત | બ | | ૨૩ પ | તિ | ૨૪ ત |
| ૨૫ દ | ૨૬ વા | | સા | | | ૨૭ શં | કા | | ર |
| ૨૮ વી | ક | રા | ળ | | | ૨૯ ખ | ર | ગો | શ |

## ઓળખાણ પડી?

રણજી ટ્રોફીમાં વિદર્ભની ટીમ વતી રમનારા અને આઇપીએલ સ્પર્ધાની પ્રથમ મેચમાં પ્રથમ ઓવરમાં ત્રણ વિકેટ લેનારા બોલરને ઓળખ્યો?

અ) પ્રિન્સ યાદવ
બ) બ્રિજેશ શર્મા
ક) મુકેશ ચૌધરી
ડ) પ્રફુલ હિંજે




## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આસામના ફળને ઓળખો છો જે જીઆઈ ટેગ ધરાવે છે? આખા વર્ષ દરમિયાન એનો પાક લઈ શકાય એ એની ખાસિયત ગણાય છે.

અ) બેલ બ) સોફી ક) બર્મીઝ ગ્રેપ્સ ડ) કાજી નેમુ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૪, ૩૫, ૫૬, ૮૭... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૮૭ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૦૬ બ) ૧૧૭ ક) ૧૨૮ ડ) ૧૩૫

## સુડોકુ-૯૨૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | | ૯ | |
| ૮ | ૫ | | ૭ | | | | | |
| ૭ | | ૧ | ૯ | | | | ૩ | |
| ૩ | ૮ | | | ૧ | | | | |
| | ૪ | | | ૯ | | | ૨ | |
| | | | | ૨ | | | ૫ | ૬ |
| | ૯ | | | | ૩ | ૭ | | ૧ |
| | | | | | ૫ | | ૪ | ૨ |
| | ૬ | | | | | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૮ | ૭ | ૧ | ૯ | ૬ |
| ૬ | ૮ | ૩ | ૧ | ૯ | ૪ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૯ | ૭ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૫ | ૮ | ૭ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૮ | ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૩ | ૫ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૭ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ |
| ૫ | ૪ | ૯ | ૬ | ૩ | ૨ | ૮ | ૭ | ૧ |
| ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૪ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પોગર | પોલાણ |
| પોગવું | પહોંચવું |
| પોચકું | ઢીલું |
| પોચટ | બીકણ |
| પોટકી | નાની ગાંસડી |

ગુજરાત મોરી મોરી રેઃ
પ્રાણસુખ નાયક

ઓળખાણ પડી?
ઈશાન કિશન


માઈન્ડ ગેમ :
૧૯૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
સીતાફળ

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) ભાવના કર્વે (૧૫) કમલ માતલિયા (૧૬) ભરત કજરિયા (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) જ્યોત્સના ગાંધી (૨૪) રમેશભાઈ દલાલ (૨૫) હિનાબેન દલાલ (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) અંજુ ટોલિયા (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) પુષ્પા ખોના (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) મહેશ દોશી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) પ્રતિમા પમાણી (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) મહેશ સંઘવી (૪૨) પ્રવીણ વોરા

# પ્રપંચ




અગિયાર રો હાઉસ મળીને બનેલી સ્વસ્તિક સોસાયટીમાં સાયરન વગાડતી પોલીસ જીપ પહોંચી ત્યારે સાંજના સાત વાગેલા. ઈન્સ્પેક્ટર કરણ બક્ષી તેના જુનિયરો જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત સાથે પોલીસ જીપમાંથી નીચે ઊતર્યો. પોલીસ ત્રિપુટી કમાનાકાર કોતરણી કરેલા પ્રવેશદ્વારમાંથી સોસાયટીમાં દાખલ થઈ. બે બાજુ લહેરાતાં ને ઝૂમતાં આસોપાલવ, પીપળો, ચંપો, નાળિયેરી, ગરમાળો, ગુલમહોર, લીમડો, આંબો, ચીકુડી, જાંબુડી જેવાં વૃક્ષોનું અભિવાદન ઝીલતી પોલીસ ત્રિપુટીએ જોયું કે સોસાયટીની મધ્યમાં બગીચો આવેલો. હરિયાળો ને ધ્યાનાકર્ષક. ગુલાબ, ચમેલી, જાસૂદ, પારિજાત ને મોગરા સહિત રંગબેરંગી પુષ્પોથી મહેકી રહેલો બગીચો. બગીચા ફરતે ઘાસની લીલીછમ લોન. લોનમાં વડીલોને બેસવાના આસમાની ને ગુલાબી રંગે રંગેલા બાંકડા. બાળકો માટે ઝૂલા ને લપસણી.

બગીચાની બરાબર સામેની બાજુ અગિયાર રો હાઉસ અર્ધગોળાકારમાં ગોઠવાયેલાં. એકસરખી ડિઝાઈન અને એકસરખો રંગ. આથમતા સૂર્યનાં કિરણો પડવાથી સોનેરી ઝાંયવાળા દેખાતા આછા પીળા રંગના એકસરખા દેખાતા બંગલાની બહાર, પિત્તળના આંકડાથી બંગલાનો નંબર લખેલો. એમ તો બંગલામાં રહેનારનું નામ પણ બંગલાની બહારની દીવાલે કોતરેલું, પણ એ નામ દૂરથી ન દેખાતું. નજીક જઈને વાંચવું પડતું. પણ બંગલાનો નંબર દૂરથીય વંચાતો. પોતાને ક્યાં જવાનું હતું એ જાણતી પોલીસ ત્રિપુટીએ નવ નંબરના બંગલા ભણી પગ ઉપાડ્યાં. બંગલાની બહાર નામ કોતરેલું : માલતી. બાજુમાં માલતીના ફૂલનું ચિત્ર.

બંગલાની બહાર નાનકડી ઓસરી હતી. ઓસરીની ફરતે બે ફૂટ જેટલી જગ્યામાં ફૂલછોડ વાવેલાં. ઓસરીમાં ઝાંખો દીવો બળી રહેલો. ચાર પગથિયાં ચડીને કરણ, જયરાજ અને દેવકી ઓસરીમાં આવ્યાં. બંગલાની દીવાલે કળાયેલ મોરલાની ઘંટડી લાગેલી. દેવકી ઘંટડી વગાડવા આગળ વધી એટલામાં તો એક બહેન ઝંઝાવાતની જેમ દોડી આવ્યાં. બોલી ઊઠ્યાં : 'પોલીસ...અમારે આંગણે તમારું વળી શું કામ પડ્યું ?'

પોલીસ ત્રિપુટી આવનાર સ્ત્રીને નીરખી રહી. ચાળીસેક વર્ષની આસપાસની ઉંમર હશે. એકવડિયો, છતાં કસાયેલો બાંધો. સાડા પાંચ ફૂટથી સહેજ ઓછી ઊંચાઈ. લંબગોળ મોં પર મક્કમતા. હોઠ ભીડેલા. આંખોમાં કરડાકી. વાદળી કોરની સુતરાઉ સફેદ સાડી પહેરેલી એણે. સળબંધ નહોતી. ક્યાંક આછી ને ક્યાંક વધુ કરચલીઓ પડેલી. કોણી ઢંકાય એવું સફેદ બંધ ગળાનું બ્લાઉઝ. કપાળ કોરુંધાકોર. નામમાત્રનું આભૂષણ નહીં. હાથની કલાઈ પર તથા કાંડાથી કોણી વચ્ચેના ભાગમાં આછા ઉઝરડા પડેલા. પોલીસ ત્રિપુટી એ ઉઝરડા જોઈ રહી.

'અરે, આ તો ફૂલછોડ રોપતાં ઉઝરડા પડ્યા છે...' પેલી સ્ત્રી બોલી ઊઠી : 'પણ તમે જણાવ્યું નહીં કે અમારે આંગણે કેમ આવવું પડ્યું ?'

'આ માલતીબહેનનું જ ઘર છે ને ?' કરણ બક્ષી પૂછી રહ્યો. 'એમણે અમને ફોન કરેલો કે એમનો જીવ જોખમમાં છે.'

'શું કહ્યું ?' પેલી સ્ત્રી બેબાકળી બની ગઈ : 'ભાભીનો જીવ જોખમમાં છે ?'

'ભાભી...?' કરણ કહી રહ્યો : માલતીબહેન તમારાં ભાભી છે ? એનો અર્થ એ કે...'

'હા, ઈન્સ્પેક્ટર... હું માલતીભાભીની સગ્ગી નણંદ વિભાવરી.' પેલી સ્ત્રીના અવાજમાં કંપ ભળ્યો. દરમિયાન દેવકીએ દ્વારે લાગેલી ઘંટડી વગાડી. પણ કોઈએ દરવાજો ખોલ્યો નહીં. દેવકીએ ઉપરાઉપરી ઘંટી વગાડી, પણ ભીતર કોઈ સળવળાટ થયો નહીં.

'ઓ, મારાં ભાભી...' વિભાવરીએ ઠૂઠવો મૂક્યો, ત્યાં તો કરણ બોલી ઊઠ્યો : 'વિભાવરીબહેન, રોવાનું બંધ કરો. તમારાં ભાભીએ થોડી વાર પહેલાં જ અમને ફોન કરીને કહેલું કે, 'મારો જીવ જોખમમાં છે. કોઈ મને મારવા આવ્યું હોય એવું લાગે છે... અરે, આ તો તું છે. તું...તું..મને...' આટલું કહેતાં માલતીબહેનનો અવાજ બંધ થઈ ગયો. ટેલિફોનનું જોડાણ તૂટી ગયું હોય એવું લાગ્યું. એટલે તો અમે દોડી આવ્યાં છીએ. હવે તમે ઝડપથી બારણું ઉઘાડો. તમારી પાસે દરવાજાની બીજી ચાવી તો હશે ને ?'

'હા, ઈન્સ્પેક્ટર સાહેબ...' વિભાવરીબહેને આંખો લૂછી. કેડે લટકાવેલી ચાવીનો ઝૂડો કાઢ્યો. એમાંની એક ચાવી દરવાજે લાગેલા લેચમાં ઘુમાવી. દરવાજો ખૂલી ગયો. સાત-આઠ પગલાંનો કોરિડોર ઝડપથી વટાવીને પોલીસ ત્રિપુટી દીવાનખંડમાં ધસી આવી.

દીવાનખંડની ત્રણ દીવાલે મલમલના પિસ્તા રંગના એલ આકારના સોફા સજાવેલા. સોફાની પીઠ પર રંગબેરંગી ઓશિકા. ઓશિકાની સાથે લાલ રંગનું લેડીઝ પર્સ પણ પડેલું. પર્સની બાજુમાં એક નમણો સ્ત્રીદેહ સોફામાં પડેલો. રેશમની લાલ સાડી ને નખશિખ સોનાથી સજ્જ. ગળામાં લાંબી સોનાની સેર, કાનમાં સુવર્ણકુંડળ, હાથની કલાઈએ સોનાનાં કંકણ. આંગળીઓમાં નંગ જડેલી સોનાની વીંટીઓ. પગમાં ઝાંઝર. દેવકી મનોમન ગણગણી : 'વાહ, નણંદભાભીની શું જોડી છે.. નણંદ સાદગીની મૂર્તિ ને ભાભી શૃંગારની પ્રતિમા !'

દરમિયાન કરણ બક્ષીએ વિભાવરી સામે જોયું. એ ચીસ પાડી ઊઠી : 'અરે, આ તો મારાં ભાભી છે... મારાં વહાલાં ભાભી... ઓ ભાભી કયા કાળમુખાએ તમારો જીવ લઈ લીધો.. કોણે તમને મારી નાખ્યાં રે...'

'અરે, શાંત થઈ જાવ...' કરણે વિભાવરીને સાંત્વન આપ્યું. પછી એની આંખમાં આંખ પરોવીને કહી રહ્યો : 'તમે રડો નહીં. તમે એમ કેમ માનો છો કે તમારાં ભાભી મરી ગયાં છે... કદાચ માલતીબહેન બેહોશ થઈ ગયાં હોય એવું પણ બને.'

'હેં..? હા, હા...પણ ભાભીના શ્વાસ તો બંધ...' બોલતાં બોલતાં વિભાવરી ચૂપ થઈ ગઈ. નીચું જોઈને ભોંય ખોતરવા લાગી.

પોલીસ ત્રિપુટી કામે વળી. દેવકીએ જોયું કે માલતીનું શરીર હજુ ગરમ હતું. એણે માલતીના નાક પાસે આંગળી મૂકી. શ્વાસ બંધ થઇ ગયેલા. મરણને એકાદ કલાક જેટલો સમય જ થયો હશે. મોં પર પીડાના ભાવ મોજૂદ હતા. જીભ બહાર નીકળી ગયેલી. આંખોના ડોળા બહાર આશ્ચર્ય અને આઘાતથી બહાર આવી ગયેલા. ગળા પર ગળાફાંસો ખાધો હોય એવો નાયલોનના દોરડાનો કે પછી કોઈ વાયરનો, નરી નજરે ન દેખાય એવાં નિશાન હતાં. ફોરેન્સિક તપાસમાં બીજી બાબતોની ખબર પડશે, પણ ગળું ભીંસાવાથી માલતીનું મૃત્યુ થયું હોવાનું સ્પષ્ટ હતું.

દરમિયાન જયરાજે જોયું કે એ જ સોફાનો એલ આકારનો ખાંચો પડતો'તો. ખાંચામાં ઊભું સ્ટેન્ડ મૂકેલું. સ્ટેન્ડ પર કાળા રંગનો ટેલિફોન. પોલીસ ત્રિપુટી એ ટેલિફોનને જોઈ રહી. હાથમોજાં પહેરેલા જયરાજે ટેલિફોનનું ભૂંગળું ઉપાડ્યું ને કાને ધર્યું. ડાયલ ટોન આવી રહેલો. આ ટેલિફોન પર કદાચ હજુ પણ માલતીબહેનનાં આંગળાંની છાપ હશે એવું વિચારીને જયરાજે ભૂંગળું યથાસ્થાને મૂક્યું. એટલામાં કરણે વિભાવરીને પૂછ્યું : 'આ ઘટના બની ત્યારે તમે ક્યાં ગયેલાં?'

'હું... હું તો આ જુઓને, તમારી નજર સામે તો બહારથી આવી...સામાન્યપણે તો હું સાંજે ઘરમાં જ હોઉં છું. પણ આજે થોડી કંટાળેલી. એટલે સામેના બંગલામાં ગયેલી...' વિભાવરીએ સામેના બંગલા ભણી આંગળી ચીંધી ત્યારે પોલીસ ત્રિપુટીએ એ તરફ અછડતી નજર કરી. ત્રણેયે મનોમન નોંધ કરી કે સામેનો બંગલો વિભાવરીના રોહાઉસની બરાબર સામે હતો. બંને ઘરના દરવાજા સામસામે આવેલા. વિભાવરીના બંગલાના દીવાનખંડમાંથી સામેના ઘરનો દીવાનખંડ દેખાઈ રહેલો. વિભાવરી આગળ બોલી રહેલી : 'ત્યાં રહેતી કોકિલા સાથે મારે બેનપણાં છે. હું કંટાળી જાઉં ત્યારે એને ઘેર બેસવા જાઉં છું. થોડી ગપસપ કરીને પાછી. તમે આવ્યાં ત્યારે હું એને ઘેરથી જ આવેલી.'

'તમે કેટલા વાગ્યે કોકિલાને ત્યાં ગયેલાં ?' કરણ બક્ષીએ સહજતાથી પૂછ્યું.

'અં, સવા છ સાડા છ જેવું થયું હશે...' વિભાવરી બોલી : જોકે મેં ઘડિયાળ જોઈ નહોતી.'

'તમે ગયાં ત્યારે માલતીબહેન શું કરી રહેલાં ?' કરણ બક્ષીએ પૂછ્યું.

'ભાભીને વાંચવાનો બહુ શોખ હતો....' વિભાવરીએ હડપચી પર આંગળી ટેકવી : 'હું બહાર કોકિલાને ઘેર જવા નીકળી ત્યારે ભાભીએ મારી પાસે પુસ્તક માંગ્યું. મેં એમને રંગરસિયા નામનું પુસ્તક આપ્યું અને બહાર નીકળી ગઈ.'

'હં, પછી તમે સીધાં જ કોકિલાને બંગલે ગયાં ?' દેવકીએ સહજતાથી પૂછ્યું.

'અં, હા...' વિભાવરી બોલી.

'આ બંગલેથી પેલે બંગલે જતાં એકાદ મિનિટ થઈ હશે, ખરું ?' જયરાજ પૂછી રહ્યો.

'અરે, ના...' વિભાવરી મલકી : 'અડધી મિનિટ પણ નહીં થઈ હોય. કોકિલાનો બંગલો સામે જ તો છે.'

'વિભાવરીબહેન, તમારે બંગલેથી સામેના બંગલે જઈ રહેલાં, ત્યારે તમારે ઘેર કોઈ આવી રહ્યું હોય એવું તમને લાગેલું અથવા તો એવું કોઈ તમને મળેલું ?' કરણ બક્ષી સવાલ પૂછી રહ્યો.

'ના, ઈન્સ્પેક્ટર સાહેબ... કોઈ મારા ઘર ભણી આવ્યું નહોતું. મને કોઈ મળ્યું નહોતું.' વિભાવરી સવાલ સમજવાનો પ્રયત્ન કરતાં જવાબ આપી રહી : 'અરે, મારી ગેરહાજરીમાં પણ મારે ઘેર કોઈ આવ્યું નહોતું.'

'એ તમને કેવી રીતે ખબર ?' કરણ બક્ષી વિભાવરીની આંખમાં આંખ પરોવીને બોલ્યો.

'હું કોકિલાના દીવાનખંડમાં જ બેઠેલી. ત્યાંથી મારા બંગલાનો દરવાજો મને દેખાતો'તો.' વિભાવરીએ કારણ જણાવ્યું : 'કોઈ આવ્યું હોત તો મને જરૂર ખબર પડી હોત.'

'હં, હવે એ જણાવો કે બંગલામાં તમે બે જ રહેતાં કે પછી બીજું કોઈ પણ રહેતું ?' કરણે પૂછ્યું.

'અમે ત્રણ જણા રહેતાં. હું, ભાભી ને મારો ભાઈ...' વિભાવરી કહેવા લાગી : 'ભાઈ મારાથી પાંચ વર્ષ નાનો. એની નોકરી એવી છે કે એણે લાંબો સમય બહારગામ રહેવું પડે છે. અત્યારે પણ એ અઠવાડિયા માટે બહાર ગયો છે.'

'અને તમે...? તમે લગ્ન નથી કર્યાં કે..' દેવકીએ વાક્ય અધૂરું મૂક્યું.

'મારાં લગ્ન તો થયાં...' વિભાવરીનો અવાજ ગળગળો થઈ ગયો. એની આંખે આંસુ ઉભરાયાં : 'પણ મારું નસીબ બે ડગલાં આગળ. બે જ વર્ષમાં મારું સૌભાગ્ય નંદવાયું. સાસરિયાંએ મને ખરાબ પગલાંની કહીને કાઢી મૂકી. મારાં અશ્રુઓની એમના પર કોઈ અસર ન થઈ. બીજે ક્યાં જાઉં ? એકમાત્ર ભાઈની ઓથ મને. એટલે અહીં રહું છું. બાકી મને કોણ સંઘરવાનું?'

'ઓહ, આઈ એમ સોરી...' દેવકી આગળ કાંઈ બોલે એ પહેલાં જ વિભાવરી બોલવા લાગી : 'મારા પતિ ગુજરી ગયા એ જાણે મારો વાંક હોય એમ સહુ કોઈ મને અપશુકનિયાળ અને બુંદિયાળ કહીને મહેણાં મારવા લાગ્યાં. મને પહેરવાઓઢવાનો ભારે શોખ. પણ મારું સૌભાગ્ય નંદવાતાં જ મારી પાસેથી બધું છીનવી લેવાયું. મારાં રેશમી વસ્ત્રો, મારાં આભૂષણો, મારું સન્માન, મારી ગરિમા...સઘળું છીનવાઈ ગયું.'

'એટલે વિભાવરી સાદગીની મૂર્તિ બનીને રહે છે અને માલતી શૃંગારની પ્રતિમા...' દેવકી મનમાં જ ગણગણી. કંઈક વિચારીને એણે પૂછી લીધું : 'તમારાં ભાભી પણ...'

'એ તો નાગણ હતી નાગણ...' દુઃખતી નસ દબાઈ ગઈ હોય એમ વિભાવરી ફુત્કારી ઊઠી : 'તમને થશે કે હું મોતનો મલાજો નથી રાખી રહી. સાચું કહું તો એના મૃત્યુનો મને કોઈ વસવસો નથી. ઉલટું, હું તો એના મરવાથી રાજી જ છું. પણ શું કરું ? ભાભી હતી જ એવી. મારું બધું જ તો એણે છીનવી લીધેલું. મારાં ઘરેણાંગાંઠાં, મારા રૂપિયા ને બીજું બધું જ. અરે, સંપત્તિ ગયાનો મને વસવસો નથી. પણ મારું સન્માન પણ એણે છીનવી લીધું. ગુલામથી પણ બદતર પરિસ્થિતિ કરી દીધેલી એણે મારી. એક જાનવરની જેમ હું અહીં રહેતી. હું ઢસરડો કર્યા કરતી ને એ એશ કરતી.'

'અને તમારા ભાઈ...' જયરાજ કહી રહ્યો.

'ભઈલો મારો ખૂબ ડાહ્યો. ભગવાનનું માણહ....' વિભાવરીની આંખોમાં ચમક આવી ગઈ. એ કહી રહી : 'ભાઈએ વધુ બહાર રહેવાનું થાય એટલે એને ઘરમાં શું થાય છે એ ખબર ન હોય. હું પણ ફરિયાદ ન કરું. નાહક મારે કારણે ભાઈભાભીમાં કંકાસ થાય. બાકી ભાઈને ભાભીનાં કારનામા અંગે ખબર પડે ને તો એ તો એનું ગળું જ ઘોંટી નાખે.'

'અચ્છા, એટલે ભાઈને તકલીફ આપવાને બદલે તમે જ માલતીનું ગળું ઘોંટી નાખ્યું ?' કરણ બક્ષીએ વેધક સ્વરે પૂછ્યું.

'શું વાત કરો છો, ઈન્સ્પેક્ટર સાહેબ ?' વિભાવરી આવેશમાં આવી ગઈ : 'હું તમારી નજર સામે બહારથી આવી છું. આપણે સાથે જ ભાભીનો મૃતદેહ જોયો. તો તમે કયા આધારે કહો છો કે મેં ભાભીનું ખૂન કર્યું છે. એ કઈ રીતે શક્ય બને ?'

'એ હું કહું... ધ્યાનથી સાંભળો.' કરણ બક્ષી ધારદાર અવાજે કહેવા લાગ્યો : 'હું માનું છું કે આપણે એકસાથે દીવાનખંડમાં દાખલ થયાં અને માલતીબહેનને સોફા પર ઢળી પડેલાં જોયાં. તમે એમને જોઈને તરત જ કહ્યું કે ભાભીને કોણે મારી નાખ્યાં...મેં કહ્યું કે ભાભી તો બેહોશ પણ થયાં હોઈ શકે, ત્યારે તમે કહ્યું કે એમનાં શ્વાસ તો બંધ થઈ ગયાં છે. તો તમે જવાબ આપો કે તમને કેવી રીતે ખબર પડી કે ભાભીનાં શ્વાસ બંધ થઈ ગયેલાં ?'

'એ તો...એ તો.....' વિભાવરી લોચા મારવા લાગી.

'બીજું, તમે કહેલું કે તમે ભાભીને રંગરસિયા નામનું પુસ્તક વાંચવા આપેલું.' જયરાજ આગળ બોલે એ પહેલાં વિભાવરી બોલી ઊઠી : 'હા, મેં સાચું જ કહેલું. કોકિલાના દીવાનખંડમાંથી મેં ભાભીને પુસ્તક વાંચતાં પણ જોયેલાં.'

'તો એ પુસ્તક ક્યાં ગાયબ થઈ ગયું ?' દેવકી અણિયાળો સવાલ પૂછી રહી : 'ભાભીના મૃતદેહ પાસેથી તો કોઈ પુસ્તક મળ્યું નથી. એનો અર્થ એ કે પુસ્તકવાળી વાત તમે ઉપજાવી કાઢી છે.'

'ભાભીએ એ પુસ્તક ક્યાંક મૂકી દીધું હશે.' વિભાવરી ગલ્લાંતલ્લાં કરવા લાગી : 'વળી એ પુસ્તક ન જડે એનો અર્થ એમ થોડો જ થાય કે મેં ભાભીનું ખૂન કર્યું છે. બની શકે કે કોઈ બહારથી આવ્યું હોય ને ભાભીનું ખૂન કરી નાખ્યું હોય.'

'એ જરૂર બની શકે...' કરણ બક્ષીએ શાંતિથી કહ્યું : 'પણ તમે જ હમણાં કહ્યું કે તમારી ગેરહાજરીમાં પણ બહારનું કોઈ આવ્યું નથી. વળી કોકિલાના દીવાનખંડમાંથી તમને ઘરનો દરવાજો દેખાતો'તો. કોઈ આવ્યું હોત તો તમને જરૂર ખબર પડી હોત.'

વિભાવરી નીચું જોઈ ગઈ. એના જ શબ્દોનો ગાળિયો બનાવીને એને પહેરાવવામાં આવેલો. છતાં ડૂબતું તરણાંને ઝાલે એમ છેલ્લો પ્રયત્ન કરતાં એ બોલી : 'તમે કહ્યું એ બધું કબૂલ. પણ એનાથી એમ ક્યાં સાબિત થાય છે કે મેં ભાભીનું ખૂન કર્યું છે !'

'લ્યો, આ રહી સાબિતી...' કરણના સંકેતથી દેવકી બોલી : 'તમારાં ભાભીએ અમને ફોન કરીને કહેલું કે એમનો જીવ જોખમમાં છે. કોઈ એમને મારવા માંગે છે. અને પછી આ તો તું...તું...મને.. કહેતાં એમનો અવાજ કપાઈ ગયો. એ 'તું' તમે જ હોઈ શકો. કારણ બહારથી તો કોઈ આવ્યું જ નથી. વળી મૃત્યુ થયાને માંડ કલાક થયો છે. તમે પણ અડધા પોણા કલાક પહેલાં જ કોકિલાને ઘેર ગયેલાં. આ ગાળામાં કોઈ આવ્યું નથી એમ તમારું જ કહેવું છે. પણ તમારો પ્રપંચ તમને જ ભારે પડી ગયો. તમારા નિવેદન પરથી તો સ્પષ્ટ થઈ ગયું કે ખૂની તમારા સિવાય બીજું કોઈ ન હોઈ શકે.'

'હોઈ શકે જેવા શબ્દો પોલીસને ન શોભે...' વિભાવરીએ ફેણ માંડી : 'નક્કર પુરાવો જોઈએ. છે તમારી પાસે એવો કોઈ પુરાવો ?'

'પુરાવા વિના પોલીસ વાત કરતી નથી...' જયરાજે દોર સંભાળ્યો : 'ફોન કપાઈ ગયો એ સંજોગોમાં ફોનનું રિસીવર ક્રેડલ પર ન હોવું જોઈએ, ફોનનું દોરડું લટકતું હોવું જોઈએ. પણ એ તો એની જગ્યાએ મુકાયેલું હતું. તો વિભાવરી, એ જણાવો કે જો તમે ત્યાં હાજર નહોતાં તો રિસીવર ક્રેડલ પર કોણે મૂક્યું ? તમે તો કહી જ ચૂક્યાં છો કે બહારથી તો કોઈ આવ્યું જ નથી. એનો અર્થ એમ કે તમે જ ટેલિફોનના વાયરથી ભાભીનું ખૂન કર્યું. એનાં જ નિશાન એમનાં ગળા પર છે. ભાભીએ છૂટવા તરફડિયાં માર્યાં હશે. તમારા હાથ પકડી લીધા હશે. એનાં જ ઉઝરડા તમારાં હાથ પર છે. ફૂલછોડ રોપવાના નહીં. ફોરેન્સિક તપાસમાં એ સાબિત થઈ જશે. ભાભીનું મૃત્યુ થયા પછી એમના હાથમાંથી ફોન લઈને યથાસ્થાને મૂકી દીધો. એ તમારી સૌથી મોટી ભૂલ સાબિત થઈ. પછી તમારા પર દોષ ન આવે એ માટે ઘરની બહાર નીકળી ગયાં. બોલો, ખરું કે ખોટું ?'

'મેં તો માત્ર મારા સ્વમાનની અને આત્મસન્માનની રક્ષા કરવા...' વિભાવરીએ પોતાનો બચાવ કરવાનો પાંગળો પ્રયત્ન કર્યો.

'કાયદો હાથમાં લેવાનો કોઈને અધિકાર નથી...' કરણ બક્ષી કરડાકીથી બોલ્યો અને દેવકીએ વિભાવરી સામે હાથકડી લંબાવતાં કહ્યું : 'કરો તેવું ભરો!'■


**આવતા અઠવાડિયે નવી કથા**


---


## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# નવીનતા, પણ વિવેક સાથે







કળાની ભૂમિકામાં બદલાવ દેખાય છે. કળાના ઉદ્દેશ પણ ક્યાંક બદલાતાં જણાય છે. કળાની અભિવ્યક્તિ માટે પ્રાપ્ય સાધનોની સંખ્યા તથા તેના પ્રકારમાં પણ બદલાવ આવ્યો છે. કળા પાછળનો મૂળ ભાવ પણ ક્યાંક ચોક્કસ સંજોગોમાં નવું રૂપ ધારણ કરે છે. આ પ્રકારના સાંપ્રત પ્રવાહોમાં સ્થાપત્ય અપવાદ ન હોઈ શકે. ખરેખર તો સ્થાપત્યમાં આ બદલાવ ઘણો ઉગ્રતાથી લાગુ પડતો હોય તેમ જણાય છે. આ પ્રકારના બદલાવને નવીનતાનું લોભામણું નામ અપાયું છે.

આ સમય નવીનતાનો છે. સાધનો, તેની ઉપયોગિતા અને તેના લાંબા ગાળાના પરિણામો, બધા પર નવીનતાનો પ્રભાવ છે. જીવનના મૂલ્યો, સામાજિક અને સંદર્ભિક ઉત્તરદાયિત્વ સમજવામાં પણ નવીન અભિગમ અપનાવાય છે. સુંદરતા તથા ઉપયોગિતાની પરિભાષા પણ બદલાતી દેખાય છે. પહેલાં જે પ્રકારનું ઉપકરણ પેઢી દર પેઢી ઉપયોગમાં લેવાતું તે આજે 'યુઝ એન થ્રો' શ્રેણીમાં આવી ગયું છે. અહીં પણ નવીનતાનો પ્રભાવ છે.

નવીનતા જરૂરી છે. તેનાથી નવા વિચારો માટે તક સર્જાય છે. તે નવી નવી સંભાવનાઓ લાવે છે. વર્ષોથી ચાલ્યો આવતો ચિલો છોડીને નવી દિશા તરફ તેનાથી પગ મંડાય છે. નવીનતાથી એક પ્રકારની મોકળાશની અનુભૂતિ પણ થાય છે. નવીનતા વિકાસના નવા દ્વાર ખોલવા સક્ષમ છે. નવીનતા જરૂરી છે પણ નવીનતા માત્ર નવીનતા માટે નહીં – તેની સાથે યથાર્થતા પણ સંકળાયેલી હોવી જોઈએ. નવીનતાના નામે પરંપરાની સદંતર અવગણના થાય, વર્ષોથી સિદ્ધ થયેલ બાબતોને નજર અંદાજ કરાય, સ્થાનિક બાબતો તથા સાંપ્રત સમાજના સ્થાપિત અગ્રતાક્રમની અવહેલના થાય, ગ્લેમરસ જણાતી બાબતોને પ્રાધાન્ય અપાય, જુના પ્રશ્નોની અવગણના કરાય, નવાં પ્રશ્નો સર્જાતા જાય, ક્યાંક વૈચારિક પરિપક્વતાનો અભાવ વર્તાય, અગત્યના નિર્ણયોમાં ગંભીરતાની માત્રા ઓછી થતી જણાય, પર્યાવરણની સંવેદનશીલ બાબતોની અવગણના થાય અને સામાજિક ઓળખ ગણાતી ઘણી બાબતો લુપ્ત થવાના આરે પહોંચે – તો પ્રશ્ન તો થાય.

જો કે આ ચિત્ર એટલું ખરાબ પણ નથી. એક પ્રકારે આ મંથનનો સમય છે. ઘણા નવીન પ્રયોગો જરૂરી છે, એ તૈયારી સાથે કે કેટલાક નિષ્ફળ પણ જઈ શકે. નવી નવી સંભાવનાઓ વિકસે તે ઇચ્છનીય છે. આજે નવા જ પ્રકારની તાજગી જરૂરી છે, તે માટે પ્રયત્નો તો કરવાં જ રહ્યાં. એકધારાપણાથી લોકો કંટાળી ગયા હોય તેમ લાગે છે. નવીનતા જરૂરી છે.

સમાજને આજે બદલાવ જોઈએ છે અને તે પણ ઝડપી. વ્યક્તિ લાંબા સમય સુધી પ્રતીક્ષા કરવાના મૂડમાં નથી. આજે જ શરૂઆત કરીને જાણે આજે જ પરિણામ જોઈએ છે. આજના સમયમાં જાણે વ્યક્તિ પાસે સમય જ નથી. પરંપરાગત માળખાથી તેને જલ્દી મુક્ત થવું છે અને ઝડપથી નવા આવરણ ધારણ કરવા છે. આવી ઝડપી માંગથી ક્યારેક અનિચ્છનીય ઉતાવળ થઈ જવાની સંભાવના રહે અને ચાખ્યા વગર વાની પીરસી દેવાય. એક પ્રકારે આ જોખમી સ્થિતિ કહેવાય. છતાં પણ નવીનતા માટેના પ્રયોગો જરૂરી તો છે જ.

આ ઝડપ પામવા માટે ખોટી રીત કે ટૂંકા માર્ગ અપનાવવામાં ન આવે તે જરૂરી છે. વ્યક્તિ તથા સમાજની ચોક્કસ પ્રકારની સંવેદનાઓને ધ્યાનમાં રાખવી જરૂરી છે, ઇચ્છનીય છે. પ્રત્યેક નવીનતા જરૂરિયાતની વધુ પોષક હોવી જોઈએ, તે નવીનતા સ્થાનિક ગૌરવને અનુરૂપ હોવી જોઈએ. જૂનું બધું જ રદબાતલ કરવા જેવું નથી હોતું. જૂની જે બાબતો આજની પરિસ્થિતિમાં પણ યથાર્થ હોય તેને ચાલુ રાખવી જોઈએ કાં તો તેને નવા પરિપ્રેક્ષ્યમાં પ્રસ્થાપિત કરવી જોઈએ કાં તો તે નવી શૈલીમાં આલેખાવી જોઈએ. આજે સાધનો પણ ભિન્ન છે જેની ચોક્કસ મર્યાદાઓ અને ક્ષમતા છે. આ સાધનનો સુયોગ્ય ઉપયોગ કરી એક નવા જ પ્રકારની ઓળખ સ્થાપવાની જરૂરિયાત છે – જેમાં પરંપરાને યોગ્ય સ્થાન મળેલું હોય અને આધુનિકતાને ચોક્કસ કામ સોંપાયું હોય.

આપણી સંસ્કૃતિ તેમજ વારસો રાતોરાત ઊગી નીકળેલી ઘટના નથી. તેની સાર્થકતા જળવાઈ તે જરૂરી છે. આધુનિકતાની દોડમાં સ્થાપત્યનો પરંપરાગત તેમજ સાંસ્કૃતિક વારસો ભુલાવો ન જોઈએ. ભારતની આઝાદી વખતે જે વસ્તી હતી તે આજે લગભગ ચાર ગણી થઈ ગઈ છે. આ વધારાની માંગને પહોંચી વળવા નવા પ્રકારના પ્રયત્નો જરૂરી છે જ, પણ આ પ્રયત્નમાં ક્યાંક ભારતીયતાનો ભોગ ન લેવાવો જોઈએ. નવીનતા સાથે વારસો જળવાઈ રહે તે ઇચ્છનીય છે. આજનો સમય, જવાબદારીપૂર્વક, ભવિષ્યની પેઢીને નવી દિશા બતાવે તે જરૂરી છે.

ડર એ વાતનો છે કે, એમ ન થવું જોઈએ કે નવીનતા માત્ર ફેશન બની જાય – ફેશન એટલે એવી ઘટના કે જે સ્વીકારવામાં બુદ્ધિનો કોઈપણ પ્રકારે ઉપયોગ ન થાય. આ અપરિપક્વતાની નિશાની ગણાય. કળાના અન્ય ક્ષેત્રની જેમ સ્થાપત્યમાં પણ પ્રચલિત ટ્રેન્ડ – વાદ હોય છે. આ પ્રકારનો ટ્રેન્ડ જલ્દી સ્વીકૃત બનતો હોય છે અને તેથી લોકો તેના પ્રત્યે ઢળે તે સ્વાભાવિક છે, પરંતુ અન્ય કળાની સરખામણીમાં સ્થાપત્ય એ ગંભીર ક્ષેત્ર હોવાથી તેમાં માત્ર ફેશનને આધારે નિર્ણય ન લેવાય તે ઇચ્છનીય નથી. આવી ફેશનનો જન્મ મોટેભાગે પશ્ચિમી વિશ્વમાં થયો હોય છે જેમાં સ્થાનિક પરિબળો તેમજ મૂલ્યો લગભગ ગૌણ બની જતાં હોય છે. આ પ્રકારનું અનુકરણ અસંદર્ભિક બની રહે. વૈશ્વિકતા પામવાની હોડમાં ક્યાંક મૂળિયાં જ નજરઅંદાજ થઈ જાય છે.

નવીનતા માત્ર નવીનતા કે બદલાવ માટે ન હોવી જોઈએ. નવીનતા અન્યથી માત્ર જુદા પડવા માટે કરાયેલ પ્રયત્ન નથી. નવીનતા નવી હકારાત્મક સંભાવનાઓ વિકસાવવા માટે છે. નવીનતાને ઓળખ આપવી જરૂરી છે. નવીનતા અને વિચિત્રતામાં જે ભેદ છે તે સમજવો જરૂરી છે. નવીનતા અસ્વિકૃતિના ભાવથી નહીં પરંતુ સ્વીકૃતિની ભાવનાથી સ્થપાયેલી હોવી જોઈએ. સમયની માંગ એ છે કે નવીનતા માટેનો પ્રયત્ન પૂરેપૂરી સંવેદનશીલતા અને સર્જનાત્મકતાથી કરાવો જોઈએ. તે વૈશ્વિક અને સ્થાનિક ઓળખના સમન્વય સમાન હોય તે જરૂરી છે.■

# રાજ્યમાં ફરી કમોસમી વરસાદની ચેતવણી

## મુંબઈ-પુણેમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાલ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. મે મહિનાની શરૂઆતમાં જ એક તરફ જ્યાં મુંબઈ-પુણેમાં ૪૦ ડિગ્રી સુધી તાપમાન જવાની શક્યતા છે ત્યારે બીજી તરફ હવામાન વિભાગે રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની ચેતવણી આપી છે.

હાલ રાજ્યમાં સૂર્ય આગ ઓકી રહ્યો છે. વિદર્ભ ગરમીની ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે ત્યારે રાજ્યના વાતાવરણમાં ફરી મોટો ટ્વિસ્ટ જોવા મળવાનો છે. આગામી ૪૮ કલાકમાં રાજ્યના હવામાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા છે. વિદર્ભના અમરાવતી, વર્ધા અને નાગપૂર

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર દિન: ઠાકરે ભાઈઓની શહીદોને શ્રદ્ધાંજલિ

મુંબઈ: શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શુક્રવારે મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળના શહીદોને હુતાત્મા ચોક ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી. શુક્રવારે વહેલી સવારે ઉદ્ધવ ઠાકરે, તેમના પુત્ર અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરે, પક્ષના સંસદ સભ્યો સંજય રાઉત, અનિલ દેસાઈ, અરવિંદ સાવંત, પક્ષના વિધાનસભ્યો સુનીલ પ્રભુ અને બાળા નાર સહિત અન્ય લોકો સાથે દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં શહીદ સ્મારક પહોંચી ગયા હતા.

પહેલી મે, ૧૯૬૦માં મહારાષ્ટ્ર સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું હોવાથી દર વર્ષે પહેલી મેએ મહારાષ્ટ્ર દિવસની ઉજવણી કરવામાં આવે છે. દક્ષિણ મુંબઈમાં આ સ્મારક સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળના ૧૦૬ શહીદોના સન્માનમાં સ્થાપિત કરવામાં આવ્યું છે. રાજ ઠાકરેએ પણ હુતાત્મા ચોકની મુલાકાત લીધી અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. દિવસના અંતે એનસીપી (એસપી) અને કૉંગ્રેસના નેતાઓએ પણ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી હતી. (પીટીઆઈ) ■

# બીડ જિલ્લાને વિકસિત અને આત્મનિર્ભર બનાવો: સુનેત્રા પવાર

બીડ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે શુક્રવારે લોકોને વિકસિત, સક્ષમ અને આત્મનિર્ભર બીડ જિલ્લાના નિર્માણ માટે સંકલ્પ લેવા હાકલ કરી હતી. બીડ જિલ્લાના પાલક પ્રધાન સુનેત્રા પવારે મહારાષ્ટ્ર સ્થાપના દિવસ નિમિત્તે પોલીસ મુખ્યાલયના પરેડ ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન સમારોહને સંબોધિત કરતી વખતે જણાવ્યું હતું કે મરાઠવાડા પ્રદેશ સંતો, બૌદ્ધિકો અને બહાદુરોની ભૂમિ છે.

ધારાશિવ જિલ્લાના તેર શહેરમાં જન્મેલા સુનેત્રા પવારે બીડ પ્રદેશ અને તેનાં સાંસ્કૃતિક મૂલ્યો સાથે ગાઢ અંગત સંબંધ હોવાનું જણાવ્યું હતું. લોકોને વિકસિત, સક્ષમ અને આત્મનિર્ભર બીડ જિલ્લો બનાવવા માટે સંકલ્પ લેવા વિનંતી કરી તેમણે જિલ્લાના વિકાસને વેગ આપવાના હેતુથી અનેક મહત્ત્વના પ્રોજેક્ટની જાણકારી આપી હતી.

ટાટા ટેક્નોલોજીસના સહયોગથી એમઆઈડીસી વિસ્તારમાં રૂ. ૧૯૭ કરોડનો સેન્ટર ફોર ઇન્વેન્શન, ઇનોવેશન, ઇન્ક્યુબેશન અને ટ્રેનિંગ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ પહેલ કૌશલ્ય આધારિત ટેકનિકલ શિક્ષણ પ્રદાન કરીને આશરે સાત હજાર વિદ્યાર્થીઓને મદદરૂપ થશે એમ તેમણે જણાવ્યું હતું.

અહિલ્યા નગર-બીડ-પરલી વૈજનાથ રેલવે લાઇનના બાકીના કામ માટે ભંડોળ મંજૂર કરવામાં આવ્યું હોવાનું જણાવી નાયબ મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે ૨૫ કરોડ રૂપિયાના રોકાણ સાથે બીડ જુલાઈ ૨૦૨૬માં સ્વ. ખાશાબા જાધવ રાજ્ય સ્તરની કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. (પીટીઆઈ)

# કોન્ટ્રેક્ટર પાસેથી ૧.૩૪ લાખની લાંચ માગી: પાલિકાના અધિકારી સામે ગુનો

થાણે: થાણે જિલ્લામાં કોન્ટ્રેક્ટર પાસેથી ૧.૩૪ લાખ રૂપિયાની લાંચ માગવા બદલ પાલિકાના અધિકારી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ જણાવ્યું હતું. એસીબીના મુંબઈ યુનિટે ગુરુવારે કુલગાંવ-બદલાપુર પાલિકાના ક્લાસ-૧ ઓડિટ ઓફિસર વિકાસ ચવાણ (૫૨) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.ફરિયાદ અનુસાર રોડ કન્સ્ટ્રકશન કંપનીના પાલિકા દ્વારા ટેન્ડર મારફત ૭૭ જેટલા વિકાસ કાર્યો આપવામાં આવ્યાં હતાં. આરોપી અધિકારીએ પૂર્ણ થયેલા કામ માટે ૧૭.૪૪ લાખ રૂપિયા પેમેન્ટ ચૂકવ્યું હતું અને ૪.૯૯ લાખ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝિટ પણ પરત કરી હતી. જોકે તેણે આ રકમના છ ટકા લાંચ તરીકે માગ્યા હતા, જે ૧.૩૪ લાખ રૂપિયા થાય છે. દરમિયાન કોન્ટ્રેક્ટરે આ પ્રકરણે ડિસેમ્બર, ૨૦૨૫માં એસીબીનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે તપાસ હાથ ધરાઇ હતી અને હવે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. (પીટીઆઇ)

# વાઢવણ બંદર માટે ૧૨૪ ગ્રામજનોએ સ્વેચ્છાએ જમીન સોંપી

પાલઘર: સરકારી શરતો સાથે સંમત થયા પછી ૧૨૪ ગ્રામજનોએ વિશાળ પાયે તૈયાર થઈ રહેલા વાઢવણ બંદર પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લા વહીવટીતંત્રને તેમની જમીનનો કબજો સ્વેચ્છાએ સોંપી દીધો હોવાની જાણકારી સંબંધિત અધિકારીઓએ આપી હતી.

આશરે ૨.૫ હેક્ટર જમીન વિસ્તાર આવરી લેતા વારોર ગામમાં ૪૧ પેટાવિભાગોનો સમાવેશ થાય છે. આ વિસ્તાર બંદરના માળખાકીય સુવિધાઓ માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે અને અગાઉ જટિલ સર્વેક્ષણ અને વિવાદને કારણે અટકી ગયો હોવાનું જિલ્લા વહીવટી તંત્રે જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટર ઇન્દુ રાની જાખડે રહેવાસીઓના સક્રિય સહકારની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે 'પાલઘર જિલ્લા વહીવટીતંત્ર વારોર ગામના રહેવાસીઓ દ્વારા દર્શાવવામાં આવેલા સક્રિય સહયોગ અને મુકેલા વિશ્વાસની હૃદયપૂર્વક પ્રશંસા કરે છે. સમુદાયના કલ્યાણ પ્રાથમિકતા આપતી વખતે પ્રોજેક્ટ સંબંધિત તમામ બાબતોના સમયસર અને ન્યાયી નિરાકરણની ખાતરી કરવા માટે વહીવટી તંત્ર પ્રતિબદ્ધ છે.' મુંબઈને અડીને આવેલા પાલઘર જિલ્લાના દહાણુ શહેર નજીક વાઢવણ ખાતે તૈયાર થઈ રહેલા ઓલ-વેધર, ગ્રીનફિલ્ડ બંદરનું નિર્માણ જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી અને મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડ દ્વારા રચાયેલ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ■

ઑપરેશન 'વાઈટ સ્ટ્રાઈક'

# ભિવંડી અને નવી મુંબઈથી જપ્ત કોકેન મશીનમાં સંતાડીને આયાત કરાયું?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ હાથ ધરેલા ઑપરેશન 'વાઈટ સ્ટ્રાઈક' હેઠળ ભિવંડી અને નવી મુંબઈથી પકડી પાડેલા ઉચ્ચ ગુણવત્તાના કોકેનના સૌથી મોટા કન્સાઈન્મેન્ટની તપાસમાં કેટલીક ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. કોકેનનો આ જથ્થો એક મશીનમાં સંતાડીને ભારતમાં આયાત કરવામાં આવ્યો હોવાની શક્યતા એનસીબીએ વ્યક્ત કરી હતી.

નવી મુંબઈના કળંબોલી ખાતે એક વાહનને આંતરીને મોટા પ્રમાણમાં કોકેન જપ્ત કરવાની સાથે એનસીબીએ એક શકમંદની ધરપકડ કરી હતી. આ શકમંદે આકરી પૂછપરછ બાદ ભિવંડીના રેહનલ ગાંવ ખાતેના ગોદામની માહિતી આપી હતી. માહિતીને આધારે એનસીબીના અધિકારીઓ ગોદામમાં પહોંચ્યા ત્યારે શરૂઆતમાં કોઈ ડ્રગ્સ

(જુઓ પાનું ૪) ▸▸

### વિશેષ પ્રકારે કરાયું પૅકિંગ

એનસીબીને ભિવંડીના ગોદામમાં પડેલા મશીનમાંથી મળી આવેલા પૅકેટ્સનું વિશેષ પ્રકારે પૅકિંગ કરવામાં આવ્યું હતું. દરેક પૅકેટ્સને નવ સ્તરની અલગ અલગ પ્રકારની પૉલિથીમાં પૅક કરવામાં આવ્યાં હતાં. આ નવ સ્તરમાંથી એક-એક સ્તર ગ્રીસી પદાર્થનું હતું, જેથી તેમાં સંતાડેલું કોકેન સહેલાઈથી નજરે ન પડે. આ પૅકિંગ એટલું વ્યવસ્થિત રીતે કરાયું હતું કે અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. એ જ રીતે કળંબોલી ખાતેથી જપ્ત કરાયેલા વાહનમાં પણ ચાલાકીથી કોકેન સંતાડવામાં આવ્યું હતું. કાર્ટનમાં સંતાડવામાં આવેલાં પૅકેટ્સમાં ક્રિકેટ પેડ્સ અને ગ્લવ્ઝ હતા. આ પેડ્સ અને ગ્લવ્ઝમાં કોકેન છુપાવવામાં આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મુંબઈ મહાનગરપાલિકાનું ૮૦,૯૫૨ કરોડ રૂપિયાનું બજેટ ૯૪ કલાકની ચર્ચા બાદ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ આ વર્ષે તેના ઐતિહાસિક કૉર્પોરેશન હોલમાં અભૂતપૂર્વ અને રાજકીય રીતે પ્રેરિત બજેટ સત્ર જોયું હતું. પાલિકાના ઈતિહાસમાં પહેલી વખત પાલિકાની કાર્યવાહીનું ૧૨ દિવસ જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ૮૦૦ કરોડ રૂપિયાના વિકાસ ભંડોળની અસમાન અને રાજકીય રીતે પ્રેરિત વિતરણનો આરોપ લગાવીને વિરોધમાં વોકઆઉટ કર્યું હતું.

મુંબઈના ૨૩૭ નગરસેવકોમાંથી ૧૦ નોમિનેટેડ સહિત ૧૮૮ નગરસેવકોએ બજેટસત્રમાં સક્રિય રીતે ભાગ લીધો હતો, તેને કારણે ૯૪ કલાકની મેરેથોન ચર્ચા સ્પર્ધાત્મક પ્રાથમિકતાઓની સ્પર્ધામાં પરિવર્તિત થઈ ગઈ હતી. વિપક્ષના નગરસેવકોએ નાણાકીય શિસ્ત અને સંસાધનોની સમાન ફાળવણી માટે દબાણ આણ્યું હતું, જ્યારે શાસક પક્ષે તેના વિકાસ અજેન્ડા અને ખર્ચને લઈને બચાવમાં આવી ગઈ હતી.

શુક્રવારે મોડી રાતે ૧.૧૬ વાગ્યા સુધી પાલિકાના સભાગૃહમાં ભારે ચર્ચા-વિચારણા બાદ ૨૦૨૬-૨૭ માટે ૮૦,૯૫૨.૫૬ કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે વિકાસ ભંડોળ માટે ૮૦૦ કરોડ રૂપિયાની પુનઃફાળવણી બજેટમાં મુખ્ય ચર્ચાનો વિષય રહ્યો હતો, જેમાં શિવસેના (ઉદ્ધવ)ના નેતૃત્વમાં વિપક્ષે વિકાસ ભંડોળના અસમાન અને રાજકીય રીતે પ્રેરિત વિતરણનો આરોપ લગાવીને વિરોધમાં વોકઆઉટ કર્યું હતું.

આ દરમ્યાન શુક્રવારે મોડી રાતે કમિશનર અશ્વિની ભીડેએ બજેટ ભાષણમાં પ્રોપર્ટી ટેક્સને મુદ્દે જણાવ્યું હતું કે પ્રોપર્ટી ટેક્સનું લેટ પેમેન્ટ કરનારા પર લાગુ કરવામાં આવતા દંડને ઘટાડીને એક ટકા સુધી કરવાના પ્રસ્તાવ પર પ્રશાસન રાજ્ય સરકાર સાથે ચર્ચા કરી

(જુઓ પાનું ૪) ▸▸

# ગાર્ડનમાં બાળકીનો વિનયભંગ: વરિષ્ઠ પોલીસ અધિકારીની ધરપકડ

મુંબઈ: વરલી વિસ્તારમાં ગાર્ડનમાં નવ વર્ષની બાળકીનો કથિત વિનયભંગ કરવાના આરોપસર વરિષ્ઠ પોલીસ અધિકારી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી.

આ પ્રકરણે ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (ડીવાયએસપી)ની ૨૪ એપ્રિલે ધરપકડ કરાઇ હતી અને હાલ તેઓ અદાલતી કસ્ટડીમાં છે.

બાળકીની માતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર વરલીમાં સર પોચખાનાવાલા રોડ પર આવેલા સિંહ ગાર્ડનમાં ૨૩ એપ્રિલે સાંજે સાત વાગ્યે આ ઘટના બની હતી. ફરિયાદીની પુત્રી ત્યાં રમવા માટે ગઇ હતી ત્યારે આરોપીએ અશ્લીલ ચેડાં કરીને તેનો કથિત વિનયભંગ કર્યો હતો. બાળકીએ ઘરે જઇ તેની માતાને આની જાણ કરી હતી, જેને પગલે પરિવારે વરલી

(જુઓ પાનું ૪) ▸▸

# મ્યુઝિકલ કૉન્સર્ટમાં ડ્રગ્સ: બૅન્ગકોકથી આવેલો સૂત્રધાર ઍરપોર્ટ પર પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામમાં નેસ્કો સેન્ટરના હૉલ નંબર-પાંચમાં આયોજિત મ્યુઝિકલ કૉન્સર્ટમાં બે વિદ્યાર્થીનાં મોતના કેસની તપાસ કરનારી વનરાઈ પોલીસે બૅન્ગકોકથી આવેલા ડ્રગ્સ સપ્લાય ચેઈનના કથિત સૂત્રધારને ઍરપોર્ટ પર પકડી પાડ્યો હતો. આ કેસમાં ધરપકડ કરાયેલી કથિત ઍક્ટ્રેસ જિયા જેકબના બૅન્ક ખાતામાં જમા થયેલી રકમ અંગેની માહિતી ઍરપોર્ટ પર પકડાયેલા આરોપીની પૂછપરછમાં સ્પષ્ટ થવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

વનરાઈ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મહેશ હીરા ખેમલાની ઉર્ફે માર્ક (૪૪) તરીકે થઈ હતી. કોર્ટે ૬ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ નેસ્કો સેન્ટરમાં મ્યુઝિકલ કૉન્સર્ટમાં ડ્રગ્સના કેસની તપાસમાં ખેમલાનીનું નામ સામે આવ્યું હતું. ઘટના બાદથી ખેમલાની ગુમ હતો. બે વિદ્યાર્થીનાં મોત પ્રકરણે હોબાળો મચતાં ખેમલાની બૅન્ગકોક જતો રહ્યો હોવાનું કહેવાય છે. પોલીસે તેની વિરુદ્ધ લૂક આઉટ સર્ક્યુલર પણ જારી કર્યું હતું.

દરમિયાન ખેમલાની ગુરુવારની મોડી રાતે બૅન્ગકોકથી ફ્લાઈટમાં મુંબઈના છત્રપતિ શિવાજી

(જુઓ પાનું ૪) ▸▸



ભર ગરમીમાં વાદળો: મુંબઈમાં આગામી બે દિવસમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી પર પહોંચવાની આગાહી વચ્ચે શુક્રવારે વાદળછાયું આકાશ જોવા મળ્યું હતું. (અમય ખરાડે)

# મહારાષ્ટ્રનો ડ્રીમ પ્રોજેક્ટ આખરે પૂરો, ગિનેસ વર્લ્ડ રેકોર્ડમાં થઈ નોંધ

## મુંબઈ-પુણે એક્સપ્રેસવેને સંપૂર્ણપણે 'એક્સેસ કંટ્રોલ્ડ' બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ, ધ મિસિંગ લિંકનું મુખ્ય પ્રધાનને હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ-પુણે એક્સપ્રેસવેને સંપૂર્ણપણે 'એક્સેસ કંટ્રોલ્ડ' બનાવવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ, ધ મિસિંગ લિંક, મહારાષ્ટ્ર દિનથી લોકોની સેવામાં મૂકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ

(જુઓ પાનું ૪) ▸▸

### ફડણવીસે કાર ચલાવી: બંને નાયબ મુખ્ય પ્રધાન મુસાફરો

પુણે: મુંબઈ અને પુણે બંને શહેરો વચ્ચેનું અંતર ઘટાડતા અને મુસાફરીની ગતિ વધારતા બહુપ્રતિક્ષિત 'મિસિંગ લિંક' પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં

(જુઓ પાનું ૪) ▸▸



**મહારાષ્ટ્રનો ડ્રીમ પ્રોજેક્ટ:** આ ૧૦.૫ કિમી લાંબા પ્રોજેક્ટમાં બે ભવ્ય ટનલ, એક ઉંચો વાયાડક્ટ અને ટાઇગર વેલી પર કેબલ-સ્ટેઇડ બ્રિજનો સમાવેશ થાય છે, જે લગભગ ૧૮૨ મીટર ઊંચો છે. લગભગ ૨૩.૭૫ મીટર પહોળી આ ટનલ વિશ્વની સૌથી પહોળી ટનલોમાંથી એક માનવામાં આવે છે. ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન, ભારે વરસાદ અને મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. આ રસ્તો લોનાવાલા તળાવથી ૧૮૨ મીટર નીચેથી પસાર થશે, આ પ્રોજેક્ટ પૂર્ણ કરવો એક પડકાર હતો, પરંતુ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમે આ મોટો પડકાર સ્વીકાર્યો અને પ્રોજેક્ટ પૂર્ણ કરવા બદલ તેમની પ્રશંસા કરી.

**મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ગતિ મર્યાદા નીચે મુજબ છે:**

હળવા વાહનો: ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક

મુસાફર વાહનો/બસો: ૮૦ કિલોમીટર પ્રતિ કલાક

**મિસિંગ લિંક આ વાહનો માટે પ્રવેશ પ્રતિબંધિત:**

હવે મિસિંગ લિંક પર બધા વાહનોને મંજૂરી આપવામાં આવશે નહીં. જ્વલનશીલ વસ્તુઓ લઈ જતા વાહનો, વિસ્ફોટકો અથવા ખતરનાક માલ વહન કરતા વાહનો માટે મિસિંગ લિંક પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે. આ વાહનોએ પુણે-મુંબઈ એક્સપ્રેસવેનો ઉપયોગ કરવો પડશે.

**મુંબઈથી પુણે મુસાફરી કરવામાં સામાન્ય કરતાં અડધો કલાક ઓછો સમય લાગશે:** મિસિંગ લિંક પ્રોજેક્ટ શરૂ થયા પછી ટોલમાં કોઈ વધારો થશે નહીં. આ પ્રસંગે બોલતા એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ચાર પૈડાવાળા વાહનો અને બસોને પ્રાથમિકતા આપવામાં આવશે. મિસિંગ લિંક વિશ્વની સૌથી પહોળી ટનલ છે. આ માર્ગ લોનાવાલા તળાવથી એક હજાર ફૂટ નીચે હશે. આ મિસિંગ લિંક વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. આ કારણે, મુંબઈથી પુણે મુસાફરી કરવામાં સામાન્ય કરતાં અડધો કલાક ઓછો સમય લાગશે. મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર મિસિંગ લિંક પ્રોજેક્ટ ૬ કિલોમીટરનું અંતર ઘટાડશે.

**બંને દિશામાં ૪ લેન માટે બે ટનલ:** મિસિંગ લિંક પ્રોજેક્ટે ખોપોલી એક્ઝિટથી લોનાવાલા સુધી બંને દિશામાં ૪ લેન માટે બે ટનલ બનાવી છે. પહેલી ટનલ ૮.૯૨ કિમી લાંબી છે, જ્યારે બીજી ટનલ ૧.૭૫ કિમી લાંબી છે. આ ટનલોને જોડતો અને ટાગર ખીણ ઉપર બાંધવામાં આવતો કેબલ-સ્ટેડ બ્રિજ જમીનથી લગભગ ૧૩૨ ફૂટ ઉપર છે.

**મિસિંગ લિંક પ્રોજેક્ટ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલો છે:** મિસિંગ લિંક ફક્ત એક રસ્તો નથી પરંતુ આધુનિક એન્જિનિયરિંગનું એક અદ્ભૂત ઉદાહરણ છે. તેનું મુખ્ય આકર્ષણ તેની ૨૩.૫ મીટર પહોળી ટનલ છે, જે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં વિશ્વની સૌથી પહોળી ટનલ તરીકે નોંધાયેલી છે. આ ટનલ લોનાવાલા તળાવથી ૧૮૦ મીટર નીચે ખોદવામાં આવી છે. ■

# મુંબઈ બાદ હવે થાણેમાં દોડી પહેલી ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મહારાષ્ટ્ર દિવસની શુક્રવારે ઊજવણી નિમિત્તે થાણે મહાનગરપાલિકાની હદમાં પહેલી ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાને આ બસમાં પ્રવાસ પણ કર્યો હતો.

થાણે શહેરમાં પહેલી ઈ-ડબલ ડેકર બસને કારણે થાણેવાસીઓની સફર વધુ આરામદાયક બનશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે શુક્રવારે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ડબલ-ડેકર બસમાં ૬૫ યાત્રીના બેસવાની વ્યવસ્થા છે, તો ૩૩ વધારાના પ્રવાસીઓ ઊભા પ્રવાસ કરી શકે છે. હાલ આ બસ તીન હાથનાકાથી ગાયમુખના રૂટ પર દોડશે. આ ઈલેક્ટ્રિક બસ હોવાથી

(જુઓ પાનું ૪) ▸▸

# બીડમાં અત્યાચાર સામે લઘુમતી સમુદાયનું વિરોધ પ્રદર્શન

બીડ: મહારાષ્ટ્રના બીડ શહેરમાં શુક્રવારે લઘુમતી સમુદાયોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. લઘુમતી સમુદાયના સભ્યો પર થયેલા અત્યાચારની કથિત ઘટનાઓનો ઉલ્લેખ કરી તેમના રક્ષણ માટે કાયદો બનાવવાની માગ કરી હતી.મહારાષ્ટ્ર સ્થાપના દિવસ પર આયોજિત વિરોધ પ્રદર્શનનું આયોજન જિલ્લા કલેક્ટર કચેરીની બહાર લઘુમતી સુરક્ષા સંઘર્ષ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આંદોલનને મુસ્લિમ સમુદાયના સભ્યો તરફથી ભારે પ્રતિસાદ મળ્યો હતો.

# કાંદિવલીમાં રેકોર્ડ પરના આરોપીનો ખંડણી માટે દહેશત ફેલાવવાનો પ્રયાસ

## ચાકુથી દુકાનદાર અને કર્મચારી પર હુમલો: આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંદિવલીમાં રેકોર્ડ પરના આરોપીએ ખંડણી વસૂલવા માટે ભરરસ્તે ભારે દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. પેવરબ્લૉકથી દુકાનના કાચની તોડફોડ કર્યા પછી ચાકુથી હુમલો કરનારા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. દુકાનના સીસીટીવી કૅમેરામાં આ ઘટના કેદ થઈ હતી, જેનો વીડિયો બાદમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

સમતાનગર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ બાળા મચ્છિન્દ્ર પાટીલ તરીકે થઈ હતી. પાટીલ વિરુદ્ધ સમતા નગર પોલીસ સ્ટેશનમાં ૨૦૧૧થી ૨૦૨૧ દરમિયાન ૧૦ જેટલા ગંભીર ગુના નોંધાયા હતા. અગાઉ તેની ધરપકડ કરાઈ હતી અને સમયાંતરે તેની વિરુદ્ધ પગલાં લેવામાં આવ્યાં હતાં. છેલ્લે ૨૦૨૧માં તેને બે વર્ષ માટે તડીપાર કરવામાં આવ્યો હતો.

કાંદિવલી પૂર્વના લોખંડવાલા સર્કલ ખાતે રહેતા પાટીલે અગાઉ પણ સંબંધિત વિસ્તારમાં ધાક જમાવવા દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. ગુરુવારની બપોરે એક વાગ્યાની આસપાસ પાટીલે દવાની દુકાન ચલાવતા પવન યાદવને દર મહિને ખંડણી સ્વરૂપે અમુક રકમ ચૂકવવા ધમકાવ્યો હતો. યાદવે નાણાં આપવાનો ઇનકાર કરતાં આરોપીએ રસ્તા પરથી પેવરબ્લૉક ઊંચકીને દુકાન અને યાદવ તરફ ફંગોળ્યા હતા, જેને કારણે દુકાનના કાચ તૂટ્યા હતા.

રસ્તા પર લોકોની ભીડ હોવા છતાં આરોપીએ ચાકુથી ધમકાવીને યાદવ પર હુમલો કર્યો હતો. પાટીલે યાદવના ગળા પર ચાકુ ફેરવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યાદવ થોડો ખસી જતાં તેના હાથ પર ચાકુનો ઘા થયો હતો. મધ્યસ્થી કરનારા દુકાનના એક કર્મચારી પર પણ ચાકુના ઘા કરવામાં આવ્યા હતા આ હુમલામાં તે ગંભીર રીતે ઘવાયો હતો. ■

# ટેકરી પરથી પડેલા સળિયાએ લોકલ ટ્રેનના મુસાફરનો જીવ લીધો

કલ્યાણ: મુંબઈના ઉપનગરીય રેલ નેટવર્ક પર મુસાફરોની સલામતી અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરતી એક ખૂબ જ ચિંતાજનક ઘટનામાં, કસારા રૂટ પર ચાલી રહેલા પહાડી સંરક્ષણ કાર્ય દરમિયાન ૩ મીટર લાંબો લોખંડનો સળિયો ચાલતી લોકલ ટ્રેનમાં પડતા એક મુસાફરનું મૃત્યુ થયું અને અન્ય એક જણને ઈજા થઈ હતી.

આ ઘટના ૨૨ એપ્રિલે ખરડી અને ઉમ્બરમાલી સ્ટેશન વચ્ચે બની હતી. અહીં પાટાઓને અડીને આવેલા ટેકરી પર રક્ષણાત્મક જાળી નાખવાનું કામ ચાલી રહ્યું હતું. અધિકારીઓએ જણાવ્યા અનુસાર રેલવે અધિકારીઓને ત્યારથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને કોન્ટ્રાક્ટરના કામદારો સામે કથિત બેદરકારી બદલ ફોજદારી કેસ નોંધવામાં આવ્યો છે. મૃતકની ઓળખ એકનાથ ઠોમરે તરીકે થઈ છે જે પાલઘર જિલ્લાના મોખાડાનો રહેવાસી હતો. મૃતક વાશિંદમાં એક પ્રાઇવેટ કંપનીમાં નોકરી કરતો હતો. અહેવાલો

(જુઓ પાનું ૪) ▸▸

# થોમસ કપમાં ભારતે ચીની તાઈપેઈ પર ૧-૦ની મેળવી લીડ

હોર્સેન્સ (ડેન્માર્ક): ભારતના સ્ટાર બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેને શુક્રવારે અહીં થોમસ કપ બેડમિન્ટન ટુર્નામેન્ટ ફાઇનલ્સના ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વના છઠ્ઠા ક્રમના ખેલાડી ચોઉ ટિએન ચેનને હરાવીને બે મેચ પોઇન્ટ બચાવ્યા અને ભારતને ચીની તાઇપેઇ સામે ૧-૦ ની લીડ અપાવી હતી.

લક્ષ્ય મોટાભાગના સમયમાં પાછળ હતો પરંતુ તેણે શાનદાર વાપસી કરતા એક કલાક અને ૨૮ મિનિટ ચાલેલી મેરેથોન મેચમાં ૧૮-૨૧, ૨૨-૨૦, ૨૧-૧૭ થી જીત મેળવી હતી. મેચ પહેલા બંને ખેલાડીઓ ૪-૪ થી બરાબર હતા.

ચોઉએ ૧૦-૧૫થી પાછળ રહ્યા પછી પહેલી ગેમ જીતી પરંતુ લક્ષ્યે બીજી ગેમમાં શાનદાર વાપસી કરી હતી. ભારતીય ખેલાડીએ ૧૩-૧૭ થી પાછળ રહ્યા પછી સતત ચાર પોઇન્ટ જીતીને સ્કોર બરાબર કર્યો. ચોઉ પાસે બે મેચ પોઈન્ટ હતા, પરંતુ લક્ષ્યે પોતાનો સંયમ જાળવી રાખ્યો અને બન્નેને બચાવીને મેચને નિર્ણાયક રાઉન્ડમાં લઈ ગયો હતો. ત્રીજી ગેમમાં લક્ષ્યે ૧૧-૭ની લીડ સાથે પોતાની સ્થિતિ મજબૂત કરી અને મેચ જીતી લીધી હતી.

સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ડબલ્સ જોડી ચિયૂ સિયાંગ ચિએહ અને વાંગ ચિ-લિનનો સામનો કરશે. અન્ય મેચોમાં આયુષ શેટ્ટી લિન ચુન-યીનો સામનો કરશે. ■

# દિલ્હીનો સપાટો, રાજસ્થાન ઘૂંટણિયે

## ૨૨૬ રનનું લક્ષ્ય પણ દિલ્હીએ આસાનીથી ચેઝ કરી દેખાડ્યું: પરાગની આક્રમક ઈનિંગ એળે ગઈ

જયપુર: ગુલાબી નગરી જયપુરમાં યજમાન રાજસ્થાન રોયલ્સના ૨૨૬ રનના ટાર્ગેટનો દિલ્હી કેપિટલ્સે ૧૯.૧ ઓવરમાં આસાનીથી સફળતાપૂર્વક પીછો કરીને સાત વિકેટે વિજય મેળવ્યો હતો. જોકે આનું મોટાભાગનું શ્રેય ઓપનર પથુમ નિસાન્કા અને કે.એલ. રાહુલને જાય છે જેમણે ૯.૩ ઓવરમાં ૧૧૦ રન બનાવીને જીતનો પાયો નાખ્યો હતો.

રાજસ્થાનના ૨૨૬ રનના ટાર્ગેટનો પીછો કરનાર દિલ્હીની શરૂઆત ધમાકેદાર રહી હતી અને ઓપનરો પથુમ નિસાન્કા અને કે.એલ. રાહુલે ૯.૩ ઓવરમાં જ ૧૧૦ રન બનાવ્યા હતા. નિસાન્કા (૩૩ બોલમાં ૬૨ રન)ના ગયા પછી રાહુલે ઇન-ફોર્મ નિતેશ રાણા (૧૭ બોલમાં ૩૩ રન) સાથે મળીને લક્ષ્ય સુધી પહોંચવા માટેની મજલ વધુ ઝડપી બનાવી હતી.

૧૬મી ઓવરમાં રાહુલ (૪૦ બોલ, ૭૫ રન) આઉટ થયો ત્યારે દિલ્હીના ૧૭૭ રન થયા હતા. રાહુલ ફરી અદભુત ઇનિંગ રમ્યો હતો અને તેણે ફટકારેલા પાંચ સિક્સર અને છ બાઉન્ડ્રી જોવા જેવા હતા. એના ગયા પછી ટ્રિસ્ટન સ્ટબ્સ અને આશુતોષ શર્માએ કામ પૂરું કર્યું હતું. છેલ્લી ત્રણ ઓવરમાં દિલ્હીને ૩૦ રન જોઈતા હતા. રાજસ્થાન રોયલ્સે દિલ્હી કેપિટલ્સ માટે ૨૨૬ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૨૫ રન કર્યા હતા. રાજસ્થાન તરફથી રિયાન પરાગે સૌથી વધુ ૯૦ રન કર્યા હતા. તે સિવાય ડોનોવન ફરેરાએ પણ ૧૪ બોલમાં અણનમ ૪૭ રન કર્યા હતા. આ મેચમાં રાજસ્થાન રોયલ્સની શરૂઆત ખરાબ રહી હતી. યશસ્વી જયસ્વાલે મિશેલ સ્ટાર્કના પહેલા જ બોલ પર સિક્સર ફટકારી હતી. જોકે, તે ત્રીજા બોલ પર આઉટ થયો હતો. પછી કાઈલ જેમિસનની બીજી ઓવરમાં વૈભવ સૂર્યવંશીએ તેના પહેલા બોલ પર ફોર ફટકારી, પરંતુ બીજા બોલ પર આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ રિયાન પરાગ અને ધ્રુવ જુરેલે સારી પાર્ટનરશિપ કરી હતી. તેમણે ૧૦૨ રનની ભાગીદારી કરી હતી. દરમિયાન, જુરેલ (૪૨) ને અક્ષર પટેલની ઓવરમાં ટ્રિસ્ટન સ્ટબ્સે કેચ કર્યો હતો. ત્યારબાદ મિશેલ સ્ટાર્કે રવિન્દ્ર જાડેજા (૨૦) અને પછી પરાગ (૯૦) ને આઉટ કર્યા હતા. અંતે, ડોનોવન ફેરેરાએ ધમાકેદાર ઇનિંગ રમી હતી. તેણે માત્ર ૧૪ બોલમાં ૪૭ રન (૨ ચોગ્ગા અને ૬ છગ્ગા) ફટકાર્યા હતા. જેનાથી રાજસ્થાનને ૨૦ ઓવરમાં છ વિકેટના નુકસાન પર ૨૨૫ રન ફટકાર્યા હતા. ■

# મેદાન બહારના વિવાદો ટીમ માટે નથી સારો સંકેત : સંગાકાર

જયપુર: રાજસ્થાન રોયલ્સના મુખ્ય કોચ કુમાર સંગાકારાએ જણાવ્યું હતું કે મેદાનની બહારની બે ઘટનાઓ માટે કેપ્ટન રિયાન પરાગ અને સહયોગી સ્ટાફના એક સભ્યને ફટકારવામાં આવેલા દંડથી ટીમની છબિને નુકસાન થઈ શકે છે. પંજાબ કિંગ્સ સામે ગુરુવારે રમાયેલી મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીવા બદલ કેપ્ટન રિયાન પરાગને તેની મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો. તે રમતની પ્રતિષ્ઠાને ખરાબ કરવા બદલ દોષિત સાબિત થયો હતો. અગાઉ રાજસ્થાન ટીમના મેનેજર રોમી ભિંડર પર ડગઆઉટમાં ફોનનો ઉપયોગ સંબંધિત નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૧૦૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

દિલ્હી કેપિટલ્સ સામેની મેચ પહેલા સંગાકારાએ કહ્યું હતું કે, ''મને લાગે છે કે તેનાથી નિશ્ચિત ટીમ પર સકારાત્મક અસર થઈ નથી પછી ભલે કોઈ પણ પ્રકારનો વિવાદ હોય. હું ફક્ત એટલું જ કહી શકું છું કે બીસીસીઆઈ અને ફ્રેન્ચાઇઝીએ બંને બાબતોની નોંધ લીધી છે. સંસ્કૃતિની વાત કરીએ તો અમે હંમેશાં સકારાત્મક અને સ્વસ્થ સંસ્કૃતિ જાળવવાનો પ્રયાસ કરીએ છીએ. અમારી પાસે અમારા પોતાના મૂલ્યો છે જેનું અમે પાલન કરીએ છીએ. ખેલાડીઓને સતત ફ્રેન્ચાઇઝી, આપણી સંસ્કૃતિ અને મૂલ્યો પ્રત્યે જવાબદાર રહેવાની યાદ અપાવવામાં આવે છે.''

બીસીસીઆઈએ ગુરુવારે એક નિવેદન બહાર પાડીને કહ્યું કે પરાગને સજા કર્યા પછી તે રાજસ્થાન રોયલ્સ સામે પણ કડક કાર્યવાહી કરવાનું વિચારી રહ્યું છે. પરાગને આ સીઝન માટે રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે પરંતુ તેણે અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું નથી, પરંતુ સંગાકારાએ તેનો બચાવ કર્યો હતો. તેણે કહ્યું હતું કે, ''મને લાગે છે કે તેણે કેપ્ટન તરીકે ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. છેલ્લી મેચમાં તેની ટૂંકી ઇનિંગ્સે ટીમને ઘણી મદદ કરી હતી. હું રિયાન પાસેથી આવી વધુ પ્રભાવશાળી ઇનિંગ્સ જોવા માંગુ છું. અમને તેની બેટિંગ કુશળતા પર કોઈ શંકા નથી.'' ■

# આઈપીએલમાં લવ જિહાદનો ખળભળાટ

## શું એ કપલ સમીર રિઝવી-યેશા સાગર છે? ક્રિકેટર એન્કર પર ધર્મપરિવર્તન કરવાની ફરજ પાડતો હોવાનું કહેવાય છે: સોશ્યલ મીડિયામાં આ વિષય ટોક ઓફ ધ ટાઉન





નવી દિલ્હી: આઇપીએલમાં લવ જિહાદના આક્ષેપોથી ખળભળાટ મચ્યો છે. એક મુસ્લિમ ક્રિકેટરે એન્કર ગર્લફ્રેન્ડને આયતો યાદ કરવા ફરજ પાડી હોવાના આક્ષેપો થયા છે. એક પત્રકારે સોશ્યલ મીડિયા પર કરેલી પોસ્ટ બાદ આ વિવાદ શરૂ થયો હતો.

પત્રકારે સોશ્યલ મીડિયા પોસ્ટમાં સીધી રીતે કોઈનું નામ નહોતું લીધું પરંતુ તેનો સંકેત સ્પષ્ટ હતો. ક્રિકેટરે તેની પ્રેમિકા પર ધર્મ પરિવર્તન માટે દબાણ કર્યું હોવાનો દાવો કર્યો હતો. એન્કરના મિત્ર અનુસાર, ક્રિકેટરે કહ્યું કે, જ્યાં સુધી તે પ્રેક્ટિસથી પરત ફરે ત્યાં સુધી એન્કરને આયતો યાદ કરવા ફરજ પાડી હતી.

ધર્મ પરિવર્તનના આરોપો વચ્ચે એન્કરના અંગત જીવન પર અનેક પ્રતિબંધો લગાવવામાં આવ્યા હોવાનો આરોપ છે. વાયરલ દાવા અનુસાર, ક્રિકેટરે તેને લાઇફસ્ટાઇલમાં બદલાવ કરવા પણ કહ્યું હતું. તેણે અન્ય ખેલાડીઓ સાથે હાથ મિલાવવાના બદલે માત્ર નમસ્તે કરવા જ કહ્યું હતું. આ ઉપરાંત ક્રિકેટરે એન્કરની બિકિની તસવીરો સોશ્યલ મીડિયા પરથી હટાવવા દબાણ કર્યું હતું.

સોશ્યલ મીડિયા યુઝર્સે પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરી દીધું. લોકોએ જરા પણ વિલંબ કર્યા વિના આ આખી વાર્તાને સમીર રિઝવી અને યેશા સાગર સાથે જોડી દીધી હતી. ઘણા યુઝર્સે આ આરોપોને સાચા માનીને ખેલાડીના આ વર્તનની આકરી ટીકા કરી છે. લોકોએ તેને ધર્મ પરિવર્તનનું ષડયંત્ર ગણાવીને ઓનલાઈન ગંભીર ચર્ચા છેડી દીધી છે.

ઇન્ટરનેટ પર આરોપોનું બજાર ભલે ગરમ હોય, પરંતુ અત્યાર સુધી આ ગંભીર દાવાઓની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ન તો સમીર રિઝવી કે ન તો યેશા સાગરે આ ઘટનાક્રમ પર કોઈ જાહેર નિવેદન આપ્યું છે. પત્રકારે પોસ્ટમાં સ્પષ્ટ કર્યું હતું કે આ ફેરફાર પરસ્પર સંમતિથી છે કે જબરદસ્તીથી, તે તો માત્ર એન્કર જ જણાવી શકે છે. હાલમાં તમામ લોકો આ સમગ્ર મામલે તેમના સત્તાવાર નિવેદનની ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ઇન્ટરનેટ પર આરોપોનું બજાર ભલે ગરમ હોય, પરંતુ અત્યાર સુધી આ ગંભીર દાવાઓની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ન તો સમીર રિઝવી કે ન તો યેશા સાગરે આ વિશે કશોય ફોડ પાડ્યો છે. પત્રકારે પોસ્ટમાં સ્પષ્ટ કર્યું હતું કે આ ફેરફાર પરસ્પર સંમતિથી છે કે જબરદસ્તીથી, તે તો માત્ર એન્કર જ જણાવી શકે છે.

સમીર રિઝવીએ ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝનમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમી રહ્યો છે. શરૂઆતની પ્રથમ બે મેચમાં શાનદાર રીતે કરી હતી. પ્રથમ બે મુકાબલામાં 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો અને તે ઈંડ્ઢ ૨૦૨૬ની ઓરેન્જ કેપની રેસમાં પણ સામેલ હતો. જોકે, લખનઊ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સામે અનુક્રમે ૭૦ અને ૯૦ રનની બે ઇનિંગ્સ રમ્યા બાદ તેના ફોર્મ કથળ્યું છે. ત્યારપછી તે ચાર વખત સિંગલ ડિજિટ સ્કોર પર આઉટ થયો છે.

બીજી બાજુ, યેશા સાગરનો જન્મ પંજાબમાં થયો પણ ૨૦૧૫માં વધુ અભ્યાસ માટે કેનેડાના ટોરન્ટોમાં સ્થાયી થઈ હતી. સેનેકા કોલેજમાંથી ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી, તેણે ધીમે ધીમે મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રે પ્રવેશ કર્યો. મૉડેલ, અભિનેત્રી અને એન્કર તરીકે કામ કરીને તેણે વિવિધ પ્લેટફોર્મ પર લોકપ્રિયતા મેળવી છે. ■

# રોહિત શર્માના વન-ડે રેકોર્ડ કોઇ તોડી શકશે?

નવી દિલ્હી: ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન રોહિત શર્માનો આજે ૩૯મો જન્મદિન છે. વર્લ્ડ ક્રિકેટમાં હિટમેનના નામથી જાણીતા રોહિત શર્માએ આંતરરાષ્ટ્રીટ ક્રિકેટમાં એવા ઘણા રેકોર્ડ બનાવ્યા છે, જેને તોડવા આજે કોઈપણ ખેલાડી માટે મુશ્કેલ છે.

### આ રહ્યા રોહિતના રેકોર્ડ્સ:

વન-ડે ઇતિહાસમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર: વર્ષ ૨૦૧૪માં શ્રીલંકા સામે રોહિત શર્માએ ૧૭૩ બોલમાં ૨૬૪ રન બનાવીને ઈતિહાસ રચ્યો હતો. આ રેકોર્ડ હજુ સુધી કોઈ તોડી શક્યું નથી.

વન-ડેમાં ત્રણ બેવડી સદી ફટકારનારો વિશ્વનો એક માત્ર બેટ્સમેન: વન ડેમાં બેવડી સદી ફટકારવા ઘણા ક્રિકેટરો તરસે છે ત્યારે રોહિત શર્માએ આ કારનામું ત્રણ વખત કર્યું છે. રોહિતે ઓસ્ટ્રેલિયા સામે બેંગ્લૂરુમાં ૨૦૯, કોલકાતામાં શ્રીલંકા સામે ૨૬૪ રન અને મોહાલીમાં શ્રીલંકા ૨૦૮ રનની ઈનિંગ રમી હતી.

એક વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી: આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૯માં રોહિત શર્માએ ૯ ઈનિંગમાં ૫ સદી ફટકારી હતી. જે કોઈ ખેલાડી દ્વારા એક વર્લ્ડકપમાં ફટકારવામાં આવેલી સૌથી વધુ સદી છે. રોહિતે વર્લ્ડ કપમાં ૭ સદી ફટકારી છે.

કેપ્ટનશિપમાં એક વર્ષમાં બે આઇસીસી ટ્રોફી: રોહિત શર્મા માત્ર બેટ્સમેન જ નહીં પરંતુ એક સફળ કેપ્ટન પણ છે. તેની આગેવાનીમાં ભારતે આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીત્યો હતો. ઉપરાંત આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પણ જીતી હતી. ૧૨ મહિનાની અંદર બે આઈસીસી ટાઈટલ જીતીને તેણે આ ખાસ ઉપલબ્ધિ હાંસલ કરી હતી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સિક્સ: રોહિતને હિટમેનનું બિરુદ એમ જ નથી મળ્યું. તેના નામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ ૬૩૭ સિક્સ મારવાનો રેકોર્ડ છે. આ મામલે તેણે ક્રિસ ગેઇલને પણ પાછળ રાખ્યો છે. આ ઉપરાંત ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં તે સૌથી વધુ રન બનાવનારો ખેલાડી છે. તેણે ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૪૨૩૧ રન બનાવ્યા છે. તેમજ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સિક્સની સદી ફટકારનારો વિશ્વનો એકમાત્ર બેટ્સમેન છે.

### કેટલી છે રોહિત શર્માની નેટવર્થ

રોહિત શર્મા ભારતીય ક્રિકેટ ટીમના ધનિક ખેલાડીઓ પૈકીનો એક છે. રિપોર્ટ પ્રમાણે તેની કુલ નેટવર્થ ૨૩૩ કરોડ રૂપિયાથી વધારે છે. રોહિતની કમાણીની વાત કરીએ તો મુખ્ય આવક બીસીસીઆઈ અને આઈપીએલમાંથી મળતો તગડો પગાર છે. રોહિત શર્મા લાંબા સમયથી બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ટોપ કેટેગરીમાં છે. આ ઉપરાંત વર્તમાન આઈપીએલ સેલરીની વાત કરવામાં આવે તો ૧૬.૩૦ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત તે ઘણી બ્રાંડનું એન્ડોર્સમેંટ કરે છે, તેનાથી પણ સારી કમાણી થાય છે.

### રોહિત શર્માનું આલીશાન ઘર

જો રોહિત શર્માના ઘરની વાત કરીએ તો તે કોઈ મહેલથી ઓછું નથી. રોહિત શર્મા મુંબઈના પોશ વિસ્તાર વરલીમાં સ્થિત 'આહુજા એપાર્ટમેન્ટ્સ' ના ૨૯મા માળે રહે છે. રોહિત શર્માના આ ઘરની કિંમત આશરે ૪૦ કરોડ રૂપિયા છે. રોહિતનું આ ઘર ૬,૦૦૦ સ્કવેર ફીટમાં ફેલાયેલું છે. આ ઘર સંપૂર્ણપણે સ્માર્ટ હોમ ઓટોમેશન ટેક્નોલોજીથી સજ્જ છે.

### રોહિત શર્માનું કાર કલેક્શન

રોહિત શર્મા ભારતના એવા ક્રિકેટરોમાંના એક છે જેમને લક્ઝરી કારનો શોખ છે. રોહિતને ખાસ કરીને સ્પોર્ટ્સ કાર ખૂબ જ પસંદ છે. રોહિતના કાર કલેક્શનની વાત કરીએ તો તેની પાસે લેમ્બોર્ગિની ઉરુસથી લઈને ટેસ્લા જેવી કારો છે. રોહિતની સૌથી મનપસંદ કાર લેમ્બોર્ગિની ઉરુસ છે, જેની કિંમત આશરે ₹૪.૫૦ કરોડ છે. આ ઉપરાંત, તેમની પાસે મર્સિડીઝ-બેન્ઝ એસ-ક્લાસ, બીએમડબલ્યુ એમ-૫, રેન્જ રોવર, ટોયોટા ફોર્ચ્યુનર અને ટેસ્લા મોડલ વાય જેવી ગાડીઓ છે.■

# મુંબઈ V/S ચેન્નઈ આજે: બંને માટે કરો યા મરોની સ્થિતિ



ચેન્નઈ: ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬માં આજે મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નઈ સુપરકિંગ્સ સામસામે ટકરાશે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે બંન્ને ટીમો માટે કોઈ પણ ભોગે મેચ જીતવી જરૂરી છે. આઈપીએલના ઇતિહાસમાં બે સૌથી સફળ ટીમોનું અત્યાર સુધીનું અભિયાન નિરાશાજનક રહ્યું છે. બંન્ને જીત માટે સંઘર્ષ કરી રહી છે. એમએ ચિદમ્બરમ સ્ટેડિયમની પરિસ્થિતિઓ સીએસકે માટે અનુકૂળ રહી છે, પરંતુ તેમના પ્રદર્શનમાં તે પ્રભાવ જોવા મળ્યો નથી જે વર્ષોથી તેમની ઓળખ રહી છે.

સીએસકેની બેટિંગમાં સાતત્યનો અભાવ રહ્યો છે, ખાસ કરીને મિડલ ઓર્ડર્સમાં તેમના બોલરોએ પણ દબાણ હેઠળ સારું પ્રદર્શન કરવામાં સંઘર્ષ કર્યો છે. મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન પણ આ સીઝનમાં ખરાબ રહ્યું છે. ટોચના ક્રમના શાનદાર પ્રદર્શન છતાં પાંચ વખતની ચેમ્પિયન ટીમ નબળા મિડલ ઓર્ડર્સ અને બોલિંગથી નિરાશ થઈ ગઈ છે. તેમના બોલરો સ્કોરનો બચાવ કરવામાં અને નિર્ણાયક ક્ષણોમાં વિરોધી બેટ્સમેનોને રોકવામાં નિષ્ફળ રહ્યા છે.

હવે જ્યારે ટૂર્નામેન્ટ તેના નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ગઈ છે, ત્યારે બંને ટીમો પાસે તેમના પ્રદર્શનમાં સુધારો કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. આ મેચમાં પોતાનું નસીબ બદલવા માટે તેમને સારું પ્રદર્શન કરવાની જરૂર પડશે. ચેન્નઈ સુપર કિંગ્સને આશા છે કે તેના સ્પિનરો ચેપોકની ધીમી પિચનો લાભ લઈ શકશે, જ્યારે મુંબઈ સ્પિનરોનો સામનો કરવા માટે તેના પાવર હિટર્સ પર આધાર રાખશે.

ચેન્નઈ અને મુંબઈના વર્તમાન ફોર્મને જોતાં કોઈપણ ટીમ સ્પષ્ટપણે આ મેચ જીતવા માટે દાવેદાર નથી. ઋતુરાજ ગાયકવાડની કેપ્ટનશિપ હેઠળની સીએકે હાલમાં આઠ મેચમાંથી ત્રણ જીત સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે, સતત નબળા પ્રદર્શન, નબળા નેટ રન રેટ અને મહેન્દ્ર સિંહ ધોનીની ગેરહાજરીને કારણે પ્લેઓફમાં પહોંચવા અંગે ટીમ અનિશ્ચિતતાનો સામનો કરી રહી છે.

ધોની ઈજાના કારણે અત્યાર સુધી એક પણ મેચ રમી શક્યો નથી. જોકે શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે તે ટૂંક સમયમાં પાછો ફરશે. સંજુ સેમસન ચેન્નઈનો સૌથી સફળ બેટ્સમેન રહ્યો છે. આ સીઝનમાં ચેન્નઈમાં જોડાયેલા સેમસને આઠ ઇનિંગ્સમાં ૩૦૦થી વધુ રન કર્યા છે. જેમાં બે સદીનો સમાવેશ થાય છે. તે ફરી એકવાર બેટિંગની જવાબદારી સંભાળશે.

બોલિંગમાં જેમી ઓવરટન અને અંશુલ કંબોજે ચેન્નઈ માટે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે, પરંતુ તેમને અન્ય બોલરો તરફથી પૂરતી મદદ મળી નથી. સનરાઇઝર્સ હૈદરાબાદ સામે તેમના ઘરઆંગણે ૨૪૩ રનનો બચાવ કરવામાં નિષ્ફળ ગયા બાદ મુંબઈ ઇન્ડિયન્સની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. આ મેચે તેમની બોલિંગની નબળાઈઓ ઉજાગર કરી દીધી છે. ચેન્નઈની સ્થિતિ મુંબઈ કરતા થોડી સારી છે. મુંબઈ નવમા સ્થાને છે અને પ્લેઓફ માટે ક્વોલિફાય થવાની આશા જીવંત રાખવા માટે તેને બાકીની બધી છ મેચ જીતવાની જરૂર છે.

### મુંબઈને ઝટકો: ઇન્જર્ડ સેન્ટનર આઉટ

ઓકલેન્ડ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) દરમિયાન ખભાની ઇજાને કારણે ન્યૂ ઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનર ઓછામાં ઓછા એક મહિના માટે ક્રિકેટથી દૂર રહેશે. ન્યૂ ઝીલેન્ડનો ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનર આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઇન્ડિયન્સ તરફથી રમતો હતો. સેન્ટનર સીઝનમાં ફક્ત ચાર મેચ રમી શક્યો હતો. તેને ખભામાં ઇજા થઈ હતી, જેના કારણે તે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ન્યૂ ઝીલેન્ડ ક્રિકેટે પુષ્ટી કરી છે કે સેન્ટનર આગામી આયરલેન્ડ સામેની શ્રેણીમાં પણ રમી શકશે નહીં.

આ ૩૪ વર્ષીય ખેલાડીને ૨૩ એપ્રિલે મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વચ્ચેની મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ડાબા ખભામાં ઇજા થઈ હતી. ન્યૂ ઝીલેન્ડ ક્રિકેટે શુક્રવારે જણાવ્યું હતું કે, સેન્ટનર આ અઠવાડિયે ન્યૂ ઝીલેન્ડ પરત ફર્યો અને નિષ્ણાંતોએ તેને સલાહ આપી હતી કે તેને ઓછામાં ઓછા એક મહિનાનો આરામ છે.

આઈપીએલ મેચ દરમિયાન ચેન્નઈના કાર્તિક શર્માને આઉટ કરવા માટે જસપ્રીત બુમરાહની બોલિંગ પર કેચ લેતી વખતે સેન્ટનરને ખભા અને માથામાં ઇજા થઈ હતી. પરિણામે તે આયરલેન્ડ સામેની એકમાત્ર ટેસ્ટ અને ઇંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં રમી શકશે નહીં. નોંધનીય છે કે ન્યૂ ઝીલેન્ડ અને આયરલેન્ડ વચ્ચેની વચ્ચેની એકમાત્ર ચાર દિવસીય ટેસ્ટ મેચ ૨૭ મેના રોજ બેલફાસ્ટમાં શરૂ થશે. ■

# બીજા આઈએસએસએફ શોટગન વર્લ્ડકપમાં રમશે ભારતની ૧૨ સભ્યની ટીમ

નવી દિલ્હી : કઝાકિસ્તાનના અલ્માટીમાં યોજાનારા આ વર્ષના બીજા આઈએસએસએફ શોટગન વર્લ્ડકપમાં ભારતની ૧૨ સભ્યની શૂટિંગ ટીમ ભાગ લેશે. ભારતીય ટીમ શનિવારે આયોજન સ્થળ પર પહોંચશે. દસ દિવસ સુધી ચાલનારી આ સ્પર્ધામાં ૪૨ દેશોના ૨૮૪ ખેલાડીઓ ભાગ લેશે. ભારતીય ટીમના આઠ સભ્ય આરપીઓ (માત્ર રેન્કિંગ પોઈન્ટ્સ માટે) શૂટરોના રૂપમાં સ્પર્ધા કરવા માટે આ ટૂર્નામેન્ટ્સમાં ભાગ લેશે.

આ સ્પર્ધા સોમવાર (૪ મે) ના રોજ પુરુષો અને મહિલાઓના સ્કીટ ક્વોલિફાયર સાથે શરૂ થશે. આ ટૂર્નામેન્ટની ફાઇનલ મેચ પાંચ મેના રોજ રમાશે.

ટ્રેપ સ્પર્ધાની બે ફાઇનલ ૯ મેના રોજ યોજાશે, જ્યારે ટ્રેપ મિક્સ્ડ ટીમની ફાઇનલ આગામી ૧૦, મેના રોજ શનિવારે યોજાશે. વર્લ્ડ કપનો પ્રથમ તબક્કો માર્ચમાં મોરક્કોના તાન્જિયરમાં યોજાયો હતો.

બીજા તબક્કાની સ્પર્ધાના પ્રથમ દિવસે ત્રણ ભારતીય ઓલિમ્પિયન ભાગ લેશે. આમાં પુરુષોની સ્કીટ ઇવેન્ટમાં મૈરાજ અહમદ ખાન અને અનંતજીત સિંહ નારુકા અને મહિલાઓની સ્કીટ ઇવેન્ટમાં રાયઝા ઢિલ્લોનનો સમાવેશ થાય છે. આ ત્રણેય આ વર્ષે પહેલીવાર આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરશે. ■

# જોન્ટી રહોડ્સ, પ્લેસિસ અને ક્લાસને ઈટીપીએલમાં ખરીદી ટીમ

રોટરડેમ: દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટરો જોન્ટી રહોડ્સ, ફાફ ડુ પ્લેસિસ અને હેન્રિક ક્લાસને યુરોપિયન ટી૨૦ પ્રીમિયર લીગ (ઈટીપીએલ)ની રોટરડેમ ફ્રેન્ચાઇઝીની માલિકી ખરીદી છે. રોટરડેમ ફ્રેન્ચાઇઝી ટુનામેન્ટના પ્રથમ સીઝનમાં રમશે. આ સીઝન ૨૬ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન રમાશે. અન્ય શહેર આધારિત ફ્રેન્ચાઈઝી ગ્લાસગો, એમ્સ્ટરડમ, એડિનબર્ગ, ડબલિન અને બેલફાસ્ટ છે.

ડુ પ્લેસિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'ઈટીપીએલમાં જોન્ટી અને ક્લાસન સાથે મળીને એક ફ્રેન્ચાઇઝી ખરીદવી મારા માટે ખૂબ જ ખાસ છે. ટીમના માલિક બનવા તરફ આ મારું પ્રથમ પગલું છે અને યુરોપિયન ક્રિકેટ આગળ વધી રહ્યું છે ત્યારે ટીમ ખરીદવાનો આનાથી સમય વધુ સારો હોઈ શકે નહીં.' ■

# માહીની જેમ પાંચ આઈપીએલ ટ્રોફી જીતવાનું છે સ્વપ્ન: રાહુલ



નવી દિલ્હી: દિલ્હી કેપિટલ્સના ઓપનર કેએલ રાહુલે પોતાની ઈચ્છા વ્યક્ત કરતા કહ્યું હતું કે ટાઇટલ વિના વ્યક્તિગત સિદ્ધિઓનું કોઈ મહત્ત્વ નથી અને કહ્યું કે તેની દિલની ઈચ્છા મહેન્દ્ર સિંહ ધોનીના પાંચ આઈપીએલ ટાઇટલની બરાબરી કરવાની છે.

આઈપીએલમાં સૌથી વધુ રન કરનારા ખેલાડીઓની યાદીમાં તાજેતરમાં જ ધોનીને પાછળ છોડી દેનારા રાહુલે આ સિદ્ધિને વધુ મહત્ત્વ આપ્યું ન હતું અને ટીમની પ્રાથમિકતા આપવાના પોતાના અભિગમની વાત કરી હતી. વધુમાં તેણે કહ્યું કે ''મને ખ્યાલ પણ નહોતો કે મેં માહી ભાઈને પાછળ છોડી દીધા છે. વ્યક્તિગત સિદ્ધિઓ સારી છે. તેમાં વિશ્વાસ હોય છે કે હું યોગ્ય દિશામાં આગળ વધી રહ્યો છું, પરંતુ મને સૌથી વધુ ખુશી ધોની જેટલી ટ્રોફી જીતવામાં મળશે.''

કેએલ રાહુલે કહ્યું કે તેમણે કહ્યું, ક્રિકેટ એક ટીમ રમત છે. તમે ટ્રોફી જીતવા માગો છો. તમે સફળ ટીમોનો ભાગ બનવા માગો છો. તે હંમેશાંથી મારું લક્ષ્ય રહ્યું છે. જમણા હાથના બેટ્સમેને એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ સામેના તેના પ્રભાવશાળી રેકોર્ડ વિશે પણ વાત કરી હતી. મેં વિચાર્યું છે કે ''શું મારી પાસે આરસીબી માટે કોઈ ચોક્કસ રણનીતિ છે, પરંતુ મને કોઈ જવાબ મળ્યો નથી. ચિન્નાસ્વામી મારા માટે ખૂબ જ ખાસ છે. હું ત્યાં મોટો થયો છું અને જ્યારે પણ હું તે મેદાન પર રમું છું, ત્યારે મને કંઈક અલગ લાગે છે.''

રાહુલે કહ્યું હતું કે, જ્યારે પણ હું ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમું છું ત્યારે મને કંઈક અલગ જ લાગે છે. મેં ત્યાં સારું પ્રદર્શન કર્યું છે, ફક્ત આરસીબી સામે જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય મેચોમાં સારું પ્રદર્શન કર્યું છે.

રાહુલે ભારતના નવી જનરેશનના બેટ્સમેનોના નિડર વલણની પ્રશંસા કરી હતી. તેણે કહ્યું હતું કે, તેઓ કોઈપણ બોલરની પ્રતિષ્ઠાથી ડરતા નથી, પછી ભલે તે જસપ્રીત બુમરાહ હોય કે પેટ કમિન્સ. તેઓ ફક્ત બોલ જુએ છે અને તેને મેદાનની બહાર ફટકારવા માગે છે. આ નવી જનરેશનના ક્રિકેટરો જે કરી રહ્યા છે તે અદભુત છે. વૈભવ સૂર્યવંશીએ ક્રિકેટ જગતમાં તોફાન મચાવી દીધું છે. મેં ક્યારેય ૧૫ વર્ષની ઉંમરે બે સદી ફટકારવાનું સ્વપ્ન પણ નહોતું જોયું.■

# મધ્ય પૂર્વના વિક્ષેપો વચ્ચે જેએનપીટી ખાતે ૧,૦૦૦થી વધુ કન્ટેનર અટવાયા

મુંબઈઃ ભારતના અગ્રણી કન્ટેનર પોર્ટ, જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીટી)ના ઝડપી માળખાકીય વિસ્તરણ અને વધતી જતી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા તેને ભારતના સૌથી મોટા કન્ટેનર ગેટવે તરીકેની ભૂમિકાને મજબૂત બનાવી રહી છે, જે દેશના વેપાર અને આર્થિક વિકાસને આગળ ધપાવે છે. જેએનપીટીએ માર્ચ ૨૦૨૬માં ૭૪૭,૦૬૦ ટીઇયુ (વીસ-ફૂટ સમકક્ષ એકમ) કન્ટેનર અને કુલ ૯.૧૬ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કર્યું, જે માર્ચ૨૦૨૫ના ટ્રાફિકની તુલનામાં અનુક્રમે ૧૧.૧૩ ટકા અને ૧૦.૮૧ ટકા વધારે છે. ઉંગડ્અ મજબૂત થઈ રહ્યું છે તેમ, નિકાસકારો સમાંતર કટોકટીનો સામનો કરી રહ્યા છે, કારણ કે

જોકે, મધ્ય પૂર્વ સંઘર્ષ સાથે જોડાયેલા ચાલુ લોજિસ્ટિકલ વિક્ષેપોને કારણે હાલમાં બંદર પર તાજા ઉત્પાદના (ફ્રેશ પ્રોડ્યુસ)ના ૧,૦૦૦થી વધુ કન્ટેનર ફસાયેલા છે. જેએનપીટી પર ફસાયેલા કન્ટેનરની સંખ્યા પહેલી માર્ચના રોજ લગભગ ૫,૦૦૦ ટીઇયુથી ઘટીને આઠમી માર્ચ સુધીમાં લગભગ ૩,૨૦૦ ટીઇયુ થઈ ગઈ છે, જ્યારે ફસાયેલા નાશવંત માસના કન્ટેનર લગભગ ૨,૦૦૦થી ઘટીને લગભગ ૧,૦૦૦ થઈ ગયા છે.

ગલ્ફ દેશોમાં વધતી માગ છતાં નિકાસકારો નાશવંત કાર્ગોને ખસેડવામાં ગંભીર વિલંબનો સામનો કરી રહ્યા છે અને શિપમેન્ટ અટવાયેલા હોવા છતાં પ્રતિ કન્ટેનર દરરોજ ૧૮,૦૦૦થી વધુ ખર્ચ કરી રહ્યા છે. ઉદ્યોગના હિસ્સેદારો આ અવરોધો માટે જહાજોના પુનઃનિર્ધારણ, ભૂ-રાજકીય તણાવને કારણે રૂટના ફેરફાર, કન્ટેનરની ધીમી હિલચાલ અને વીમા પ્રિમીયમમાં વધારો જેવા સંયોજનોને જવાબદાર માને છે, જેના કારણે નિકાસકારો ઓપરેશનલ અને નાણાકીય જોખમોનું સંચાલન કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ વિક્ષેપ વચ્ચે, નિકાસકારો નુકસાન ઘટાડવા માટે વધુને વધુ એડપ્ટીવ વ્યૂહરચના અપનાવી રહ્યા હોવાનું જણાવતાં ટ્રાઇડેન્ટ એગ્રોના પ્રવકતાએ કટોકટીનું સંચાલન કરવા માટે એક માપદંડ અભિગમ પર ભાર મૂકતા જણાવ્યું કે, અમારી નિકાસ વ્યૂહરચના અમારા આયાતકાર દેશોની સપ્લાય ચેઇન અને બજારની સ્થિતિને સમજવામાં ઊંડાણપૂર્વકની સમજ ધરાવે છે. ઉત્પાદનોના નાશવંત ગુણને ધ્યાનમાં લેતા તેની ફરીથી નિકાસ કરવાથી વધુ નુકસાન થશે. તેના બદલે, અમે સ્થાનિક વેચાણ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું, જેણે અમને કામગીરીને નોંધપાત્ર રીતે નિયંત્રિત કરવામાં મદદ કરી છે.

આ વ્યૂહરચનાએ તીવ્ર ઘટાડાના સમયગાળા દરમિયાન ફળોના ભાવ સ્થિર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્થાનિક સ્તરે પુરવઠાને રીડાયરેક્ટ કરીને, કંપનીએ વધારાની ઇન્વેન્ટરી શોષવામાં અને બજાર સંતુલનને ટેકો આપવામાં મદદ કરી. અનિશ્ચિતતા વચ્ચે પેકિંગ કામગીરી સ્થગિત કરનારા ઘણા સ્પર્ધકોથી વિપરીત કામગીરી ચાલુ રાખી, બજારમાં સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવા સાથે લોજિસ્ટિકલ પડકારોનો સક્રિયપણે સામનો કર્યો છે. નિકાસકાર સમુદાયને ટેકો આપવા માટે, જેએનપીટીએ પણ કેટલાક ટૂંકાગાળાના ઉપાયો અમલમાં મૂક્યા છે.

# શેરબજારમાં અફડાતફડી સાથે બેન્ચમાર્કમાં ઘટાડાતરફી વલણની સંભાવના

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારનું માનસ જે રીતે ખરડાયેલું છે તે જોતાં અફડાતફડી સાથે બેન્ચમાર્કમાં આજે ઘટાડાતર્ફી વલણ જોવા મળે એવી સંભાવના છે. ગુજરાત અને મહારાષ્ટ્ર દિન ઉપરાંત શ્રમ દિન નિમિત્તે શેરબજાર બમધ રહાય હતા. ક્રૂડ ઓઇલના ભાવ ઉછાળા, વિશ્વબજારની નબળાઇ અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે સોમવારે પણ સેન્ટિમેન્ટમાં સાવચેતી જોવા મળશે. ગુરુવારે સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૨૩૭.૫૦ પોઇન્ટની નીચી સપાટીએ પટકાઇને અંતે ૫૮૨.૮૬ પોઇન્ટના ઘટાડા સાથે ૭૬,૯૧૩.૫૦ની સપાટીએ સ્થિર થયો હતો. નિફ્ટી ૧૮૦.૧૦ પોઇન્ટના ઘટાડા સાથે ૨૩,૯૯૭.૫૫ની સપાટીએ સ્થિર થયો છે. બ્રેન્ટ ક્રૂડ ૧૨૫ ડોલર સુધી ઊંચે જઇને પાછળથી ૧૧૬ ડોલર સુધી નીચે આવ્યું હતું. શેરબજારને અસરકર્તા એવા મોટાભાગના પરિબળ નકારાત્મક હોવાથી સોમવારના સત્રમાં વોલેટિલિટી સાથે બજારમાં ઘટાડાતર્ફી વલણ જોવા મળે એવી સંભાવના છે. ક્રૂડના ભાવ ઊંચી સપાટીએ છે અને રૂપિયો વિક્રમી નીચી સપાટી તરફ વધતો જાય છે. એફઆઇઆઇની વેચવાલી અટકતી નથી. એકંદરે ક્રૂડના ઉછાળા, રૂપિયાના ઘટાડા અને એફઆઇઆઇની વેચવાલી બજારને બાનમાં રાખે એવી સંભાવના છે. યુએસ-ઈરાન તણાવ વધતાં અને મુખ્ય દરિયાઈ શિપિંગ માર્ગો પર સતત વિક્ષેપ લાંબા સમય સુધી રહેવાની ધારણાં વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ચાર વર્ષમાં પહેલી વાર પ્રતિ બેરલ ૧૨૦ની સપાટી વટાવી ૧૨૫ ડોલર બોલાયુ હોવાથી ફુગાવાની ચિંતાઓ વધુ તીવ્ર બની છે. ક્રૂડના ભાવ ઉછાળા સાથે રૂપિયા પર દબાણ આવવા સાથે એફઆઇઆઇની વેચવાલી વધી શકે છે. ફેડરલે દરમાં કોઈ ફેરફાર કર્યો નથી, પરંતુ મજબૂત નીતિ વલણ જાળવી રાખ્યું હોવાથી ડોલરને ટેકો મળ્યો છે. માર્કેટ રેગ્યુલેટર




સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના નવા રજૂ કરાયેલા એસઆઇએફ ફ્રેમવર્કમાં પ્રવેશ કરતા, યુનિયન મ્યુચ્યુઅલ ફંડે ૩૦ એપ્રિલના રોજ તેના અર્થ્યા સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઇએફ) હેઠળ રોકાણ વ્યૂહરચના શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મ હેઠળની પ્રથમ ઓફર, અર્થ્યા ઇક્વિટી લોંગ શોર્ટ ફંડ, લોંગ-શોર્ટ ઇક્વિટી અભિગમને અનુસરશે, જે ડેરિવેટિવ્ઝ દ્વારા પસંદગીની શોર્ટ પોઝિશન સાથે ઇક્વિટીમાં લોંગ પોઝિશનને જોડે છે. જાહેર ક્ષેત્રની કંપની નાલ્કોએ માર્ચના ત્રિમાસિક ગાળા માટે ૧૬.૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૧,૭૨૨.૪૪ કરોડનો સંયુક્ત ચોખ્ખા નફો નોંધાવ્યો છે. વારી એનર્જીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૭૫ ટકાના વધારા સાથે રૂ. ૧૧૨૬ કરોડ નોંધાયો છે.

બજાજ ફાઇનાન્સે માર્ચ ક્વાર્ટરમાં ૨૨ ટકાના વધારા સાથે રૂ. ૫,૫૫૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વેદાંતનો ચોથા ક્વાર્ટરનો નફો ૮૯ ટકા વધીને રૂ. ૯,૩૫૨ કરોડ નોંધાયો હતો. અદાણી પાવરનો ચોથા ત્રિમાસિક સમયગાળાનો ચોખ્ખો નફો ૬૪ ટકા વધીને રૂ. ૪,૨૭૧ કરોડના સ્તરે પહોંચ્યો હતો. મારુતી સુઝુકીએ ૧.૨૪ ટકાના વધારા સાથે રૂ. ૧૪,૬૭૯.૫૦ કરોડનો વાર્ષિક કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. કેફિન ટેકનોલોજીનો ચોથા ક્વાર્ટરનો નફો ૪.૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૧ કરોડ નોંધાયો છે. આઇઆઇએફએલ ફાઇનાન્સનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ગણો વધીને રૂ. ૬૨૩ કરોડ નોંધાયો હતો.

પાવરગ્રીડના બોર્ડે સ્ટેટ બેન્ક પાસેથી રૂ. ૪૦૦૦ કરોડ ઉઘરાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. એપ્ટસ ફાર્માએ વાર્ષિક ધોરણે ૮૯.૫૯ ટકાના વધારા સાથે રૂ. ૪૬૭૦.૮૧ લાખની કુલ સ્ટેન્ડઅલોન આવક અને ૫૭.૭૩ ટકાના વધારા સાથે રૂ. ૭૫૦.૩૨ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ આ કંપનીએ મલ્ટી વર્ટિકલ વિસ્તરણ હેઠળ ૨૫૦થી વધુ પ્રોડક્ટસનો પોર્ટફોલિયો બનાવવા સાથે ૨૫,૦૦૦થી વધુ રિટેલ આઉટલેટ્સને આવરી લીધાં છે, જે ૨૦૦થી વધુ વિતરક અને પેટાવિતરક દ્વારા સમર્થિત છે. એનએસઇએ લગભગ એક ટકા જેટલો હિસ્સો ઇન્ડિયન ગેસ એક્સચેન્જને વેચ્યો છે. કોલ ઇન્ડિયાએ ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. ધૂત ટ્રાન્સમિશને બેંગ્લુરુની મલ્ટિલિન્ક હસ્તગત કરી છે. ઇટર્નલના ચોથા ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૪૬ ટકાનો ઉછાળો નોંધાયો છે. મેકમાય ટ્રીપ અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગે ભાગીદારી જાહેર કરી છે.

### રોકાણલક્ષી માગને ટેકે વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં સોનાની વૈશ્વિક માગમાં બે ટકાની વૃદ્ધિ

# રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની 300 કિલોગ્રામ સોનાની ખરીદી

મુંબઈઃ વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં અર્થાત્ ગત જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ભૂરાજકીય તણાવ વધતાં મુખ્યત્વે સોનાની લગડી અને કોઈનની માગ ૪૨ ટકા વધીને ૪૭૪ ટનની સપાટીએ રહેતાં સોનાની કુલ માગ બે ટકા વધીને ૧૨૩૧ ટનના સ્તરે રહી હોવાનું તાજેતરમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં જણાવ્યું હતું. તેમ જ આ સમયગાળામાં ભારતીય રિઝર્વ બૅન્કે ૩૦૦ કિલોગ્રામ સોનાની ખરીદી કરી હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.



ગત બુધવારે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે જાહેર કરેલા ક્યુ વન-૨૦૨૬ ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ અહેવાલમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં ઓટીસી સહિત સોનાની માગ વર્ષ ૨૦૨૫ના સમાનગાળાના ૧૨૦૫ ટન સામે બે ટકા વધીને ૧૨૩૧ ટનની સપાટીએ રહી હતી. તેમ જ સમીક્ષા હેઠળના સમયગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ગત વર્ષ ૨૦૨૫ના સમાનગાળાના ઔંસદીઠ ૨૮૬૦ ડૉલર સામે ૮૧ ટકા વધીને ૪૮૭૩ ડૉલરની સપાટીએ રહ્યા હોવાથી મૂલ્યની દૃષ્ટિએ માગ વિક્રમજનક ૭૪ ટકા વધીને ૧૯૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં ભૂરાજકીય તણાવને કારણે સોનામાં રિટેલરોની સલામતી માટેની માગ પ્રબળ રહેતાં સોનાની લગડી અને કોઈન અથવા તો સિક્કાની માગમાં ૪૨ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાનું કાઉન્સિલના ભારત ખાતેનાં ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર સચિન જૈને જણાવ્યું હતું.

કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં ચીન ખાતે લગડી અને કોઈનની માગમાં વર્ષાનુવર્ષ ધોરણે ૬૭ ટકા વધીને ૨૦૭ ટનના સ્તરે રહી હતી. આ સિવાય પૂર્વની અન્ય બજારો જેમ કે ભારત, દક્ષિણ કોરિયા અને જાપાનમાં પણ આભૂષણોને સ્થાને રોકાણલક્ષી માગમાં બદલાવ જોવા મળ્યો હતો. તેમ જ અમેરિકા અને યુરોપ ખાતે પણ સોનાની લગડી અને કોઈનની માગમાં અનુક્રમે ૧૪ ટકા અને ૫૦ ટકાનો વધારો થયો હતો. વધુમાં આ સમયગાળા દરમિયાન સોનાના એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોમાં ખાસ કરીને એશિયામાં લિસ્ટેડ ફંડોમાં ૮૪ ટનનો ઉમેરો થતાં ફંડોના કુલ હોલ્ડિંગમાં ૬૨ ટનનો વધારો થયો હતો. જોકે, અમેરિકી લિસ્ટેડ ફંડોમાં ખાસ કરીને માર્ચ મહિનામાં નોંધપાત્ર બાહ્યપ્રવાહ રહ્યો હતો.

કાઉન્સિલના જણાવ્યાનુસાર ગત જાન્યુઆરીથી માર્ચ દરમિયાન સોનાની ભાવ સપાટી ઊંચી રહી હોવાથી આભૂષણો માટેની માગ વર્ષાનુવર્ષ ધોરણે ૨૩ ટકાના ઘટાડા ૩૦૦ ટનની સપાટીએ રહી હતી. જેમાં મુખ્યત્વે ચીન, ભારત અને મધ્યપૂર્વના દેશોમાં આભૂષણો માટેની માગમાં અનુક્રમે ૩૨ ટકાનો, ૧૯ ટકાનો અને ૨૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં ઊંચા ભાવને કારણે સમીક્ષા હેઠળના સમયગાળામાં મૂલ્યની દૃષ્ટિએ આભૂષણો માટેની માગમાં વૃદ્ધિ જોવા મળી છે. બજારના વિશ્લેષકોના મતાનુસાર ચીન અને ભારતની બજારોમાં જે અગાઉ મૂળભૂતપણે આભૂષણો માટેની માગ રહેતી હતી તેમાં બદલાવ આવ્યો છે અને હવે લગડી અને કોઈનની માગ વધી છે અને આભૂષણો માટેની માગ ઘટી છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીનો ટેકો મળતાં વૈશ્વિક અનામતોમાં ૨૪૪ ટનનો ઉમેરો થયો હતો. આ સમય દરમિયાન સેન્ટ્રલ બૅન્ક ઑફ રિપબ્લિક ઑફ તુર્કી, સેન્ટ્રલ બૅન્ક ઑફ રશિયન ફેડરેશન અને અઝરબાઈજાનના સ્ટેટ ઑઈલ ફંડ દ્વારા સોનામાં થોડીઘણી વેચવાલી રહી હોવા છતાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી આગલા ત્રિમાસિકગાળા અને છેલ્લાં પાંચ વર્ષની સરેરાશ કરતાં વધુ ખરીદી જોવા મળી છે. તેમ જ ગત જાન્યુઆરીથી માર્ચ, ૨૦૨૬ દરમિયાન રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ૩૦૦ કિલોગ્રામ સોનાની નવી ખરીદી રહી હોવાનું કાઉન્સિલે ઉમેર્યું હતું.

વધુમાં કાઉન્સિલના અહેવાલ અનુસાર આ સમયગાળામાં સોનાનો પુરવઠો વર્ષાનુવર્ષ ધોરણે બે ટકા વધીને ૧૨૩૧ ટનના સ્તરે રહ્યો હતો. તેમ જ પહેલા ત્રિમાસિકગાળામાં ખાણોમાં ઉત્પાદન વિક્રમ સપાટીએ રહ્યું હતું, જ્યારે ભાવમાં ઉછાળો આવ્યો હોવા છતાં રિસાઈકલિંગમાં માત્ર પાંચ ટકાનો વધારો થયો હતો જે દર્શાવે છે કે બજારની સ્થિતિ તંગ હોવા છતાં પુરવઠા સ્થિતિ જળવાઈ રહી હતી.

કાઉન્સિલના વરિષ્ઠ વિશ્લેષક લુઈસ સ્ટ્રીટે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૬માં ભાવમાં ચંચળતાનું વલણ જોવા મળ્યું હતું કે જાન્યુઆરીના આરંભમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૪૦૦ ડૉલર સુધી પહોંચ્યા બાદ કરેક્શન જોવા મળ્યું હતું, પરંતુ પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ વધવાની સાથે સલામતી માટેની માગ અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો જળવાઈ રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, ભવિષ્યમાં ભૂરાજકીય જોખમોને ધ્યાનમાં લેતા રોકાણલક્ષી માગ જળવાઈ રહેશે, પરંતુ ઊંચા વ્યાજદરને કારણે ભાવમાં વધારો મર્યાદિત રહેશે. તેમ જ આગામી દિવસોમાં ઊંચી ભાવસપાટીને કારણે આભૂષણો માટેની માગ દબાણ હેઠળ રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# એપ્રિલ, ૨૦૨૬માં એફપીઆઈનો ₹ ૬૦,૮૪૭ કરોડનો બાહ્યપ્રવાહ

નવી દિલ્હીઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી આર્થિક અનિશ્ચિતતાઓ પણ સપાટી પર આવી હોવાથી ગત એપ્રિલ મહિનામાં વિદેશી રોકાણકારો અથવા તો ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (એફપીઆઈ)ની ભારતીય ઈક્વિટી માર્કેટમાં અવિરત વેચવાલી જળવાઈ રહેતાં રૂ. ૬૦,૮૪૭ કરોડનો (૬.૫ અબજ ડૉલરનો) બાહ્યપ્રવાહ જળવાઈ રહ્યો હતો.

ગત એપ્રિલ મહિનામાં જોવા મળેલા બાહ્યપ્રવાહ સાથે વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પહેલા ચાર મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો ચોખ્ખો બાહ્યપ્રવાહ આગલા સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫ના રૂ. ૧.૬૬ લાખ કરોડનાં બાહ્યપ્રવાહ સામે વધીને રૂ. ૧.૯૨ લાખ કરોડનો રહ્યો હોવાનું એનએસડીએલએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એકંદરે વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં એકમાત્ર ફેબ્રુઆરી મહિનાને બાદ કરતાં તમામ મહિનાઓમાં એફપીઆઈની ચોખ્ખી વેચવાલી રહી હતી, જેમાં જાન્યુઆરી મહિનામાં રૂ. ૩૫,૯૬૨ કરોડની, માર્ચ મહિનામાં રૂ. ૧.૧૭ લાખ કરોડની અને એપ્રિલ મહિનામાં રૂ. ૬૦,૮૪૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે ફેબ્રુઆરી મહિનામાં રૂ. ૨૨,૬૧૫ કરોડની લેવાલી રહી હતી, જે ૧૭ મહિનાનો સૌથી મોટી માત્રામાં આંતરપ્રવાહ રહ્યો હતો.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર એફપીઆઈની વેચવાલીનું દબાણ મુખ્યત્વે વૈશ્વિક ભૂરાજકીય જોખમોમાં થયેલા વધારા અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને આભારી છે. મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના રિસર્ચ વિભાગના પ્રિન્સિપાલ મેનેજર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું કે મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાની સાથે જોખમી પરિબળોમાં વધારો થવાથી ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવતા એપ્રિલ મહિનામાં એફપીઆઈની વેચવાલીના દબાણમાં વધારો થયો છે.

ખાસ કરીને ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાને કારણે વ્યાજદરમાં કાપની શક્યતા નબળી પડતાં ભારત સહિતની ઊભરતી બજારોમાં રોકાણ કરવા અંગે રોકાણકારોનું માનસ ખરડાયું હતું. તે જ પ્રમાણે એપ્રિલ મહિનાના બાહ્યપ્રવાહ માટે એન્જલ વનનાં ફંડામેન્ટલ એનાલિસ્ટ વકાર જાવેદ ખાને પણ અમેરિકા-ઈરાન વચ્ચે વધેલા તણાવને કારણભૂત ગણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે આ સમયગાળામાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવે બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી વટાવી હતી અને ડૉલર સામે રૂપિયો પણ નબળો પડી રહ્યો હોવાથી ફુગાવામાં વધારો થવાની સાથે વેપાર ખાધ અને ચાલુ ખાતાની ખાધ પણ વધવાની શક્યતા તથા નિફ્ટીનું વૅલ્યુએશન પીઈ રેશિયોથી ૨૧ ગણું ઊંચું રહેતાં એફપીઆઈનું વેચવાલીનું દબાણ વધ્યું હોવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# પશ્ચિમ એશિયાની કટોકટી છતાં ફર્ટિલાઈઝરનું ઉત્પાદન સ્થિર સરકારે ખરીફ મોસમ માટે ૩૭ લાખ ટન યુરિયા સલામત કર્યું

નવી દિલ્હીઃ હાલમાં પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય કટોકટી પ્રવર્તી રહી હોવા છતાં સ્થાનિકમાં ગત માર્ચ અને એપ્રિલ મહિનામાં સ્થાનિક સ્તરે યુરિયાનું ઉત્પાદન ગત સાલની સમકક્ષ ૩૭.૪૯ લાખ ટનની સપાટીએ રહ્યું છે, જ્યારે સરકારે આગામી ખરીફ મોસમની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા ૩૭ લાખ ટન યુરિયાની આયાત પણ સલામત કરી હોવાનું તાજેતરમાં સરકારે જણાવ્યું છે. ગત માર્ચ એપ્રિલ મહિનામાં સ્થાનિકમાં ફર્ટિલાઈઝરનું ઉત્પાદન ૬૨.૩૭ લાખ ટનના સ્તરે રહ્યું હતું, જ્યારે આયાત ૧૫.૩૯ લાખ ટનની સપાટીએ રહી હતી.

એકંદરે પશ્ચિમ એશિયાની કટોકટી પછી સ્થાનિક સ્તરે ફર્ટિલાઈઝરનું ઉત્પાદન અને આયાત મજબૂત રહેતાં કુલ ઉપલબ્ધિમાં ૭૮ ટનનો ઉમેરો થયો છે, એમ ફર્ટિલાઈઝર મંત્રાલયના અતિરિક્ત સચિવ અપર્ણા એસ શર્માએ જણાવ્યું હતું.

ભારતમાં યુરિયાનું ગત માર્ચ મહિનામાં ઉત્પાદન ૧૬.૪૯ લાખ ટન અને એપ્રિલમાં ૨૧ લાખ ટનનું ઉત્પાદન થતાં કુલ ૩૭.૪૯ લાખ ટન ઉત્પાદન થયું છે જે ગત સાલની સમકક્ષની સપાટીએ રહ્યું હોવાનું શર્માએ જણાવતાં ઉમેર્યું હતું કે શેષ ઘટતી માગ આયાતથી સરભર થશે. અમે વૈશ્વિક ટેન્ડર બહાર પાડીને ૩૭ લાખ ટન યુરિયા સલામત કર્યું છે.

વધુમાં ગત માર્ચ-એપ્રિલ મહિનામાં સ્થાનિકમાં ડાઈ-એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી)નું ઉત્પાદન ૪.૭૯ લાખ ટન, નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટૅશિયમ (એનપીકે)નું ઉત્પાદન ૧૨.૬૯ લાખ ટન અને સિંગલ સુપર ફોસ્ફેટ (એસએસપી)નું ઉત્પાદન ૭.૪૦ લાખ ટનના સ્તરે રહ્યું હતું. આ ઉપરાંત સરકારે ૧૯ લાખ ટન ફોસ્ફેરિક ફર્ટિલાઈઝર માટે પણ વૈશ્વિક ટેન્ડર બહાર પાડ્યું છે. તેમ જ તમામ સ્તરેથી ફર્ટિલાઈઝરના કાચા માલની ઉપલબ્ધિની સમીક્ષા કરવામાં આવી રહી છે. આમ એકંદરે ફર્ટિલાઈઝરની ઉપલબ્ધિ મજબૂત રહેશે અને આવશ્યકતા કરતાં પુરવઠો વધુ રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

સરકાર દ્વારા સંચાલિત સુધારિત આયોજન, અદ્યતન સ્ટોકિંગ અને કાર્યક્ષમ લૉજિસ્ટિકને ટેકે રાજ્યોમાં પુરવઠા સ્થિતિ મજબૂત રહી હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૬ની ખરીફ મોસમમાં અંદાજે ૩૯૦.૪૫ લાખ ટન ફર્ટિલાઈઝરની આવશ્યકતા સામે હાલમાં અંદાજે ૫૦ ટકા સ્ટોક ૧૯૩.૩૮ લાખ ટનનો સ્ટોક છે. તેમ જ યુરિયાની ઉપલબ્ધિ ૭૩.૮૧ લાખ ટનની, ડીએપીની ઉપલબ્ધિ ૨૩.૪૭ લાખ ટનની રહી છે. નોંધનીય બાબત એ છે કે ફર્ટિલાઈઝરના મહત્તમ છૂટક ભાવમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો, એમ તેમણે ઉમેર્યું હતું.

# સેબીના નિયમનને અનુરૂપ આઇપ્રુએ ફંડના સ્વરૂપમાં ફેરફાર કર્યો

મુંબઇઃ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ થેમેટિક એડવાન્ટેજ ફંડ ઓફ ફંડ્સનું નામ બદલીને આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એગ્રેસિવ હાઇબ્રિડ એક્ટિવ ફંડ ઓફ ફંડ્સ રાખવામાં આવ્યું છે. શેરબજારો હાલ બદલાતી મેક્રોઇકોનોમિક પરિસ્થિતિ અને અસ્થિરતાથી પ્રભાવિત થઈ રહ્યા છે. રોકાણકારો સ્થિર ફાળવણી વ્યૂહરચના ધરાવતા સોલ્યુશન્સો તરફ વળી રહ્યા છે.

નિયમનકારી ફેરફારો અને વધુ સંતુલિત અભિગમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ફંડ ઓફ ફંડ્સ ફ્રેમવર્કમાં આક્રમક હાઇબ્રિડ સેગમેન્ટમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે. પહેલી એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવેલા, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) ફંડ ઓફ ફંડ્સ રેગ્યુલેશન્સ ૨૦૨૫ અનુસાર, ઇક્વિટીમાં ૬૫થી ૮૦ ટકા અને ડેટ સ્કીમમાં ૨૦થી ૩૫ ટકા રોકાણ કરશે. આ ફેરફાર સ્થિરતામાં વધારો કરે છે અને સ્મોલ અને મિડ કેપ સેગમેન્ટ્સ સહિત ઇક્વિટીમાં વ્યૂહાત્મક રીતે રોકાણ કરવા માટે સુગમતા પૂરી પાડે છે.

૧૮ ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ શરૂ થયેલા આ ફંડે ત્રણ અને પાંચ વર્ષમાં અનુક્રમે ૧૫.૧૦ ટકા અને ૧૪.૯ ટકાનું સીએજીઆર વળતર આપ્યું છે. આનાથી તેના બેન્ચમાર્ક, નિફ્ટી ૨૦૦ ટીઆરઇ કરતાં વધુ સારી કામગીરી છે, જેણે સમાન સમયગાળા દરમિયાન અનુક્રમે ૧૨.૬ ટકા અને ૧૧.૪ ટકા વળતર આપ્યું છે. આ વ્યૂહરચના સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઇપી)ના રોકાણકારો માટે સ્થિરતા પણ પૂરી પાડે છે.

# વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમમાં ખાંડની નિકાસ ૭.૫થી આઠ લાખ ટન રહેવાની શક્યતા

નવી દિલ્હીઃ વૈશ્વિક બજારમાં હાલ ખાંડના ભાવ નીચા પ્રવર્તી રહ્યા હોવાથી પડતરના અભાવે ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખાંડ મોસમમાં ૭.૫૦થી આઠ લાખ ટન ખાંડની નિકાસ થવાની શક્યતા એક સરકારી વરિષ્ઠ અધિકારીએ વ્યક્ત કરી છે.

નોંધનીય બાબત એ છે ખાંડના વૈશ્વિક ઉત્પાદનમાં ભારત બ્રાઝિલ પછી બીજો ક્રમાંક ધરાવે છે, પરંતુ સ્થાનિકમાં ખાંડની નિકાસ સરકારી ક્વૉટાથી નિયંત્રિત કરવામાં આવે છે અને મિલોને પ્રમાણસર ક્વૉટા ફાળવવામાં આવે છે. વર્તમાન ખાંડ મોસમ ૨૦૨૫-૨૬ માટે આરંભિક તબક્કે ૧૫ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હતી, ત્યાર બાદ વધુ પાંચ લાખ ટનની મંજૂરી આપવામાં આવી હતી, જેમાંથી ૮૭,૫૮૭ ટન નિકાસ મંજર કરવામાં આવી છે.

જોકે, હાલમાં ભારતીય ખાંડના ભાવ વૈશ્વિક ભાવની પેરિટીમાં ન હોવાથી સંપૂર્ણ મોસમમાં ૭.૫થી આઠ લાખ ટન ખાંડના શિપમેન્ટ થવાની શક્યતા અધિકારીએ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગત ત્રીજી માર્ચ સુધી ભારતે પાંચ લાખ ટન ખાંડની નિકાસ કરી છે અને આ મોસમના આરંભમાં આઉટબાઉન્ડ શિપમેન્ટ સક્રિય હોવા છતાં મિલો વર્તમાન મોસમ માટે ફાળવેલ સંપૂર્ણ ક્વૉટાનો ઉપયોગ કરે તેવી શક્યતા નથી જણાતી, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે તાજેતરનાં વર્ષોમાં સ્થાનિક સ્તરે ખાંડની વપરાશી પદ્ધતિમાં બદલાવ આવ્યો છે અને ઉપાડ લગભગ સ્થિર જેવો રહ્યો છે. આ વલણને કારણે એકંદર વપરાશમાં ઘટાડો થવાથી નિકાસ માટેની ઉપલબ્ધિતામાં વધારો થયો છે.

વર્તમાન ખાંડ મોસમમાં અત્યાર સુધીમાં દેશમાં ખાંડનું ઉત્પાદન ૨.૭૫ કરોડ ટનની સપાટીએ પહોંચ્યું છે અને વર્તમાન મોસમમાં કુલ ઉત્પાદન આગલી મોસમના ૨.૬૧ કરોડ ટન સામે વધીને ૨.૮૨ કરોડ ટન રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# અંજારમાં મહિલાના માનસિક ત્રાસથી ત્રસ્ત આધેડનો એસિડ પી આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અંજાર શહેરના મતિયાનગર વિસ્તારમાં રહેનારા એક આધેડે મહિલા દ્વારા તેને અપાતા કથિત માનસિક ત્રાસથી કંટાળી એસિડ પી લેતા તેમનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સ્થાનિક પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, અંજારના મતિયાનગર વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષીય નારાણ પુના મહેશ્વરીએ ગત તારીખ ૨૮ એપ્રિલના રોજ સવારના ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ઝેરી એસિડ ગટગટાવી લીધું હતું. પ્રાથમિક વિગતો મુજબ, નારાણભાઇ રત્નબેન નામની મહિલા દ્વારા અપાતા સતત ત્રાસથી કંટાળી ગયા હતા, જેના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

એસિડ પી લીધા બાદ તેમની તબિયત લથડતા તાત્કાલિક અંજારની હૉસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ગઈકાલે બપોરે આધેડે અંતિમ શ્વાસ લીધા હતા.

અંજાર પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી, આધેડને આત્મહત્યા માટે મજબૂર કરનાર પરિબળો અને મહિલાના ત્રાસ અંગે તપાસ હાથ ધરી છે. ■




ભાવનગર શહેર અને જિલ્લામાં જીવદયા પ્રેમીઓ દ્વારા પક્ષીઓ માટે માળા અને પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું... (તસ્વીર: વિપુલ હિરાણી, ભાવનગર)

# ભાવનગરના તળાજામાં સોની દંપતીની હત્યા પુત્ર અને પુત્રવધૂએ જ કરી: મામાએ નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજામાં સોની દંપતીના મોત પરનો રહસ્યનો આખરે પડદો ઊંચકાયો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સોની દંપતીનું મોત કોઈ અકસ્માત કે આગના કારણે નહિ પરંતુ ગળું દબાવી, ઇજાઓ કરી હત્યા કર્યાનો ઘટસ્ફોટ થયો છે. સાયન્ટિફિક પુરાવોઓને ધ્યાને લઇ તળાજા પોલીસે મૃતક કિશોરભાઈના સાળા, મૃતક રેખાબેનના સગા ભાઈની ફરિયાદ નોંધી હતી. ફરિયાદી મામાએ ભાણેજ અને ભાણેજ વહુ વિરુદ્ધ રૂપિયાના માટે હત્યા કર્યાનો અને હત્યાને અકસ્માતમાં ખપાવવાનો આરોપ લગાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત.૧૯ એપ્રિલના રોજ રાત્રીના ત્રણ વાગ્યાના અરસામા તળાજાના રામટેકરી રોડ વિસ્તારમાં રહેતા કિશોરભાઈ વેલજીભાઈ વૈઠા અને તેના પત્ની રેખાબેનની નગ્ન અવસ્થામાં પથારીમાં અડધી બળેલી લાશ પોલીસને મળી આવી હતી. પોલીસે તે લાશ કબ્જે લઈ મોતનું કારણ જાણવા ભાવનગર ફોરેન્સિક સાયન્સ વિભાગમાં મોકલી આપી હતી.

પોલીસ દ્વારા આરોપી પુત્રના મિત્રો જે બનાવની રાત્રે સાથે હતા તેઓની પૂછપરછ, જ્યાં જ્યાં ગયા હતા ત્યાંના સીસીટીવી કેમેરા, મોબાઈલના આધારે ટાવરડમ્પ સહિતને તપાસવાનું શરૂ કર્યું છે. ■

# ખંભાળિયા-દ્વારકા હાઈવે પર ગંભીર અકસ્માત સર્જાયો, બેના ઘટનાસ્થળે જ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકામાં ખંભાળિયા-દ્વારકા હાઈવે પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં બે લોકોનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ સાથે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આ પરિવાર ગાડી લઈને દ્વારકા તરફ જઈ રહ્યો હતો. દ્વારકામાં ખંભાળિયા-દ્વારકા પર કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો તેના કારણે કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. કાર પૂરઝડપે ડિવાઈડર સાથે અથડાઈ હોવાથી તેનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આ અકસ્માતમાં ૪૮ વર્ષીય મંજુબેન ઠાકર અને ૬૫ વર્ષીય ખીમજીભાઈ જોશીનું મોત થયું હતું. આ સાથે ૨૦ વર્ષીય મનસુખભાઈ ઠાકર, ૩૦ વર્ષીય અક્ષય ઠાકર અને ૪૫ વર્ષીય મનસુખભાઈ ઠાકરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘાયલોને ખંભાળિયાની હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જો કે, તેમની હાલત વધારે ગંભીર હોવાથી વધારે સારવાર માટે જામનગર ખસેડવામાં આવ્યાં હતાં.

અકસ્માતના કારણે આસપાસના વિસ્તારમાંથી લોકો દોડી આવ્યા અને મદદ કરવા લાગ્યાં હતા. અકસ્માત અંગે સ્થાનિકો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. અકસ્માતની જાણ થતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ દ્વારા પહેલા બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં અકસ્માત અંગે ફરિયાદ નોંધીને આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

# દ્વારકાના દરિયાકાંઠાની સરકારી જમીન પરથી રૂપિયા ૨.૩૧ કરોડથી વધુના ધાર્મિક દબાણો દૂર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો હટાવવા માટે હાથ ધરાયેલી ઝુંબેશ બીજા દિવસે પણ જોરશોરથી ચાલુ રહી હતી. પ્રાંત અધિકારી અને ડીવાયએસપીની સીધી દેખરેખ હેઠળ દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટા પાયે ડિમોલિશનની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીના ભાગરૂપે વરવાળા ગામના દરિયાકાંઠે આવેલા સરકારી સર્વે નંબર ૫૧માં એક મોટા ધાર્મિક દબાણને તોડી પાડવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના અંદાજ મુજબ આ દબાણ હેઠળની મિલકતની કિંમત આશરે રૂપિયા ૧.૦૬ કરોડ આંકવામાં આવી હતી. ત્યારબાદ વહીવટી કાફલો પોશીત્રા ગામે પહોંચ્યો હતો, જ્યાં સરકારી સર્વે નંબર ૫૬૭ અને ૫૧માં આવેલા અન્ય ધાર્મિક દબાણો પર પણ બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. પોશીત્રા ખાતે દૂર કરાયેલા આ તમામ દબાણોની કુલ અંદાજિત કિંમત રૂપિયા ૧.૨૪ કરોડ જેટલી થાય છે.

સમગ્ર ડિમોલિશન પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તંત્રના સુવ્યવસ્થિત આયોજનને કારણે બીજા દિવસની આ કામગીરી પણ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. દરિયાકાંઠાની કીમતી સરકારી જમીનોને દબાણમુક્ત કરવાની તંત્રની આ કડક કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# આહીર સમાજની પરિણીતાને ભગાડી જનાર યુવકનો વીડિયો વાયરલ કર્યા બાદ કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે એક યુવકની ઘાતકી હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આહીર સમાજની પરિણીત મહિલા સાથેના પ્રેમ સંબંધમાં યુવકે જીવ ગુમાવવો પડ્યો હતો. વિરલભાઈ રમેશભાઈ ચુડાસમાએ વિજયભાઈ ઉર્ફે રાકેશ દાનાભાઈ નકુમ, તરુણ બાંભણીયા તથા અમિત હડીયાસામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ફરિયાદ પ્રમાણે, તેના નાના ભાઈને આહીર સમાજની એક પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધ હતો. થોડા સમય પૂર્વે તેનો ભાઈ આ મહિલાને સુરતથી ભગાડી ગયો હોવાથી આરોપીઓએ આ બાબતનું વેર વાળવા કાવતરું ઘડ્યું હતું. આરોપીઓએ તેના ભાઈને શોધી કાઢ્યો હતો અને તેને કોઈ અજ્ઞાત સ્થળે લઈ જઈ માર માર્યો હતો. જેમાં તેના ભાઈનું મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ આરોપીઓ યુવકના મૃતદેહને બાઢડા સ્થિત વિરાણી હાઈ સ્કૂલ પાછળ આવેલી એક પડતર જગ્યામાં ફેંકીને નાસી છૂટ્યા હતા. પોલીસ ફરાર આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરી હતી.

થોડા દિવસ પહેલા આરોપી તરુણ બાંભણીયાએ મૃતકને નીચે બેસાડી આહીર સમાજની પરિણીતાને ભગાડવા બદલ માફી મગાવતો વીડિયો શૂટ કર્યો હતો. વીડિયોમાં યુવકે બે હાથ જોડી સમાજની માફી માગી હતી. તરુણ બાંભણીયાએ વીડિયોમાં કહ્યું કે, આ યુવકને ૨૭ તારીખનું અલ્ટીમેટમ આપ્યું હતું. જોકે તે હાજર ન થતાં અમદાવાદથી શોધી કાઢવામાં આવ્યો હતો. સમાજની દીકરીને જે પણ ભગાડીને લઈ જશે તેને છોડવામાં આવશે નહીં. ઉપરાંત મૃતકના ભાઈ અને માતા પર દબાણ લાવીને એક અન્ય વીડિયો પણ બનાવ્યો હતો. ■

# પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ કચ્છ જિલ્લા કૉંગ્રેસનો આકરો નિર્ણય: ૧૫ કાર્યકર ૬ વર્ષ માટે સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ કચ્છ જિલ્લા કૉંગ્રેસ સમિતિએ શિસ્તભંગના મામલે આકરું વલણ અપનાવ્યું છે. ચૂંટણી દરમિયાન પક્ષના સત્તાવાર ઉમેદવારોને નુકસાન પહોંચાડવા અને પક્ષવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ૧૫ જેટલા હોદ્દેદારો તથા કાર્યકરોને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી આગામી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ વી.કે. હુંબલ દ્વારા જારી કરવામાં આવેલી યાદી મુજબ, જે કાર્યકરોએ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પક્ષની આચારસંહિતાનો ભંગ કર્યો છે અને પક્ષના હિત વિરુદ્ધ કામ કર્યું છે તેમની સામે આ કડક કાર્યવાહી કરવામાં આવી છે. પક્ષના આ આકરા નિર્ણયને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ જાગી છે.

પક્ષમાંથી હાંકી કાઢવામાં આવેલા સભ્યોમાં યોગેશ પોકાર, કિરણબેન પોકાર, દશરથસિંહ ખગોરત, ઇકબાલ હાજીઅબ્દુલા મંધરા, આમદ હુશેન સંઘાર અને નલિયાના રમજાન હારુન નોડેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભદ્રુવાંઢના ઈશા આમદ કેર, નવીન અબચુંગ, હાજીઅબ્દુલ હાજીહુશેન સંઘાર, અસલમ લુહાર તેમ જ નલિયાના ઓસમાણ ભચુ નોતિયાર સામે પણ કાર્યવાહી કરાઈ છે. યાદીમાં મોથાળાના જુસબશા ઈસ્માઈલશા સૈયદ, જુમાબેન મહેશ્વરી, કોઠારાના શોકત હુશેન સુમરા અને લોધરા આદમ મુસાના નામનો પણ ઉલ્લેખ છે.

આ કાર્યવાહીથી કૉંગ્રેસ સંગઠને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે પક્ષમાં શિસ્તભંગ અને ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં. ચૂંટણીમાં આંતરિક ખેંચતાણ અને દગાબાજીને કારણે પક્ષને થયેલા નુકસાનને ગંભીરતાથી લઈને આગામી સમયમાં સંગઠનને મજબૂત કરવાના આશયથી આ 'શુદ્ધિકરણ'ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું મનાય છે. ■

# માંડવીની સોની બજારમાં મહિલા તસ્કર ટોળકીનો હાથફેરો: ગ્રાહકના સ્વાંગમાં આવી બે દુકાનોમાંથી રૂ. ૧.૨૦ લાખના ઘરેણાં સેરવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના માંડવી શહેરની મુખ્ય સોની બજારમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલી અજાણી મહિલાઓએ બે જ્વેલર્સની દુકાનમાંથી નજર ચૂકવીને રૂ. ૧.૨૦ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. ધોળા દિવસે હાથચાલાકીથી આચરેલી આ ઉઠાંતરીને પગલે વેપારીઓમાં ચકચાર મચી ગઈ હતી.

માંડવી પોલીસ મથકે બિમલ દિનેશચંદ્ર સોનીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, સોની બજારમાં તેમની 'શ્રી જ્વેલર્સ' નામની દુકાન આવેલી છે. ગત તા. ૨૮/૪ના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યાના અરસામાં કેટલીક અજાણી મહિલાઓ ગ્રાહક બનીને દુકાને આવી હતી. આ મહિલાઓએ દુકાનના કર્મચારીઓની નજર ચૂકવી અત્યંત ચાલાકીથી નાકમાં પહેરવાની સોનાની ૩ રિંગ (કિંમત રૂ. ૧૫,૦૦૦) સેરવી લીધી હતી. આ મહિલા તસ્કરોએ માત્ર એક જ નહીં, પરંતુ બાજુમાં જ આવેલી અન્ય એક વેપારી દિનેશકુમાર લક્ષ્મીદાસની દુકાનને પણ નિશાન બનાવી હતી. ત્યાંથી સોનાની ચૂંકના બે કાર્ડ (કુલ ૧૬ નંગ), સોનાની ૪ રિંગ અને તારવાળી સોનાની બુટ્ટીની જોડી સહિત અંદાજે ૭ ગ્રામ સોનું, જેની કિંમત રૂ. ૧,૦૫,૦૦૦ની ચોરી કરી રફુચક્કર થઈ ગઈ હતી.

બંને દુકાનોમાંથી કુલ રૂ. ૧,૨૦,૦૦૦ના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું જણાતા ગઇકાલે વિધિવત્ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. માંડવી પોલીસે આ મામલે ચોરીનો ગુનો નોંધી, બજારમાં લાગેલા સીસીટીવી ફૂટેજ તપાસવાની તજવીજ હાથ ધરી છે. ■

## કંડલા પોર્ટને 'ગ્રીન હબ' બનાવવા આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે કરાર

# કાર્બન ઉત્સર્જન ઘટાડવા સંશોધન હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કેન્દ્ર સરકારના હરિત ઊર્જા પ્રોત્સાહન અભિયાન હેઠળ દીનદયાલ પોર્ટ (કંડલા)ને ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે વિકસાવવાની દિશામાં વધુ એક મહત્ત્વનું ડગલું ભરવામાં આવ્યું છે. સમુદ્રી વ્યાપારમાં કાર્બન ઉત્સર્જન અને વાયુ પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે દીનદયાલ પોર્ટ ઑથોરિટી અને 'ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન કલીન ટ્રાન્સપોર્ટેશન ઈન્ડિયા' આઇસીસીટી વચ્ચે એક વિશેષ સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો.

આઇસીસીટી એક સ્વતંત્ર અને બિનલાભકારી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે પરિવહન ક્ષેત્રે પર્યાવરણીય સુધારા અને ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે વૈશ્વિક સ્તરે કાર્યરત છે. આ કરાર અંતર્ગત સંસ્થા દ્વારા કંડલા બંદર ખાતે જહાજોની અવરજવર, સ્વચ્છ ઈંધણનો ઉપયોગ, પોર્ટ લોજિસ્ટિક્સ અને બંદરના સંસાધનોના સંચાલન અંગે ગહન સંશોધન કરવામાં આવશે, જેનો મુખ્ય હેતુ જાહેર આરોગ્યની સુરક્ષા અને આબોહવા પરિવર્તનની અસરોને મર્યાદિત કરવાનો છે.

દીનદયાલ પોર્ટ દ્વારા હરિત ઊર્જા ક્ષેત્રે લેવામાં આવેલી આ નોંધપાત્ર કામગીરીથી ભારતના સમુદ્રી ક્ષેત્રને 'લો-કાર્બન મેરિટાઈમ ફ્યુચર' તરફ લઈ જવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટ દ્વારા બંદર પર અત્યાધુનિક સંસાધનો અને કાર્યક્ષમ વ્યૂહરચના અમલી બનાવીને પર્યાવરણને અનુકૂળ કામગીરી સુનિશ્ચિત કરવામાં આવશે.આ કાર્યવાહીને ભારતના સમુદ્રી વ્યાપાર ક્ષેત્રમાં પર્યાવરણ જાળવણી માટેનું એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. ■

# પાલિતાણા એસટી ડેપો ખાતે ગુજરાત સ્થાપના દિન અને શ્રમિક દિવસની પ્રેરણાદાયી ઉજવણી કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: પાલિતાણા એસટી સ્ટેન્ડ ખાતે ૧લી મે એટલે કે ગુજરાતનો ૬૬મો સ્થાપના દિવસ અને આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. એસટી વિભાગ દ્વારા મુસાફરો અને સફાઈ કર્મચારીઓનું સન્માન કરી સામાજિક સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન પાલિતાણા ડેપો મેનેજર સહિતના સ્ટાફ દ્વારા મુસાફરોનું પુષ્પગુચ્છ આપી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં મુસાફરોને રાહત મળે તે હેતુથી ડેપો પર ઠંડી છાશના વિતરણની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસ નિમિત્તે ડેપોના એ તમામ સફાઈ કર્મચારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, જેઓ દિવસ-રાત મહેનત કરીને એસટી બસો અને ડેપો પરિસરને સ્વચ્છ રાખે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શ્રમિકોના પરસેવાથી જ સંસ્થાઓ ગતિશીલ રહે છે અને ગુજરાત ગૌરવ દિવસ નિમિત્તે અમે મુસાફરોને આવકાર્યા છે અને ડેપોને નંદનવન બનાવતા અમારા સફાઈ કર્મીઓનું ઋણ સ્વીકાર્યું છે અને માત્ર કર્મચારીઓ જ નહીં, પરંતુ જે મુસાફરો બસમાં મુસાફરી દરમિયાન સ્વચ્છતા જાળવવામાં સહકાર આપે છે તેમને પણ ડેપો વહીવટી તંત્ર દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં એસટી કર્મચારીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાત સ્થાપના દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. ■

# કચ્છના શિયાળબારી ટાપુ પરથી ચરસના વધુ ૧૦ બિનવારસી માદક પદાર્થના પેકેટ મળી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વર્ષાઋતુના આગમન પૂર્વે સમુદ્રમાં સર્જાતા કરંટને કારણે સામેપારથી તણાઈને આવતા કેફી દ્રવ્યોનો સિલસિલો કચ્છના દરિયાકાંઠે સતત બીજા દિવસે યથાવત્ રહ્યો હતો. અબડાસા નજીકના દુર્ગમ શિયાળબારી ટાપુ પરથી જખૌ મરીન પોલીસને પેટ્રોલિંગ દરમિયાન વોટરપ્રૂફ પ્લાસ્ટિકમાં પેક કરેલા ચરસના વધુ ૧૦ બિનવારસી પેકેટ મળી આવ્યા હતા. જખૌ મરીન પોલીસના ઇન્ચાર્જ પી.આઈ. વી.એમ. ઝાલાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ સુરક્ષા એજન્સીઓના પેટ્રોલિંગથી બચવા માટે ઘણીવાર નશીલા પદાર્થોનો જથ્થો દરિયામાં ફેંકી દેતા હોય છે. ચોમાસું નજીક હોવાથી દરિયામાં ઊછળતા ઊંચા મોજા અને ભરતી-ઓટના કારણે આ જથ્થો કચ્છના કાંઠે તણાઈ આવે છે. ગતરોજ ૧૦ પેકેટ મળ્યા બાદ આજે ફરી શિયાળબારી ટાપુ પરથી ૧૦ પડીકાં મળી આવતા પોલીસે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ગુજરાતના દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરી અંગે એન્ટી ટેરરિઝમ સ્ક્વૉડના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અગાઉ સાદા પ્લાસ્ટિકમાં આવતો આ જથ્થો હવે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડની 'પ્રીમિયમ કૉફી'ના પેકિંગમાં મોકલવામાં આવી રહ્યો છે. આ રણનીતિ પાછળનું મુખ્ય કારણ તપાસ એજન્સીઓની નજર ચૂકવવાનું છે. મોટા શહેરોમાં લોકપ્રિય એવી આ વિદેશી કૉફીનું એક પેકેટ અંદાજે રૂ. ૧૦,૦૦૦ની કિંમતનું હોવાથી, તપાસ દરમિયાન અધિકારીઓ મોંઘી બ્રાન્ડનું સીલ તોડતા અચકાતા હોય છે, જેનો લાભ ડ્રગ પેડલરો ઉઠાવે છે. કચ્છના ક્રીક વિસ્તારમાંથી છેલ્લા સાત વર્ષમાં સરેરાશ દર અઠવાડિયે એક ચરસનું પેકેટ પકડાય છે. આ ઉચ્ચ ગુણવત્તાનું શુદ્ધ ચરસ મુખ્યત્વે મુંબઈ, દિલ્હી, બેંગ્લોર અને કોલકાતા જેવા મેટ્રો શહેરોમાં મોકલવા માટે ગુજરાતના સમુદ્રકાંઠાનો 'ટ્રાન્ઝિટ પોઈન્ટ' તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પોલીસ દ્વારા સ્થાનિક માછીમારોને પણ કોઈ પણ શંકાસ્પદ ગતિવિધિ અંગે તુરંત જાણ કરવા તાકીદ કરવામાં આવી હતી. ■

## રશિયામાં કલરકામ માટે જવાની લાલચ પડી ભારે

# માધાપરના શ્રમિકો સાથે રાજસ્થાનના એજન્ટ દ્વારા રૂ. ૪.૫૦ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વિદેશ જવાની ઘેલછામાં શ્રમિકો ઠગાઈનો ભોગ બન્યા હોવાનો વધુ એક કિસ્સો ભુજના માધાપર ગામે પ્રકાશમાં આવ્યો હતો. કલરકામ માટે રશિયા મોકલવાના બહાને રાજસ્થાનના એક એજન્ટે માધાપરના શ્રમિકો પાસેથી રૂ. ૪.૫૦ લાખ પડાવી લઈ નકલી વિઝા અને ટિકિટ પધરાવી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ માધાપર પોલીસ મથકે નોંધાઈ હતી.

માધાપરના બિપિન ભટ્ટ નગરમાં રહેનારા અને કલરકામ કરતા જિતેન્દ્ર હવાસિંહ રાઠીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, બે વર્ષ પૂર્વે તેમના મિત્ર વીરેન્દ્ર મારફતે રાજસ્થાનના ઝુંઝુનુના રહેવાસી એજન્ટ વિકાસ ખેદર (ચૌધરી) સાથે સંપર્ક થયો હતો. એજન્ટ વિકાસે શ્રમિકોને રશિયામાં કલરકામના કામ અર્થે વિઝા કરાવી આપવાની ખાતરી આપી હતી. આ પ્રલોભનમાં આવીને ફરિયાદી અને અન્ય સાહેદોએ વિઝા પ્રક્રિયા માટે જરૂરી દસ્તાવેજો તેમજ અલગ-અલગ તારીખે કટકે-કટકે કુલ રૂ. ૪,૫૦,૦૦૦ એજન્ટને ચૂકવ્યા હતા.

નાણાં મેળવ્યા બાદ આરોપી વિકાસે વોટ્સએપ પર ફ્લાઇટની ટિકિટ અને ઇ-વિઝા મોકલી આપ્યા હતા. જોકે, શ્રમિકોએ જ્યારે આ દસ્તાવેજોની ખરાઈ કરી ત્યારે ટિકિટ અને વિઝા બંને બોગસ હોવાનું બહાર આવ્યું હતું. છેતરપિંડી થઈ હોવાનું જણાતા શ્રમિકોએ પોતાના નાણાં પરત માગ્યા હતા, પરંતુ આરોપીએ ઉડાઉ જવાબો આપી બાદમાં પોતાનો ફોન બંધ કરી દીધો હતો.

માધાપર પોલીસે આ મામલે એજન્ટ વિકાસ ખેદર વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# રાપરના અમરાપરમાં તળાવમાં નહાવા પડેલા ૧૫ વર્ષીય કિશોરનું ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના અમરાપર ગામે તળાવમાં નહાવા ગયેલા એક કિશોરનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. ઉનાળાની આકરી ગરમીમાં ઠંડક મેળવવા તળાવમાં ઉતરેલો ૧૫ વર્ષીય બાળક કાળનો કોળિયો બની જતાં પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, પલાસવા ગામ નજીક અમરાપર પાસે આ કરુણ ઘટના બની હતી. ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે ૧૫ વર્ષીય કિશોર હરિ દજા કોળી તળાવમાં નહાવા પડ્યો હતો. જોકે, પાણીના ઊંડાણમાં ગરકાવ થઈ જતાં તે બહાર નીકળી શક્યો ન હતો અને તેનું ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું. બનાવની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ભચાઉ નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગના જવાનો વોટર કેમેરા સહિતના આધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તળાવના ઊંડા પાણીમાં આશરે ત્રણ કલાક સુધી ચાલેલી શોધખોળ બાદ અંતે કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. માત્ર ૧૫ વર્ષની નાની વયે હરિ કોળીનું આકસ્મિક મોત થતાં અમરાપર અને પલાસવા ગામમાં માતમ છવાયો છે. ઉનાળા દરમિયાન કેનાલ કે તળાવમાં નહાવા જતી વખતે સાવચેતી રાખવા વહીવટી તંત્ર દ્વારા વારંવાર અપીલ કરવામાં આવે છે, તેમ છતાં આવી દુર્ઘટનાઓ જીવલેણ સાબિત થતી હોય છે. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

## ભાવનગરમાં અંગ દજાડતી ગરમી

# ૪૨.૫ ડિગ્રી ગરમી અને બપોરે ૪૨ કિ.મી.ની ઝડપે ગરમ પવન ફૂંકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં કાળજાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. મહત્તમ તાપમાન બે ડિગ્રી વધીને ૪૨.૫ ડિગ્રી એ પહોંચતા લોકો પરસેવે નાહ્યા હતા. બપોરે પંખામાંથી ગરમ હવા ફેંકાતી હતી અને રસ્તાઓ સૂમસામ ભાસતા હતા. બપોરે ગરમ લુ ફેંકાતા રાહદારીઓ અને વાહન ચાલકો ભારે હેરાન થયા હતા. મોડી સાંજ સુધી ગરમ પવન ફૂંકાયો હતો. ગરમીથી લોકો તોબા પોકારી ગયા હતા. ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન બે ડિગ્રી વધીને ૪૨.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૯ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૪૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■